દૈનિક મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 119 ■ વિક્રમ સંવત ૨૦૮૨
અધિક જયેષ્ઠ સુદ - ૫ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 21 May 2026, Thursday ■ REGD.No. MCS/058/2024-26
ગુરુવાર, ૨૧ મે ૨૦૨૬, (૧૦ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦


લાડકી પૂર્તિ ૫ ૬ ૭

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# દેશભરમાં દવાના દુકાનદારોનો સજ્જડ બંધ




નવી દિલ્હીઃ ઓલ ઈન્ડિયા ઓર્ગેનાઈઝેશન ઓફ કેમિસ્ટ્સ એન્ડ ડ્રગિસ્ટ્સે ઓનલાઈન દવાઓના અનિયંત્રિત વેચાણ, કોર્પોરેટ ચેઈન ફાર્મસીઓ દ્વારા આપવામાં આવતા વધુ પડતા ડિસ્કાઉન્ટ અને નાર્કોટિક દવાઓના દુરુપયોગના વિરોધમાં દેશવ્યાપી હડતાળ પાડી હતી. અમદાવાદ, લખનઊ અને દિલ્હી સહિતનાં દેશભરનાં અનેક શહેરોમાં મેડિકલ સ્ટોર્સ બંધ રહ્યા હતા. જોકે હૉસ્પિટલો પાસે આવશ્યક દવાઓ ઉપલબ્ધ રહી હતી. ગુજરાતમાં અમદાવાદમાં ૩,૦૦૦ મેડિકલ સ્ટોર સહિત રાજ્યભરમાં ૩૫,૦૦૦ મેડિકલ સ્ટોર્સ હડતાળના સમર્થનમાં બંધ રહ્યા હતા.

આ દેશવ્યાપી હડતાળમાં લખનઊમાં મેડિકલ સ્ટોર્સ, મેડિકલ એસોસિએશન અને ફાર્મા એસોસિએશનના આહવાનને પ્રતિસાદ મળ્યો હતો અને મેડિકલ સ્ટોર્સ સંપૂર્ણપણે બંધ રહ્યા હતા. ચંડીગઢમાં દવાની આશરે ૧,૦૦૦ દુકાનો છે, પરંતુ હડતાળને કારણે ફક્ત બાવન ખુલ્લી રહી હતી. રાજધાની દિલ્હીમાં

(જુઓ પાનું ૨) ▶▶

## ગુજરાતમાં મેડિકલ સ્ટોર્સનો જડબેસલાક બંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઓનલાઇન પ્લેટફોર્મ્સ મારફતે થઇ રહેલા દવાઓના ગેરકાયદેસર અને પ્રિસ્ક્રિપ્શન વગરના વેચાણ સામે ગુજરાત સહિત દેશભરના કેમિસ્ટોએ એક દિવસનો સજ્જડ બંધ પાડ્યો હતો. ઓલ ઇન્ડિયા કેમિસ્ટ એસોસિએશનના આહ્‌વાન પર ગુજરાતના ૩૫ હજારથી વધુ મેડિકલ સ્ટોર સંચાલકો એક દિવસની હડતાળ પર ઉતર્યા હતા. ગુજરાતના અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા, જામનગર, સુરેન્દ્રનગર અને પાટનગર ગાંધીનગર સહિતનાં શહેરોમાં પણ મેડિકલ સ્ટોર સંચાલકોએ એક દિવસનો બંધ પાળી વિરોધ

(જુઓ પાનું ૨) ▶▶




## ભારત-ઇટલી શિપિંગ, સંરક્ષણ સહિત વિવિધ ક્ષેત્રે સહકાર વધારશે

રોમઃ ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે ઇટલીના વડા પ્રધાન જ્યોર્જિયા મેલોની વચ્ચે દ્વિપક્ષીય વાતચીત થઈ હતી. ઇટલીના વડા પ્રધાન જ્યોર્જિયા મેલોની સાથે સંયુક્ત પ્રેસ કોન્ફરન્સમાં વડા પ્રધાન મોદીએ કહ્યું કે ''મારા અને મારા પ્રતિનિધિમંડળના ભવ્ય સ્વાગત માટે હું પીએમ મેલોનીનો આભાર માનું છું.'' તેમણે કહ્યું કે ''આપણા સંરક્ષણ ઔદ્યોગિક રોડમેપે સહ-વિકાસ અને સહ-ઉત્પાદનનો માર્ગ મોકળો કર્યો છે. દરિયાઈ શક્તિઓ તરીકે ભારત અને ઇટલી વચ્ચે કનેક્ટિવિટીના ક્ષેત્રમાં ગાઢ સહયોગ સ્વાભાવિક છે. અમે શિપિંગ, સંરક્ષણના આધુનિકીકરણ,

(જુઓ પાનું ૨) ▶▶

### મોદીએ મેલોનીને ગિફ્ટ કરી 'મેલોડી' ચોકલેટ

રોમઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ઇટલીના વડા પ્રધાન જ્યોર્જિયા મેલોનીને મેલોડી ચોકલેટ ભેટમાં આપી હતી. ઇટલીના વડા પ્રધાન મેલોનીએ તેમના સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ પર મોદી સાથેનો એક વીડિયો શેર કર્યો હતો. વડા પ્રધાન મોદીનું ઈટલીના રોમમાં ઉષ્માભર્યું સ્વાગત થયું હતું. આ વીડિયો સોશ્યલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે, જેના પર વિવિધ પ્રતિક્રિયાઓ આવી રહી છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ઇટલીના

(જુઓ પાનું ૨) ▶▶

## ઈરાન સામે આગામી બે-ચાર દિવસમાં મોટી કાર્યવાહી કરીશુંઃ ટ્રમ્પ

વૉશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે હવે હુમલા માટે નવી સંભવિત તારીખોની જાહેરાત કરી છે. મંગળવારે પત્રકારો સાથે વાત કરતા ટ્રમ્પે કહ્યું કે તેઓ ઈરાન સામે આગામી બે-ચાર દિવસમાં મોટી લશ્કરી કાર્યવાહી ફરી શરૂ કરી શકે છે.

બ્લૂમબર્ગના અહેવાલ મુજબ, ટ્રમ્પે પત્રકારોને કહ્યું કે, મને આશા છે કે આપણે યુદ્ધમાં ન જવું પડે, પરંતુ તેમને બીજો મોટો ફટકો સહન કરવો પડી શકે છે.

જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે તેઓ કેટલો સમય રાહ જોશે, ત્યારે ટ્રમ્પે કહ્યું હતું કે, મને લાગે છે કે બે કે ત્રણ દિવસ, કદાચ શુક્રવાર, શનિવાર, રવિવાર, આવતા અઠવાડિયાની શરૂઆતમાં કંઈક થઈ શકે છે. તે મર્યાદિત સમય માટે હશે.

ટ્રમ્પના નિવેદનથી ઈરાન સાથે નવેસરથી યુદ્ધ શરૂ થવાનો ભય ઊભો થયો છે. ફેબ્રુઆરીના અંતમાં

(જુઓ પાનું ૨) ▶▶

## ભારતે સ્વદેશી રોકેટ 'સૂર્યાસ્ત્ર'નું સફળ પરીક્ષણ કર્યું

ચાંદીપુરઃ ભારતે બુધવારે ઓડિશાના ચાંદીપુર ટેસ્ટ રેન્જ ખાતે સ્વદેશી સૂર્યાસ્ત્ર રોકેટનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું હતું.

ભારતે આ સાથે સંરક્ષણ ક્ષેત્રમાં વધુ એક મોટી સિદ્ધિ હાંસલ કરી છે. ભારતે તેના અત્યંત સચોટ 'સૂર્યાસ્ત્ર' રોકેટનું બુધવારે ઓડિશાના ચાંદીપુર ઇન્ટિગ્રેટેડ ટેસ્ટ રેન્જ (આઈ.ટી.આર.) ખાતે સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું હતું. આ સ્વદેશી રોકેટ સિસ્ટમ, સૂર્યાસ્ત્ર, એક ખાનગી સંરક્ષણ કંપની, એનએબી લિમિટેડ દ્વારા વિકસાવવામાં આવી છે.

રોકેટની સૌથી નોંધપાત્ર તાકાત તેની સટિક ચોકસાઈ છે. તે ચોક્કસ ચોકસાઈ સાથે દુશ્મનના બંકરો, કમાન્ડ સેન્ટરો અને લશ્કરી સ્થાપનોને સંપૂર્ણપણે નાશ

(જુઓ પાનું ૨) ▶▶

## ગુજરાત સહિત અનેક રાજ્યમાં સાયબર ફ્રોડઃ ૮૯ પકડાયા

નવી દિલ્હીઃ દિલ્હી પોલીસે ગુજરાત, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ સહિતના રાજ્યમાંના સાયબર ફ્રોડના સંબંધમાં કુલ ૮૯ની ધરપકડ કરી હતી.

દિલ્હી પોલીસે સાયબર ફ્રોડને લગતા મહત્ત્વના ૩૪ કેસને મામલે એપ્રિલમાં એક મહિનો ચલાવેલી ઝુંબેશ દરમિયાન ઝારખંડ, પંજાબ, હરિયાણા, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, ગુજરાત અને દિલ્હી સહિતના રાજ્યમાં દરોડા પાડી ઈન્ટરસ્ટેટ ફ્રોડ સિન્ડિકેટનો પર્દાફાશ કરી ૮૯ જણની ધરપકડ કરી હતી.

આ સિન્ડિકેટ ડિજિટલ અરેસ્ટ સ્કેમ, ઈન્વેસ્ટમેન્ટ ફ્રોડ, એપીકે ફાઈલ કૌભાંડ, ફેક ડેટિંગ મેમ્બરશિપ ફ્રોડ અને બનાવટી અકાઉન્ટમાં રૂપિયાની લેવડદેવડમાં સંડોવાયેલી હોવાનું તેમણે કહ્યું હતું. આ કાર્યવાહી દરમિયાન અંદાજે રૂ. ૪૦ કરોડના ટ્રાન્ઝેક્શનના નેટવર્કનો પર્દાફાશ કરવામાં

(જુઓ પાનું ૨) ▶▶






## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ઈ-ફાર્મસી સામે હડતાળ, દુકાનદારોનું દુઃખે છે પેટ ને ફૂટે છે માથું

**ભારતમાં** દવાઓના ઓનલાઈન વેચાણ મુદ્દે લાંબા સમયથી કકળાટ ચાલી રહ્યો છે અને દવાઓની દુકાનોનું બનેલું એસોસિએશન ઑલ ઇન્ડિયા ઑર્ગેનાઇઝેશન ઑફ કેમિસ્ટ્સ ઍન્ડ ડ્રગિસ્ટ્સ' (એઆઈઓસીડી) ઓનલાઇન દવાઓના વેચાણ એટલે કે ઈ-ફાર્મસી પર પ્રતિબંધની માગ કરી રહ્યો છે. આ માગના સમર્થનમાં બુધવારે ઑલ ઇન્ડિયા ઑર્ગેનાઇઝેશન ઑફ કેમિસ્ટ્સ ઍન્ડ ડ્રગિસ્ટ્સ (એઆઈઓસીડી) દ્વારા ૨૪ કલાકની દેશવ્યાપી હડતાલ પાડવામાં આવી.

દેશભરમાં લગભગ ૧૫ લાખ દુકાનદારો આ હડતાળમાં જોડાયા તેથી સામાન્ય લોકો પરેશાન થઈ ગયા. ગુજરાત સહિતનાં રાજ્યોમાં તો હડતાળ જડબેસલાક રહી તેથી લોકો વધારે પરેશાન થઈ ગઈ. એક સમયે હડતાળનું શસ્ત્ર ન્યાયી અને વાજબી માગણી માટે વાપરવામાં આવતું. હવે સાવ ગેરવાજબી અને હાસ્યાસ્પદ માગણી માટે હડતાળનું હથિયાર ઉગામવામાં કોઈને છોછ નથી તેનો નાદાર નમૂનો આ હડતાળ દરમિયાન જોવા મળ્યો.

હડતાલ દરમિયાન દર્દીઓને જીવનરક્ષક દવાઓ સરળતાથી મળી રહે તે માટે એસોસિએશને ખાસ વ્યવસ્થા ગોઠવી હોવાથી ઘણાં સ્ટોર ખુલ્લા રખાયેલા. મોટી હૉસ્પિટલો કે દવાખાના ના હોય એવા ગ્રામ્ય વિસ્તારોમાં દર્દીઓની સુવિધા માટે ગામ દીઠ ઓછામાં ઓછી એક દવાની દુકાન ખુલ્લી રખાયેલી. સરકારી તંત્રે પણ થોડીક ગોઠવણો કરેલી. કેટલાંક રાજ્યોમાં ડ્રગ્સ કંટ્રોલ એડમિનિસ્ટ્રેશને જનતા માટે એડવાઇઝરી અને ટોલ-ફ્રી નંબર જાહેર કર્યા હતા તથા કોર્પોરેટ સ્ટોર્સને ફરજિયાત ખુલ્લા રહેવા આદેશ આપ્યા હતા.

દેશભરમાં તમામ 'પ્રધાનમંત્રી જનઔષધિ કેન્દ્રો' પર પણ દવાઓનું વેચાણ રાબેતા મુજબ ચાલુ રખાયેલું તેથી સાવ અંધાધૂંધી ના થઈ પણ લોકોને તકલીફો તો પડી જ છે. કોઈ પણ સ્ટોર પર મળે એવી દવાઓ લેવા માટે પણ લોકોએ ક્યાં ક્યાં ધક્કા ખાવા પડ્યા ને છતાં દવાઓ ના મળી હોય એવી ઘટનાઓ બની જ છે. કાળઝાળ ગરમીમાં લોકોએ રખડવું પડ્યું ને પેટ્રોલની કરકસરની જરૂર છે ત્યારે પેટ્રોલ બાળું પડ્યું તેના કારણે ખિસ્સાં ખાલી પણ થયાં.

દવાઓની દુકાનોવાળાઓનું કહેવું છે કે, ઓનલાઈન દવાઓનું બેફામ વેચાણ થઈ રહ્યું છે અને ઈ-ફાર્મસી ભારે ડિસ્કાઉન્ટ આપી રહી છે તેના કારણે મેડિકલ સ્ટોરના ધંધાને ફટકો પડ્યો જ છે પણ મોટો ખતરો નકલી દવાઓનો છે. ઓનલાઇન ફાર્મસીઓ દ્વારા નકલી દવાઓનું વેચાણ વધી રહ્યું છે તેના કારણે દર્દીઓની સુરક્ષા સામે મોટો ખતરો ઊભો થયો છે. આ ખતરાને રોકવા માટે ઓનલાઈન દવાઓના વેચાણ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકી દેવો જોઈએ.

મેડિકલ સ્ટોર એસોસિએશને ત્રણ માગણીઓ મૂકી છે ને તેનો સૂર એ જ છે કે, ભારતમાં ધોળે ધરમેય ઓનલાઈન દવાઓનું વેચાણ ના થવું જોઈએ. આ પૈકી પહેલી માગણી આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા ડ્રગ્સ અને કોસ્મેટિક્સ નિયમો, ૧૯૪૫માં સુધારો કરવા માટે ૨૦૧૮માં બહાર પડાયેલું ડ્રાફ્ટ નોટિફિકેશન જીએસઆર ૨૧૭ રદ કરવાની છે. આ નોટિફિકશનમાં ઈ-ફાર્મસીઓના નિયમન માટેનું માળખું બનાવવાની દરખાસ્ત છે. ઈ-ફાર્મસીનું રજિસ્ટ્રેશન, પ્રિસ્ક્રિપ્શન ચકાસણી, ફરિયાદ વગેરે મુદ્દાને તેમાં આવરી લેવાયા છે પણ મેડિકલ સ્ટોર્સના વિરોધને કારણે તેને લગતો કાયદો બન્યો નથી. સામે મોદી સરકારે આ નોટિફિકેશન રદ પણ કર્યું નથી તેથી ઈ-ફાર્મસી બિઝનેસ ધમધોકાર ચાલે છે.

આ સિવાય કોરોના દરમિયાન દવાઓની ઓનલાઈન ખરીદી અને હોમ ડીલીવરીને લગતાં બે નોટિફિકેશન રદ કરવાની પણ માગ છે. ત્રીજી માગ એ છે કે, ઓનલાઇન કંપનીઓ દ્વારા ગ્રાહકોને અપાતા બેફામ ડિસ્કાઉન્ટ પર પ્રતિબંધ મુકાય અથવા ડ્રગ પ્રાઇસ કંટ્રોલ ઑર્ડર (ડીપીસીઓ)માં સુધારો કરીને સ્થાનિક રિટેલ દુકાનદારોનું માર્જિન વધારવામાં આવે કે જેથી તેઓ બજારની હરીફાઈમાં ટકી શકે.

એસોસિએશનો લાંબા સમયથી આ માગણીઓ કરે છે પણ નરેન્દ્ર મોદી સરકાર તેમને કાને નથી ધરતી કેમ કે આ માગણીઓ વાજબી નથી. દુકાનદારોનાં એસોસિએશનોએ સૌથી પહેલાં તો એ વિચારવાની જરૂર છે કે, લોકો મેડિકલ સ્ટોરના બદલે ઓનલાઈન દવાઓની ખરીદી તરફ કેમ વળી રહ્યા છે? કારણ બિલકુલ સ્પષ્ટ છે. લોકોને સ્ટોરમાં જ મળતી દવાઓ ઓનલાઈન સસ્તા ભાવે મળી રહી છે તેથી લોકો સ્ટોરને બદલે ઓનલાઈન ખરીદી કરી રહ્યા છે.

જે દવા સ્ટોરમાં મેક્સિમમ રીટેઈલ પ્રાઈસ (એમઆરપી) કરતાં એક પૈસા ઓછામાં નથી મળતી એ જ દવા ઓનલાઈન પંદર-વીસ ટકા ઓછા ભાવે મળતી હોય તો લોકો દુકાનદારોને વધારે પૈસા આપીને તેમની પાસેથી જ દવા ખરીદે એવા મૂરખ થોડા છે? લોકો પોતાનો ફાયદો જુએ કે નહીં? આ દવાઓ ગેરકાયદેસર નથી પણ સરકારે માન્યતા આપેલી ઈ-ફાર્મસી દ્વારા વેચાય છે તેથી તેની વિશ્વસનિયતા સામે પણ કોઈ શંકા નથી. ઓનલાઈન દવાઓની ખરીદી કરનારાંને સમસ્યાઓની ફરિયાદો પણ બહુ નથી તેથી લોકો માટે ઈ-ફાર્મસી સારા વિકલ્પ બની ગયો છે.

દવાના દુકાનદારોની હાલત દુઃખે છે પેટ ને ફૂટે છે માથું જેવી છે. એ લોકોએ વરસો લગી લોકોને લૂંટ્યા જ છે અને કદી ગ્રાહકોને એક પૈસાનો ફાયદો આપ્યો નથી. હવે હરીફાઈ તીવ્ર બની તેનો ફાયદો ગ્રાહકોને મળી રહ્યો છે એ તેમનાથી સહન થતું નથી. મેક્સિમમ રીટેઈલ પ્રાઈસ (એમઆરપી)નો અર્થ મહત્તમ કિંમત થાય છે પણ દુકાનદારોએ તેને જ ભાવ બનાવી દીધો છે. આ ભાવથી ઓછા ભાવે પણ દવા આપી શકાય પણ ઈ-ફાર્મસી નહોતી ત્યારે કોઈ દુકાનદાર એમઆરપીથી ઓછા ભાવે દવાઓ વેચતો હોવાનું સાંભળ્યું નથી. હવે રેલો આવ્યો છે ત્યારે મેડિકલ સ્ટોર પણ ઓછામાં ઓછું ૧૫ ટકા ડિસ્કાઉન્ટ ને ૨૦ ટકા ડિસ્કાઉન્ટ એવી સ્કીમો લાવ્યા છે. તેનો અર્થ એ થયો કે, ૨૦ ટકા જેટલું ડિસ્કાઉન્ટ આપ્યા પછી પણ તેમને નફો તો મળે જ છે ને અત્યાર લગી ગ્રાહકોને કોઈ ફાયદો નહીં કરાવીને તેમણે આખો લાડવો જ ખાધો છે.

દવાના દુકાનદારો એક બીજી ગરબડમાં પણ સામેલ છે. ડોક્ટરો ફાર્મા કંપનીઓની ગિફ્ટ વગેરેની લાલચમાં ચોક્કસ દવાઓ જ લખે ને મેડિકલ સ્ટોરવાળા એ જ દવાઓ રાખીને ગ્રાહકોની લૂંટમાં ભાગીદાર બને એ ગોરખધંધો વરસો લગી ચાલ્યો. નરેન્દ્ર મોદી સરકારે પુણ્યનું કામ કરીને 'પ્રધાનમંત્રી જનઔષધિ કેન્દ્રો' શરૂ કરાવ્યાં અને લોકોને સાવ સસ્તા ભાવે દવા મળે એવી ગોઠવણ કરી પછી આ ગંદા ધંધા પર થોડીઘણી બ્રેક વાગી છે પણ સાવ બંધ નથી થયો.

ઈ-ફાર્મસી નકલી દવાઓનું વેચાણ કરીને દર્દીઓના જીવ સામે જોખમ ઊભું કરે છે એ દલીલ પણ આધારભૂત નથી. કેટલાક કિસ્સામાં એવું બન્યું હશે પણ એમ તો મેડિકલ સ્ટોરવાળા પણ ક્યાં દૂધે ધોયેલા છે? મેડિકલ સ્ટોર્સ પર નકલી કે એક્સપાયરી ડેટવાળી દવાઓ નથી વેચાતી? સંખ્યાબંધ એવા કિસ્સા બને છે ને ઘણા સ્ટોરવાળાનાં લાઇસંસ પણ રદ થયાં છે એ જોતાં માત્ર ઈ-ફાર્મસીને કઠેડામાં ઊભી ના કરી શકાય.

ભારતમાં લોકો કોઈ પણ વસ્તુની ખરીદી માટે વધુ ને વધુ પ્રમાણમાં ઓનલાઈન પ્લેટફોર્મ્સ તરફ વળી રહ્યા છે કેમ કે તેમાં આર્થિક ફાયદો છે. દુકાનદારો પણ લોકોને ફાયદો કરાવતા થશે તો લોકો તેના તરફ નહીં વળે એટલી સાદી વાત દુકાનદારોને સમજાતી નથી કે સમજવી નથી તેની બધી મોંકાણ છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર ગ્રીષ્મ ઋતુ, ગુરુવાર, તા. ૨૧-૫-૨૦૨૬, ગુરુપુષ્યામૃત સિદ્ધિ યોગ

- ભારતીય દિનાંક ૩૧, માહે વૈશાખ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, અધિક જયેષ્ઠ સુદ-૫
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે અધિક જયેષ્ઠ, તિથિ સુદ-૫
- પારસી શહેનશાહી રોજ ૧૦મો આવા, માહે ૧૦મો દએ, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૧૦મો આવા, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨જો બેહમન, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૪થો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૫મો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૭
- નક્ષત્ર પુષ્ય મધ્યરાત્રિ પછી ક. ૨૬-૪૮ સુધી (તા. ૨૨), પછી આશ્લેષા
- ચંદ્ર કર્કમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કર્ક (ડ, હ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૪, અમદાવાદ ક. ૦૫ મિ. ૫૮, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૦૫, અમદાવાદ ક. ૧૯ મિ. ૧૪, સ્ટા. ટા.
- -: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતીઃ બપોરે ક. ૧૫-૩૮, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૩૪ (તા. ૨૨)
- ઓટઃ સવારે ક. ૦૮-૪૭, રાત્રે ક. ૨૨-૧૧
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ'નામ સંવત્સર, અધિક જયેષ્ઠ શુક્લ – પંચમી. ગુરુપુષ્યામૃત સિદ્ધિ યોગ સૂર્યોદયથી મધ્યરાત્રિ પછી ક. ૨૬-૪૮ (તા. ૨૨)
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ ગુરુ-શનિ ગ્રહ દેવતાનું પૂજન, પીપળાનું પૂજન, પરદેશનું પસ્તાનું, સર્વશાંતિ શાંતિ પૌષ્ટિક પૂજા, નવા વસ્રો, વાસણ, યંત્ર, દસ્તાવેજ, બી વાવવું, ખેતીવાડી, ધાન્ય ભરવું, પશુ લે-વેંચ, નૌકા બાંધવી, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી યંત્ર પૂજા, કનકધારા સ્તોત્ર, પુરુસુક્ત, સ્વ. બ્રહ્મલીન હરિહર પંડિત મહેસાણાવાળા રચિત રિદ્ધિ સિદ્ધિદાયક શ્રી ગણેશ યંત્ર, પૂજા, પ્રતિષ્ઠા, અભિષેક.
- પુરુષોત્તમ માસ મહિમાઃ ભગવાનની ભક્તિ આ પવિત્ર માસમાં મંત્રજાપનું પણ મહત્ત્વ ઘણું છે. રુદ્રાક્ષની માળાથી મંત્રજાપ કરવાથી અનંતગણું ફળ મળે છે. આંગળીના વેઢા પરથી જપ કરવાથી એકંદરે શુભ ફળ મળે છે. સ્ફટિક માળાથી જાપ ૧૦ હજાર ગણું ફળ મળે છે. જપ વખતે શુદ્ધ આસન, શાંત શુદ્ધ, સ્વસ્થ મન, સ્વસ્થ શરીર, સ્વચ્છ હવા, અવાજના પ્રદૂષણ વગરનું વાતાવરણ જરૂરી છે.'અધિકસ્ય અધિકં ફલમ્' આ માસમાં કરેલી સામાન્ય પૂજા, ભક્તિ કે મંત્રજાપનું ફળ અન્ય મહિનાઓ કરતાં અનેક ગણું વધારે (અધિક) મળે છે.
- આચમનઃ ચંદ્ર-મંગળ ચતુષ્કોણ પૈસાની બાબતમાં સાવચેત રહેવું જરૂરી, ચંદ્ર-નેપ્ચૂન ત્રિકોણ માનસિક શક્તિ ધરાવનાર.

ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-મંગળ ચતુષ્કોણ, ચંદ્ર-નેપ્ચૂન ત્રિકોણ

- ગ્રહગોચરઃ સૂર્ય-વૃષભ, મંગળ-મેષ, માર્ગી બુધ-વૃષભ, માર્ગી ગુરુ-મિથુન, શુક્ર-મિથુન, માર્ગી શનિ-મીન રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

## મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# જુમ્માઃ મુસ્લિમ મોહલ્લાઓનું સમગ્ર વાતાવરણ 'ઈદ' જેવું

**દુનિયાના** સીમાડા કદી કલ્પના પણ નહોતી કરી એટલા નાના થઈ ગયા છે. વાચક મિત્રોને વિદિત હશે કે વિશ્વના દરેક રાષ્ટ્રોની સાપ્તાહિક રજા, વિકલી હૉલીડે રવિવારે હોય છે, જ્યારે ઈસ્લામિક રાષ્ટ્રો; દેશો જેમ કે

- આરબ અમીરાત,
- સઉદી,
- ગલ્ફ,
- દુબઈ
- ઈરાક,
- ઈરાન,
- અફઘાનિસ્તાન,
- પાકિસ્તાન
- બાંગ્લાદેશ વગેરે જેવા સંપૂર્ણ ઈસ્લામિક રાષ્ટ્રો અને તેના રાજ્યોની અઠવાડિક જાહેર રજા જુમ્મા, શુક્રવારની હોય છે.
- જુમ્મા, શુક્રવારનું મહત્ત્વ, તેની અહેમિયત ઈસ્લામિક શરિયત અર્થાત્ તેના નિયમો, કાયદા-કાનૂનો અને ધાર્મિક દૃષ્ટિ મુજબ પણ ઘણું બુલંદ, ઊંચું આંકવામાં આવ્યું છે જે આપણે આ લેખના આગળના બે ભાગોમાં જાણકારી મેળવી ગયા છીએ. ઉપરાંત આ દિવસે અઠવાડિયાની સૌથી મોટી નમાઝને 'નમાઝે જુમ્મા' તરીકે ઓળખવામાં આવે છે અને એની બરકતો અને લાભો અનેક છે. બપોરે એક વાગ્યાની આસપાસ અદા કરવામાં આવતી નમાઝે જુમ્મા અદા કર્યા બાદ મુસ્લિમ મહોલ્લાઓની રોનક જ કંઈ ઓર હોય છે. સારા પકવાનોની જયાફત માણી મુસ્લિમ કુટુમ્બો સગાં-સંબંધીઓને હળવા-મળવા સાથે સહપરિવાર ફરવા જાય છે. સમગ્ર વાતાવરણ ઈદ જેવી ખુશીનું સર્જાય છે. સારાં કાર્યો 'નમાઝે જુમ્મા' બાદ જ ઉકેલવામાં આવે છે.

* જુમ્માના દિવસે જે કામોને ફરજરૂપ ઠેરવવામાં આવ્યા છે તે પર અમલ કરવાની મોમીનો દિલો જાનથી કોશિશ કરતા હોય છે. શરિયતે ઈસ્લામમાં મોમીન માટે આ દિવસે જે ફરજોની તાંકીદ કરવામાં આવી છે તે આ મુજબ છેઃ ગુસ્લે જુમ્મા કરે અર્થાત્ નાહીધોઈ, સારાં કપડાં પહેરી સ્વચ્છ થાય. આ તાકીદ ભરેલી સુન્નત છે. અર્થાત્ પવિત્ર આચરણ, સુકૃત્ય છે.

* પયગંબરે ઈસ્લામ હઝરત મુહંમ્મદ રસૂલે ખુદા સલ્લલ્લાહો અલૈયહિવસલ્લમે હઝરત અમીરૂલ મોઅમેનીન અલૈયહિ સલ્લામને ફરમાવ્યું, 'અય અલી! જુમ્માના ગુસ્લથી વધારે મોટી કોઈ સુન્નત, આચરણ નથી.'

* નખ અને મૂછ કાપો, કેમકે એ માટેની બહુ જ ફઝીલત, કૃપા વારીદ થઈ છે. તેમ કરવાથી રોજીમાં વધારો થાય છે અને પછીના બીજા જુમ્મા સુધી ગુનાઓથી પાક કરે છે.

* ખૂશ્બુ લગાડો અને પાક-સાફ પોશાક પહેરો.

* સદકો આપો (હાજતમંદોને મદદરૂપ થાવ) કેમ કે રિવાયતમાં છે કે શબે જુમ્મા અને રોજે જુમ્માના સદકો, દાન આપવો તે બીજા દિવસોમાં સદકો આપવા કરતા હજારગણું બહેતર છે.

* કુટુંબીજનો અને બાળકો માટે સારી અને નવી વસ્તુઓની ખરીદી કરો, તેઓને રાજી રાખો. જેથી જુમ્માનો દિવસ આવવાથી તેઓ ખુશ થાય.

- દુન્યવી કામોને પડતાં મૂકી દો.
- સારા-નરસા,
- લાભ - નુકસાન કાર્યો કોયડા - પ્રશ્નોને અલ્લાહના હવાલે મૂકી ધાર્મિક જ્ઞાન હાંસલ કરવામાં, મેળવવામાં મશ્ગુલ રહો.
- જુમ્માનો દિવસ સૈરસપાટા, હલકા લોકો સાથે ગપ્પા મારવા, લોકોના ઐબ જોવા, ખડખડાટ હસવા, નકામાં કામો, જે કામો-કાર્યોનું વર્ણન પણ કરી શકાય નહીં તેવાં કાર્યોમાં વિતાવો નહીં.
- સારા વિચાર
- સારો વ્યવહાર જુમ્માની બરકત, ઉત્કર્ષ, બઢતી અને સૌભાગ્ય અખંડ રાખે છે. આ એક નિર્વિવાદ સત્ય છે અને તે કયામત સુધી મિથ્યા થવાનું નથી.

**પ્રેરણાસ્ત્રોત :**

જુમ્માના રોજ ૧,૦૦૦ વખત સલવાત પઢો

- હઝરત ઈમામ બાકીર અલૈયહિ સલ્લામથી રિવાયત, પરંપરા, પ્રણાલી રહી છે કે, જુમ્માના દિવસે મારી નજીક બીજી કોઈ ઈબાદત, પ્રાર્થના, સ્તુતિ રહી નથી કે જે પયગંબર હઝરત મુહંમ્મદ (સલ) અને આલે મુહમ્મદ (સલ) પર સલવાત પઢવાથી વિશેષ હોય.

યાદ રહેઃ જો કોઈ ઈબાદત ગુજાર બંદો એક હજાર વખત સલવાત પઢી શકે નહીં તો તેનાથી થાય તેટલી સલવાત પઢે-તેનું રટણ કરે.

- રિવાયતમાં છે કે જે શખ્સ જુમ્માના દિવસે ૧૦૦ વખત સલવાત, ૧૦૦ વખત અસ્તગફેરૂલ્લાહ રબ્બી વ અતુબો અલૈય હે અને ૧૦૦ વખત સુરહ તૌહીદ પઢે તો તે અવશ્ય ગમે તે મુશ્કેલીઓમાંથી હેમખેમ પાર ઊતરી જશે.

**ધર્મજ્ઞાન :**

મા-બાપ ઈતેકાલ, અવસાન થયાં હોઈ તો તેમની અને બીજા મોમિનોની કબ્રની ઝિયાસ્ત, દર્શન કરો.

- પયગંબર હઝરત મુહમ્મદ સાહેબની હિદાયત ધર્મની સાચી સમજ આપતા તેમના એક સાથી-સંગાથી કહે છે કે, 'મૃત્યુ પામેલાઓની જુમ્માના દિવસે ઝિયારત, દર્શન કરો, કારણ કે તેમની ઝિયારત માટે કોણ કોણ આવે છે અને તે જાણીને તે રાજી થાય છે.'

**દરિયાનાં મોતી**

* દુઆ કબૂલ થવાનો સમય જુમ્માના દિવસના અંતિમ ભાગથી સૂર્યાસ્ત સુધીનો છે. તેથી એ સમ્યે દુઆઓ વિશેષ પ્રમાણમાં કરવી જોઈએ, નેક ઈચ્છાઓ સાકાર થાય તે માટે અલ્લાહને આજીજી કરવી જોઈએ.

સૃષ્ટિનો સર્જનહાર અલ્લાહ સૌને જુમ્મા નસીબ કરે, સીફા, તંદુરસ્ત સાથે આફત-બલાથી બચાવે, બરકતો પ્રદાન કરે. આમીન, તથાસ્તુ. (સંપૂર્ણ)

* * *

**સાપ્તાહિક સંદેશ**

જો તમે નિયમિત નમાઝ પઢતા હશો તો તમારા ફેફસાં ઓછી ઊર્જા વાપરી વધારે ઓક્સિજન પ્રાપ્ત કરશે, હૃદય મજબૂત થશે અને પ્રત્યેક શ્વાસે વધારે રકત ભ્રમણ કરશે. ■

## પહેલા પાનાનું ચાલુ

### દેશભરમાં દવાના

હડતાળની મિશ્ર અસર જોવા મળી હતી, જ્યાં રામ મનોહર લોહિયા હૉસ્પિટલ નજીક આવશ્યક દવાની દુકાનો જાહેર જનતા માટે ખુલ્લી રહી હતી. રાજકોટમાં પણ દવાની દુકાનો બંધ રહી હતી.

હડતાળ દરમિયાન સામાન્ય લોકો અને ગંભીર રીતે બીમાર દર્દીઓને આવશ્યક દવાઓ ખરીદવામાં કોઈ મુશ્કેલી ન પડે તેની ખાસ કાળજી લેવામાં આવી છે. એસોસિએશનના નિર્ણય મુજબ, તમામ સિવિલ હૉસ્પિટલો, સામુદાયિક આરોગ્ય કેન્દ્રો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને તમામ પ્રધાનમંત્રી જન ઔષધિ કેન્દ્રો સાથે જોડાયેલા મેડિકલ સ્ટોર્સને સંપૂર્ણપણે ખુલ્લા રાખવામાં આવ્યા છે.

ફાર્માસ્યુટિકલ ડિલરોએ જણાવ્યું કે ઓનલાઈન ફાર્મસીઓનો ઝડપથી વધતો ટ્રેન્ડ તેમના પરંપરાગત વ્યવસાયોને પ્રતિકૂળ અસર કરી રહી છે. તેઓ ડોક્ટરના પ્રિસ્ક્રિપ્શન વિના નશીલા પદાર્થોના ઓનલાઈન વેચાણ અને હોમ ડિલિવરીનો સખત વિરોધ કરે છે. વેપારીઓએ ફક્ત આવશ્યક ઇમરજન્સી કાઉન્ટરોને આંશિક રીતે કાર્યરત રહેવાની મંજૂરી આપીને તેમની એકતા દર્શાવી હતી.

ઓલ ઈન્ડિયા ઓર્ગેનાઈઝેશન ઓફ કેમિસ્ટ્સ એન્ડ ડ્રગિસ્ટ્સના રાષ્ટ્રીય પ્રમુખ જે.એસ. શિંદે અને જનરલ સેક્રેટરી રાજીવ સિંઘલના જણાવ્યા અનુસાર, સરકારની નીતિઓ રિટેલ દવા વેપારીઓના હિતોને નુકસાન પહોંચાડી રહી છે. કેમિસ્ટ એસોસિએશનની ત્રણ મુખ્ય માગણીઓ છે. પ્રથમ માગ છે કે જીએસઆર ૮૧૭ નોટિફિકેશન રદ કરવામાં આવે અને દવાઓના ઓનલાઈન વેચાણ અંગે સરકાર દ્વારા જાહેર કરાયેલ નોટિફિકેશન તાત્કાલિક પાછું ખેંચવામાં આવે. ઓનલાઈન કંપનીઓ દ્વારા આપવામાં આવતા વધુ પડતા ડિસ્કાઉન્ટ બંધ કરવામાં આવે. ■

### ગુજરાતમાં મેડિકલ

નોંધાવ્યો હતો. જોકે, દર્દીઓને મુશ્કેલીઓ ના પડે તે માટે હૉસ્પિટલની નજીકના મેડિકલ સ્ટોર્સ અને ઇમરજન્સી હેલ્પલાઇન ચાલુ રાખવામાં આવી હતી. જો કે તેમ છતાં પણ કેટલાંક શહેરોમાં મેડિકલ સ્ટોર્સ બંધ હોવાથી લોકોને ભારે હાલાકી ભોગવવી પડી હતી.

અમદાવાદમાં ટાઉનહોલ ખાતે મેડિકલ દવાના વેપારીઓએ વિરોધ પ્રદર્શન કર્યું હતું. સવારે ૧૦:૩૦ થી ૧૨ વાગ્યા સુધી પ્રતીકાત્મક વિરોધ સાથે રક્તદાન કેમ્પનું પણ આયોજન કરાયું હતું. કેમિસ્ટોની માગણી અંગે ધી ફેડરેશન ઓફ ગુજરાત સ્ટેટ કેમિસ્ટ એન્ડ ડ્રગિસ્ટ એસોસિએશનના પ્રમુખએ જણાવ્યું હતું કે, વર્ષોથી કેન્દ્ર સરકાર સમક્ષ ઓનલાઈન દવાઓના ગેરકાયદેસર વેચાણ મુદ્દે રજૂઆતો કરવામાં આવી રહી છે, છતાં કોઈ અસરકારક કાર્યવાહી કરવામાં આવી નથી. પ્રિસ્ક્રિપ્શન વગર દવાઓ વેચાવાથી લોકોના જીવ જોખમમાં મુકાઈ રહ્યા છે. સરકાર તાત્કાલિક કડક કાયદો લાવે તેવી અમારી માંગ છે.

એઆઈ અને ઓનલાઈન પ્લેટફોર્મના નામે નિયમોનું ઉલ્લંઘન થઈ રહ્યું છે. સ્થાનિક મેડિકલ સ્ટોર તમામ નિયમોનું પાલન કરે છે જ્યારે ઓનલાઈન વેચાણમાં કોઈ જવાબદારી દેખાતી નથી. ઓનલાઇન પ્લેટફોર્મ મારફતે પ્રિસ્ક્રિપ્શન વગર દવાઓ વેચાઇ રહી હોવાનો ગંભીર આક્ષેપ વેપારીઓએ કર્યો હતો. ઓનલાઇન હલકી, સસ્તી અને ડુપ્લિકેટ દવાનું વેચાણ કરવામાં આવી રહ્યું છે અને લોકોના આરોગ્ય સાથે ચેડાં કરવામાં આવી રહ્યા છે. જો સરકાર અમારી માગણીઓ નહીં સ્વીકારે તો આગામી સમયમાં વધુ ઉગ્ર આંદોલન કરવામાં આવશે. ■

### ભારતે સ્વદેશી રોકેટ

કરી શકે છે. સૂર્યાસ્ત્ર રોકેટનાં બે ચોક્કસ પરીક્ષણો કરવામાં આવ્યા હતા. પ્રથમ પરીક્ષણમાં, તેને ૩૦૦ કિલોમીટર દૂરના લક્ષ્ય પર છોડવામાં આવ્યું હતું, જેમાં માત્ર બે મીટરના પરિઘમાં ભૂલ સંભાવના (સીઈપી) પ્રાપ્ત થઈ હતી, જે તેની ચોકસાઈ દર્શાવે છે.

બીજા પરીક્ષણમાં, રોકેટને ૧૫૦ કિલોમીટરની રેન્જ પર છોડવામાં આવ્યું હતું, જેમાં તેના લક્ષ્યથી માત્ર ૧.૫ મીટરની અંદર ચોક્કસ હિટ પ્રાપ્ત થઈ હતી. આ પરીક્ષણ સૂર્યાસ્ત્ર રોકેટની ૩૦૦ કિલોમીટર સુધીની રેન્જમાં દુશ્મનના લક્ષ્યોને સચોટ રીતે પ્રહાર કરવાની ક્ષમતા દર્શાવે છે. ■

### ભારત-ઇટલી

લોજિસ્ટિક્સ અને બ્લૂ ઇકોનોમી પર સાથે મળીને કામ કરીશું.''

પીએમ મોદીએ કહ્યું હતું કે, ''યુક્રેન, પશ્ચિમ એશિયા અને અન્ય તણાવ અંગે અમે સતત સંપર્કમાં છીએ. ભારતનું વલણ સ્પષ્ટ છે કે બધી સમસ્યાઓનો ઉકેલ વાતચીત અને રાજદ્વારી ચર્ચા દ્વારા લાવવો જોઈએ. ભારત અને ઇટલી સહમત થયા છે કે આતંકવાદ માનવતા માટે ગંભીર પડકાર છે. આતંકવાદી ભંડોળ સામેની અમારી સંયુક્ત પહેલ સમગ્ર વિશ્વ માટે એક મહત્ત્વપૂર્ણ ઉદાહરણ સ્થાપિત કર્યું છે. ભારત અને ઇટલીએ સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે જવાબદાર લોકશાહીઓ માત્ર આતંકવાદની નિંદા જ નહીં પરંતુ તેના નાણાકીય તંત્રને તોડી પાડવા માટે નક્કર પગલાં પણ લે છે.''

તેમણે કહ્યું કે રોમ વિશ્વભરમાં 'શાશ્વત શહેર' તરીકે ઓળખાય છે. ભારતમાં મારો લોકસભા મતવિસ્તાર કાશી પણ એ જ રીતે જાણીતું છે. જ્યારે બે સભ્યતાઓ મળે છે ત્યારે ચર્ચાઓ ફક્ત એક જ એજન્ડા સુધી મર્યાદિત નથી હોતી. તેના બદલે તે ઇતિહાસની ઊંડાઈ, ભવિષ્યની ઝલક અને મિત્રતાની સરળતાને પ્રતિબિંબિત કરે છે. મોદીએ કહ્યું હતું કે, ''છેલ્લાં સાડા ત્રણ વર્ષમાં મને ઘણી વખત વડા પ્રધાન મેલોનીને મળવાની તક મળી છે. આ ભારત અને ઇટલી વચ્ચે સતત સહયોગને પ્રતિબિંબિત કરે છે. આતંકવાદ માનવતા માટે ગંભીર પડકાર ઊભો કરે છે. ઇટલી આતંકવાદના ભંડોળ સામે ભારતની સાથે છે. અમે ભારત-ઇટલી સંબંધોને વધુ મજબૂત કેવી રીતે બનાવવા તે અંગે વિગતવાર ચર્ચા કરી હતી.''

ઇટલીના પીએમ જ્યોર્જિયા મેલોનીએ જણાવ્યું હતું કે, ''અમે ચોક્કસપણે ૨૦૨૯ સુધીમાં અમારા પહેલાથી જ મજબૂત વેપારને વર્તમાન ૧૪ બિલ્યન યુરોથી વધારીને ૨૦ બિલ્યન યુરો કરવા માગીએ છીએ. આ એક ખૂબ જ મહત્ત્વાકાંક્ષી ધ્યેય છે જે યુરોપિયન યુનિયન અને ભારત વચ્ચે મુક્ત વેપાર કરાર દ્વારા આપવામાં આવતી તકોનો લાભ લઈને પણ પ્રાપ્ત કરી શકાય છે. આ એક એવું લક્ષ્ય છે જે પ્રાપ્ત કરી શકાય છે કારણ કે અમારી આર્થિક સ્થિતિઓ એકબીજાના પૂરક છે. અમે 'ઇનોવેટ ઇન્ડિયા ઇનિશિયેટિવ'ને પણ પ્રોત્સાહન આપી રહ્યા છીએ, જે હેઠળ નવી દિલ્હીમાં અમારી પ્રતિભાઓ, અમારી ઈનોવેશન સિસ્ટમ, અમારાં સ્ટાર્ટઅપ્સ, સાહસો, યુનિવર્સિટીઓ અને સંશોધન સંસ્થાઓ વચ્ચે સહયોગને પ્રોત્સાહન આપવા માટે એક કેન્દ્ર બનાવવામાં આવશે.'' વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે ઇટાલીના રાષ્ટ્રપતિ સર્જિયો મૈટારેલા સાથે પ્રતિનિધિમંડળ સ્તરની વાતચીત કરી હતી. વડા પ્રધાન મોદીની સાથે વિદેશ મંત્રી એસ. જયશંકર, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ, સચિવ (પશ્ચિમ) સિબી જ્યોર્જ, વિદેશ સચિવ વિક્રમ મિસરી અને અન્ય વરિષ્ઠ રાજદ્વારી અધિકારીઓ પણ હાજર હતા. ■

### મોદીએ મેલોનીને

વડા પ્રધાન જ્યોર્જિયા મેલોનીને ''મેલોડી'' ચોકલેટનું પેકેટ ભેટમાં આપ્યું હતું. પીએમ મોદીએ બે અલગ અલગ ટેક્સચર સાથે ભારતની પ્રખ્યાત મેલોડીનું સ્ટાન્ડર્ડ પેક ભેટમાં આપ્યું હતું. દરમિયાન વડા પ્રધાન જ્યોર્જિયા મેલોનીએ તેમના સત્તાવાર સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર એક વીડિયો પોસ્ટ કર્યો હતો અને તેમાં લખ્યું કે ''ભેટ બદલ આભાર''

વાસ્તવમાં વડા પ્રધાન મોદી અને વડા પ્રધાન મેલોનીના નામને જોડીને બન્ને નેતાઓના ફેન્સ તેમને 'મેલોડી' કહીને બોલાવે છે. સોશ્યલ મીડિયા પર તેમના ફેન પેજનો આ નામનો વ્યાપક ઉપયોગ થાય છે. આ જ કારણ છે કે લગભગ ત્રણ વર્ષ પહેલાં જ્યારે મેલોનીએ પીએમ મોદી સાથેનો પોતાનો ફોટો શેર કર્યો હતો ત્યારે તેણીએ હેશટેગ મેલોડીનો ઉપયોગ કર્યો હતો. ત્યારથી બંને નેતાઓને લોકો 'મેલોડી' નામથી ઓળખાય છે. ■

### ગુજરાત સહિત

આવ્યો હતો. કાર્યવાહી દરમિયાન પોલીસે રૂ. ૧૪.૧૮ લાખની રોકડ રકમ, ૩૫૯ સીમ કાર્ડ, ૨૧૮ એટીએમ કાર્ડ, ૮૮ મોબાઈલ ફોન, ૭૮ ચેકબુક, પાંચ પાસબુક, ત્રણ ક્રેડિટ કાર્ડ, બે લેપટોપ, એક પેન ડ્રાઈવ અને છેતરપિંડી માટે ઉપયોગમાં લેવામાં આવેલી કાર જપ્ત કરી હતી. આરોપીઓ દેશભરમાં છેતરપિંડી માટે 'ડીએલ ઑફિસ' ટાઈટલ ધરાવતા સોશ્યલ મીડિયા ગ્રૂપ અને બનાવટી અકાઉન્ટનો ઉપયોગ કરતા હતા. ■

### ઈરાન સામે

શરૂ થયેલા યુએસ હુમલાઓ છતાં, ઈરાન હજુ પણ નમતું જોખવા તૈયાર નથી. ટ્રમ્પ ઈચ્છે છે કે ઈરાન તેના પરમાણુ કાર્યક્રમને સંપૂર્ણપણે ખતમ કરી દે, જ્યારે ઈરાન કહે છે કે તેનો કાર્યક્રમ વીજળી ઉત્પન્ન કરવા માટે છે, પરમાણુ બૉમ્બ બનાવવા માટે નહીં. ટ્રમ્પે સોમવારે (૧૮ મે) દાવો કર્યો હતો કે તેઓ મંગળવારે ઈરાન પર વધુ એક મોટા હુમલાની યોજના બનાવી રહ્યા છે, પરંતુ સઉદી અરેબિયા, કતાર અને સંયુક્ત આરબ અમીરાત (યુએઈ) ની વિનંતી પર તેને મુલતવી રાખ્યો હતો. તેમણે અગાઉ પાકિસ્તાન જેવા મધ્યસ્થી દેશોના કહેવાથી પોતાના નિર્ણયો બદલી નાખ્યા હતા. ટ્રમ્પની હુમલાની ધમકીઓનો ઈરાન પણ જવાબ આપી રહ્યું છે. તહેરાને કહ્યું છે કે જો તેના પર હુમલો કરવામાં આવશે તો તે જડબાતોડ જવાબ આપશે. ■

# ‘મોદી વૈશ્વિક સ્તરે ભારતની પ્રતિષ્ઠા મજબૂત કરી રહ્યા છે’

## શરદ પવારે વડા પ્રધાનની પ્રશંસા કરતા અટકળોનું બજાર ગરમ

મુંબઈઃ એનસીપી (એસપી)ના પ્રમુખ શરદ પવારે મંગળવારે કહ્યું હતું કે ભલે તેઓ રાજકીય રીતે નરેન્દ્ર મોદીથી અલગ હોય, પણ આપણે એ ન ભૂલવું જોઈએ કે વડા પ્રધાન તરીકે તેઓ આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતની પ્રતિષ્ઠા જાળવી રાખવા માટે કામ કરી રહ્યા છે.

એક કાર્યક્રમમાં બોલતા ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાને ભાર મૂક્યો કે જ્યારે પણ રાષ્ટ્રીય હિત માટે સામૂહિક રીતે કામ કરવાની તક મળે, ત્યારે દરેકે તેમાં સમાન હેતુ માટે સામુહિક રીતે જોડાવું જોઈએ અને દેશની પ્રતિષ્ઠાને મજબૂત કરવામાં મદદ કરવી જોઈએ. તેમણે એમ પણ કહ્યું કે ભૂતપૂર્વ વડા પ્રધાનો ઇન્દિરા ગાંધી, પી.વી. નરસિંહ રાવ અને મનમોહન સિંહ જેવા નેતાઓએ હંમેશા તેમના નેતૃત્વના કેન્દ્રમાં દેશના ભવિષ્ય અને પ્રતિષ્ઠાને રાખી છે.

‘‘ભારતની પ્રતિષ્ઠાનું રક્ષણ કરવાની વાત આવે ત્યારે રાજકીય મતભેદો આડે ન આવવા જોઈએ, અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી વિદેશમાં દેશનું સન્માન જાળવવા માટે કામ કરી રહ્યા છે,’’ પવારે જણાવ્યું.

રાજ્યસભાના સભ્ય પુણે સ્થિત લક્ષ્મણરાવ ગુટ્ટે રૂરલ ડેવલપમેન્ટ ફાઉન્ડેશન દ્વારા આયોજિત ભૂતપૂર્વ રાજ્ય અને જિલ્લા પદાધિકારીઓના કૃતજ્ઞતા અને ફેલોશિપ મેળાવડામાં બોલી રહ્યા હતા.

જોકે, શિવસેના (યુબીટી)ના નેતા સંજય રાઉત પવાર સાથે અસંમત હતા. પવાર દ્વારા મોદીને સમર્થન આપવા અંગેના પ્રશ્નના જવાબમાં રાઉતે કહ્યું, ‘‘અમે તેમના નિવેદન સાથે સહમત નથી. વડા પ્રધાને પ્રશ્નોના જવાબ આપવા જ જોઈએ.’’ (પીટીઆઈ)■



**વિરોધ...:** દવાના ઓનલાઈન વેચાણ સામે કેમિસ્ટોના દેશવ્યાપી એક દિવસ બંધ નિમિત્તે બુધવારે કેમિસ્ટો દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. (અમય ખરાડે)

# ગેટવે ઓફ ઈન્ડિયા પરની ડીઝલ બોટને ઈલેક્ટ્રિક કરાશે

મુંબઈઃ એક મોટી ગ્રીન પહેલમાં મહારાષ્ટ્ર સરકાર ગેટવે ઓફ ઈન્ડિયા પર કાર્યરત ડીઝલથી ચાલતી બોટોને ધીમે ધીમે ઇલેક્ટ્રિક બોટમાં રૂપાંતરિત કરશે.

સરકાર ભંડોળ માટે મુંબઈ ડિસ્ટ્રિક્ટ સેન્ટ્રલ કો-ઓપરેટિવ બેંક સાથે ભાગીદારી કરીને પ્રારંભિક તબક્કામાં પચીસ લાભાર્થીઓને પ્રાથમિકતા આપશે અને કોળી સમુદાયના પરંપરાગત કાફલાને આધુનિક બનાવવાનું લક્ષ્ય રાખશે.

હાલમાં, ગેટવે ઓફ ઈન્ડિયા વિસ્તારમાં ૯૭ લાઇસન્સ પ્રાપ્ત લાકડાની બોટ કાર્યરત છે અને બોટ માલિકો દર મહિને ડીઝલ પર ૧ લાખ રૂપિયા સુધીનો ખર્ચ કરે છે. પર્યાવરણને અનુકૂળ પર્યટનને પ્રોત્સાહન આપવા અને બોટ માલિકોના ખર્ચ ઘટાડવા માટે મુસાફરો અને માછીમારી બોટને ઇલેક્ટ્રિક બોટમાં રૂપાંતરિત કરવા માટે એક ખાસ યોજના અમલમાં મૂકવાની છે.

આ પહેલ વડા પ્રધાન નરેન્દ્ર મોદીની ઇંધણ બચત અને ગ્રીન પર્યાવરણ માટેની અપીલના પ્રતિભાવમાં છે. ઇલેક્ટ્રિક બોટની કિંમત ૨.૫ કરોડ રૂપિયાથી છ કરોડ રૂપિયાની વચ્ચે હોય છે. બેંકે મત્સ્યઉદ્યોગ સહકારી મંડળીઓ, ખાનગી બોટ માલિકો, વ્યક્તિગત લાભાર્થીઓ અને સંગઠનોને ખાસ ઓછા વ્યાજ દરે લોન આપવા માટે એક અલગ નીતિ તૈયાર કરવી જોઈએ. ■

# એસએનડીટી મહિલા યુનિવર્સિટી સંકુલમાં સૌર ઊર્જા પ્રોજેક્ટ સ્થપાશે

## ચર્ચગેટ સંકુલ ૧૮૦ કેવી ક્ષમતાથી ઝગમગશે

મુંબઈઃ બે વર્ષ પહેલા એસએનડીટી મહિલા યુનિવર્સિટીના જુહુ કેમ્પસની વીજળીની જરૂરિયાતોને સૌર ઊર્જા દ્વારા પૂર્ણ કર્યા પછી યુનિવર્સિટીએ હવે ચર્ચગેટ ખાતેના તેના મુખ્ય મથક માટે સૌર ઊર્જા પ્રોજેક્ટ સ્થાપવાનો નિર્ણય લીધો છે. આ પ્રોજેક્ટ પર કામ અંતિમ તબક્કામાં છે અને આ પ્રોજેક્ટ મહારાષ્ટ્ર ઊર્જા વિકાસ સત્તામંડળ દ્વારા અમલમાં મૂકવામાં આવી રહ્યો છે. એસએનડીટી મહિલા યુનિવર્સિટી ચર્ચગેટ સંકુલમાં ત્રણ ઇમારતો છે. મુખ્ય વહીવટી ભવન, લેડી પાટકર ઓડિટોરિયમ બિલ્ડીંગ અને એનેક્સ બિલ્ડીંગ. આ ત્રણ ઇમારતોના વીજ પુરવઠાના ખર્ચને નિયંત્રિત કરવા અને ભવિષ્યમાં ગ્રીન એનર્જી તરફ આગળ વધવા માટે, એસએનડીટી મહિલા યુનિવર્સિટીએ પોતાની જરૂરિયાતો માટે વીજળી ઉત્પન્ન કરવા માટે પગલાં લીધાં છે. તે મુજબ હવે ચર્ચગેટ કેમ્પસમાં પણ સૌર ઊર્જા પ્રોજેક્ટ સ્થાપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આ પ્રોજેક્ટ સેવન ગ્રીલ સોલાર સિસ્ટમ કંપની દ્વારા અમલમાં મૂકવામાં આવી રહ્યો છે અને તેનો ખર્ચ મહારાષ્ટ્ર ઊર્જા વિકાસ સત્તામંડળ દ્વારા પૂરો પાડવામાં આવ્યો છે. યુનિવર્સિટીના સાઇટ એન્જિનિયર કેશવ મસ્કેએ યુનિવર્સિટીના એન્જિનિયર આશિષ કાંબલેએ આમાં મૂલ્યવાન યોગદાન આપ્યાનું જણાવ્યું હતું.

યુનિવર્સિટીના કુલપતિ પ્રો. ડો. ઉજજવલા ચક્રદેવના નેતૃત્વમાં જુહુ સંકુલમાં સૌર ઊર્જા પ્રોજેક્ટ શરૂ થયા બાદ હવે ચર્ચગેટ ખાતે ત્રણેય ઇમારતોની છત પર સૌર પેનલ લગાવવાનું કામ પણ પૂર્ણ થઈ રહ્યું છે. યુનિવર્સિટી સાત જુલાઈએ તેની ૧૧૧મી વર્ષગાંઠની ઉજવણી કરશે. તે પહેલાં, ગ્રીન એનર્જી દ્વારા વીજળીની જરૂરિયાત પૂરી કરવા તરફ આગળ વધી રહ્યા છીએ. મસ્કેએ એવો પણ વિશ્વાસ વ્યક્ત કર્યો કે ચર્ચગેટ સંકુલમાં તમામ ઉપકરણો જૂનથી જ સૌર ઊર્જા પર ચલાવવાનું શરૂ થશે..

# બિનહિસાબી મિલકતના કેસમાં ૧૯ વર્ષ બાદ આવકવેરા અધિકારી અને પત્ની નિર્દોષ

થાણેઃ બિનહિસાબી મિલકતોના ૨૦૦૭ના કેસમાં સસ્પેન્ડ કરાયેલા ઈન્કમ ટૅક્સ (આઈટી) ઑફિસર અને તેમની પત્નીને કોર્ટે નિર્દોષ છોડ્યાં હતાં. સીબીઆઈની તપાસ ક્ષતિયુક્ત અને અણધારી છે, એવી નોંધ કરી કોર્ટે તપાસ એજન્સીની ટીકા કરી હતી.

સુપ્રીમ કોર્ટના ચુકાદાનો આધાર લેતાં સ્પેશિયલ સીબીઆઈ કોર્ટ જજ ડી. એસ. દેશમુખે મંગળવારે જણાવ્યું હતું કે ભ્રષ્ટાચારના કેસમાં પ્રતિવાદીએ ઉચિત શંકાની પાર પોતાને નિર્દોષ સિદ્ધ કરવાની જરૂર હોતી નથી.

કોર્ટે તે સમયે થાણેમાં ફરજ બજાવતા આવકવેરા વિભાગના અધિકારી અનિલ રત્નાકર મલ્લેલ (૪૫) અને તેની પત્ની સુવર્ણા અનિલ મલ્લેલ (૪૩)ને પ્રિવેન્શન ઑફ કરપ્શન ઍક્ટ અને ભારતીય દંડ સંહિતાની કલમ ૧૦૯ હેઠળ નિર્દોષ જાહેર કર્યાં હતાં.

આ પ્રકરણે સીબીઆઈના એન્ટિ-કરપ્શન બ્યૂરો (એસીબી), મુંબઈએ જાન્યુઆરી, ૨૦૦૭માં ગુનો નોંધ્યો હતો. ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે અનિલ મલ્લેલે તેના પદનો દુરુપયોગ કરીને સપ્ટેમ્બર, ૧૯૯૧થી ડિસેમ્બર, ૨૦૦૬ દરમિયાન પોતાના અને પરિવારના નામે સંપત્તિ ભેગી કરી હતી.

પ્રારંભિક એફઆઈઆરમાં ૧૫.૩૪ લાખ રૂપિયાની બિનહિસાબી અસ્કયામતોની નોંધ હતી, જ્યારે સીબીઆઈએ નવેમ્બર, ૨૦૦૮માં રજૂ કરેલી ફાઈનલ ચાર્જશીટમાં આંકડો ૨૮,૫૭,૯૮૪ રૂપિયા સુધી વધી ગયો હતો.

ટ્રાયલ દરમિયાન બચાવ પક્ષના વકીલ એમ. એસ. મોરે દલીલ કરી હતી કે સીબીઆઈએ મલ્લેલની પત્ની અને તેની માતા દ્વારા લેવાયેલી આઠ લાખ રૂપિયાની જૉઈન્ટ લોન, ૨૦૦૦ની સાલથી પત્ની દ્વારા દાખલ કરાતા સ્વતંત્ર આઈટી રિટર્ન્સ, જનરલ પ્રોવિડન્ટ ફન્ડમાંથી ઉપાડેલાં નાણાં અને સંબંધીઓ પાસેથી લીધેલી દસ્તાવેજી લોન સહિતના રોકડ મેળવ્યાના પ્રમાણિત સ્રોતોની સંપૂર્ણ અવગણના કરી હતી.

મલ્લેલની અંગત મિલકત તરીકે ઘરની સર્ચ દરમિયાન ૨.૪૩ લાખ રૂપિયા મળ્યા હતા. એ નાણાં પોતાનાં હોવાનો દાવો મલ્લેલની માતાએ કર્યો હોવા છતાં સીબીઆઈએ તેની ખોટી રીતે રજૂઆત કરી હતી.

કોર્ટે ફરિયાદ પક્ષના કેસને ફગાવતાં નોંધ કરી હતી કે ઊલટતપાસ દરમિયાન તપાસ અધિકારીએ વિવિધ કારણો આપ્યાં હતાં, જે આરોપીની આવક તરીકે યોગ્ય રીતે ધ્યાનમાં લેવાયાં નહોતાં, એવું દર્શાવે છે. (પીટીઆઈ)■

દશા સોરઠીયા વણિક
ભાવભરી શ્રદ્ધાંજલિ



ચિત્તલ નિવાસી હાલ કાંદિવલી
રમેશભાઈ હકમીચંદ ઘીયા
(ઉં. ૮૬) શ્રીજીચરણ: ૧૯/૦૫/૨૦૨૬
તે સ્વ. પ્રભાબેન હકિમચંદ ઘીયાના **સુપત્ર,**
ચંદ્રિકાબેનના **પતિ,**
સીમા, નંદા તથા જીગ્નેશના **પિતાશ્રી,**
સ્વ. પ્રવીણ, મનીષ ને શિલ્પાના **સસરા,**
સાહિલ, માહિર ના **નાના,**
પ્રશમ ના **દાદા,**
આશિત, ભારતન, સ્વ. મિતેશ,
સ્વ. કુસુમબેન,સ્વ. કુમુદબેન,
સ્વ. પન્નાબેન, જયશ્રીબેન, ભારતીબેન
અને મીનાબેન ના **ભાઈ,**
સ્વ. જયશ્રી તે મયુરી ના **જેઠ,**
કાંતિલાલ દુર્લભજી ગગલાની ના **જમાઈ**
**લૌકિક વ્યવહાર બંધ છે.**

# બોગસ દિવ્યાંગ સર્ટિફિકેટની મદદથી નોકરી મેળવીઃ યુવતીની ધરપકડ

પુણેઃ દિવ્યાંગનું બનાવટી સર્ટિફિકેટ રજૂ કરીને સરકારી નોકરી મેળવનારી યુવતીની પોલીસે ધરપકડ કરી હતી. બોગસ સર્ટિફિકેટની ખાતરી થતાં જિલ્લા પરિષદ દ્વારા સેવામાંથી બરતરફીની કાર્યવાહી કરવામાં આવી હતી.

ફરિયાદને આધારે પાલઘર પોલીસે રૂપાલી ટેંગળેની ધરપકડ કરી હતી. કોર્ટે તેને પાંચ દિવસની પોલીસ કસ્ટડી પણ ફટકારી હતી. હાલમાં તે અદાલતી કસ્ટડીમાં હોવાનું પોલીસે જણાવ્યું હતું.

યુવતીએ લૅબ ટેક્નિશિયન પદ માટે વિકલાંગ ક્વોટામાંથી અરજી કરી હતી. આ માટે તેણે ધુળેની ગવર્નમેન્ટ મેડિકલ કૉલેજ ઍન્ડ હૉસ્પિટલનું ‘સાંભળવામાં અક્ષમ’નું સર્ટિફિકેટ રજૂ કર્યું હતું. આ સર્ટિફિકેટને આધારે તેને નોકરી મળી ગઈ અને દહાણુ તાલુકાના ચિંચણી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં તેની નિયુક્તિ કરાઈ હતી.

કહેવાય છે કે પહેલી વાર ચકાસણી કરાઈ ત્યારે ધુળેની હૉસ્પિટલમાંથી સર્ટિફિકેટ માન્ય હોવાનું જણાવ્યું હતું. જોકે બાદમાં રાજ્યમાં બોગસ દિવ્યાંગ સર્ટિફિકેટને આધારે સરકારી લાભ અને નોકરીઓ મેળવનારા વિરુદ્ધ ઝુંબેશ ચલાવવામાં આવતાં આ સર્ટિફિકેટની પણ ફેરતપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન હૉસ્પિટલમાં સર્ટિફિકેટની નોંધ ન હોવાનું સામે આવ્યું હતું. સર્ટિફિકેટ બોગસ હોવાનું સિદ્ધ થતાં કાર્યવાહી કરાઈ હતી. ■

# મુંબઈ - ગોવા મુસાફરીમાં આવતી મુશ્કેલીઓ દૂર કરાઇ

મુંબઈઃ હાલમાં ઉનાળાના દિવસોમાં રજાઓ માણવા માટે લોકો મોટી સંખ્યામાં કોકણ જઈ રહ્યા છે. કોકણમાં મુસાફરી કરનારાઓ માટે એક મહત્વપૂર્ણ સમાચાર છે. મુંબઈ-ગોવા હાઈવે પર પરશુરામ ઘાટ પરથી મુસાફરી કરતા મુસાફરોને આખરે રાહત મળી છે. છેલ્લા કેટલાક દિવસોથી પરશુરામ ઘાટ પર બંધ રહેલો એક તરફી ટ્રાફિક તાજેતરમાં શરૂ કરવામાં આવ્યો છે.

પરશુરામ ઘાટમાં બીજી લેન પણ ટ્રાફિક માટે ખોલવામાં આવી છે. પરિણામે કોકણવાસીઓની મુસાફરી હવે સરળ બની રહી છે. મુંબઈ - ગોવા હાઈવે પર પરશુરામ ઘાટ પર સમારકામ પૂર્ણ થયા પછી ઘાટમાં રસ્તાની બીજી બાજુ વાહનોની આવન જાવન શરૂ કરવામાં આવી છે. છેલ્લા કેટલાક વર્ષોથી ચાલી રહેલા કામ હવે અંતિમ તબક્કામાં છે જે ચોમાસા પહેલા પૂર્ણ થઈ જશે. ચોમાસામાં કોકણના લોકોની મુસાફરી ઘણી સરળ બનશે. વરસાદની ઋતુ દરમિયાન કોકણ તરફ જતા રસ્તા પર મોટા પાયે ભૂસ્ખલન થતું હતું. આ ઘટનાને કારણે પરશુરામ ઘાટ પર મુસાફરી અનેકવાર બે થી ત્રણ દિવસ માટે બંધ રહેતી હતી. હવે એવું નહીં થાય. ■

# મની લોન્ડરિંગના કેસમાં ‘ગૉડમૅન’ ખરાત ૨૬ મે સુધી ઈડીની કસ્ટડીમાં

મુંબઈઃ મહિલાઓની જાતીય સતામણીના કેસમાં ધરપકડ કરાયેલા નાશિકના ‘ગૉડમૅન’ અશોક ખરાતને વિશેષ પીએમએલએ કોર્ટે બુધવારે ૭૦ કરોડ રૂપિયાના મની લોન્ડરિંગના કેસમાં ૨૬ મે સુધીની એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ (ઈડી) કસ્ટડી ફટકારી હતી.

બળાત્કાર અને છેતરપિંડીના આરોપનો સામનો કરતા ખરાતની ઈડીએ મંગળવારે મની લોન્ડરિંગના કેસમાં ધરપકડ કરી હતી. બુધવારે ખરાતને કોર્ટ સમક્ષ હાજર કરાયો હતો. તપાસ કરતી કેન્દ્રીય એજન્સીએ વિગતવાર તપાસ માટે ખરાતની ૧૦ દિવસની કસ્ટડીની માગણી કરી હતી.

અશોક ખરાત વિરુદ્ધ નાશિક પોલીસે ઘેનની દવા આપી મહિલાઓ સાથે દુષ્કર્મ, છેતરપિંડી અને ખંડણી સંબંધી અનેક ગુના નોંધ્યા પછી આ કેસની ગંભીરતાને ધ્યાનમાં રાખી છઠ્ઠી એપ્રિલે ઈડીએ પ્રિવેન્શન ઑફ મની લોન્ડરિંગ ઍક્ટ (પીએમએલએ) હેઠળ ગુનો નોંધ્યો હતો.

નાશિકની પરિણીત મહિલા સાથે ત્રણ વર્ષ દરમિયાન વારંવાર દુષ્કર્મ કરવાના કેસમાં નાશિક પોલીસે ૧૮ માર્ચે ખરાતની ધરપકડ કરી હતી. બાદમાં અન્ય મહિલાઓ પણ ખરાત વિરુદ્ધ ફરિયાદ નોંધાવવા સામે આવી હતી. એ સિવાય શિર્ડીમાં જમીન પચાવી પાડવાનો પણ ગુનો નોંધાયો હતો.

ખરાતે બેનામી બૅન્ક ખાતાંના માધ્યમથી ખંડણી અને ૭૦ કરોડ રૂપિયાના મની લોન્ડરિંગનું રૅકેટ ચલાવ્યું હોવાની શક્યતાને આધારે ઈડીએ તપાસ હાથ ધરી હતી.

ખરાતે અહિલ્યાનગર જિલ્લામાંની સમતા નાગરી કોઓપરેટિવ ક્રેડિટ સોસાયટીમાં એક જ દિવસમાં ૬૦ ખાતાં કથિત રીતે ખોલાવ્યાં હતાં. જેમના દસ્તાવેજોને આધારે આ ખાતાં ખોલાવ્યાં હતાં, જેમની સંમતિ લીધી નહોતી અને આ ખાતાંના માધ્યમથી ૭૦ કરોડ રૂપિયાથી વધુના વ્યવહાર કર્યા હતા, એવું તપાસમાં સામે આવ્યું હતું. (પીટીઆઈ) ■

શ્રી ઝાલાવાડી વિસા શ્રીમાળી સ્થાનકવાસી જૈન
ધ્રાંગધ્રા નિવાસી હાલ નવી મુંબઈ



પ્રવીણભાઈ અમૃતલાલ કોઠારી
તા: ૧૯-૦૫-૨૦૨૬ ના અરિહંત શરણ પામેલ છે
તે સ્વ. પુષ્પાબેન કોઠારી ના પતિ
સુરેશભાઈ, બીપીનભાઈ, સ્વ. પુષ્પાબેન, સ્વ. હંસાબેન,
સ્વ. નલિનીબેન, પંકજબેન, ભાવનાબેન અને સ્વ. મીનાબેન ના ભાઈ
રતિલાલ ઉમેચંદ શાહના જમાઈ
પ્રાર્થના સભા શુક્રવાર તા: ૨૨-૦૫-૨૦૨૬ સાંજે ૪:૩૦ થી ૬ રાખેલ છે.
સ્થળ: માનવ સેવા સંઘ, સાયન.

# ઈરાન યુદ્ધને કારણે ગડકરીના પરિવારને બિઝનેસમાં કરોડોનું નુકસાન

મુંબઈઃ મધ્ય પૂર્વમાં અમેરિકા અને ઈરાન વચ્ચેના તણાવની ભારત પર મોટી આર્થિક અસર પડી રહી છે. આ યુદ્ધનો કોઈ ઉકેલ ન દેખાતા ફુગાવો વધી રહ્યો છે. આ પરિસ્થિતિ ભારતીય વેપારને અસર કરી રહી છે. મધ્ય પૂર્વની કટોકટીને કારણે કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીના પરિવારને પણ વેપારમાં જંગી નુકસાન થયું છે. નીતિન ગડકરી માત્ર રાજકારણી જ નથી પણ એક ઉદ્યોગસાહસિક પણ છે. તેમના પરિવારનો મોટો વ્યવસાય છે. ઈરાન-અમેરિકા યુદ્ધને કારણે નીતિન ગડકરીના પરિવારના વ્યવસાય સાથે જોડાયેલા સેંકડો કમર્શિયલ કન્ટેનર અટવાઈ જવાથી કરોડો રૂપિયાનું નુકસાન થયું હોવાનો ખુલાસો ખુદ નીતિન ગડકરીએ કર્યો છે.

નાગપુરમાં આયોજિત એક કાર્યક્રમમાં નીતિન ગડકરીએ પરિવારને વ્યવસાયમાં આવેલી મુશ્કેલીઓ વિશે જણાવ્યું હતું કે ‘હું ખાંડમાંથી ડિટર્જન્ટ બનાવું છું. મારી પુત્રવધૂ આ બધું કામ સંભાળે છે. અમારા ડિટર્જન્ટના લગભગ ૧૦૦ કન્ટેનર દર મહિને અમેરિકા જાય છે, પરંતુ યુદ્ધ શરૂ થતા આ કન્ટેનરની આવનજાવન અટકી ગઈ છે. આખો વ્યવસાય ઠપ્પ થઈ ગયો છે. આ કટોકટીને કારણે મેં હાર માની નહીં. મેં સ્થાનિક બજારમાં માલ સપ્લાય કરવાનું શરૂ કર્યું. ઘણો સંઘર્ષ કરવો પડ્યો.’

નીતિન ગડકરીનો પુત્ર ઈરાન સાથે મોટા પાયે વેપાર કરે છે. આ વેપાર હેઠળ ભારતમાંથી ઈરાનમાં મોટા પ્રમાણમાં કેળાની નિકાસ કરવામાં આવતી હતી. ત્યાંથી સફરજન ભારતમાં આવતા હતા. અમેરિકા-ઈરાન યુદ્ધ શરૂ થતા આ બધો પુરવઠો બંધ થઈ ગયો છે. યુદ્ધને કારણે કેળાથી ભરેલા ૪૦૦ કન્ટેનર અટવાઈ ગયા. બધો માલ બગડી ગયો. ■

# અપહરણ બાદ સગીરા સાથે દુષ્કર્મના કેસમાં મહિલા સહિત ત્રણ નિર્દોષ

થાણેઃ થાણેમાં ૨૦૧૬ના સગીરાનું અપહરણ, તસ્કરી અને દુષ્કર્મના કેસમાં વિશેષ અદાલતે મહિલા સહિત ત્રણને નિર્દોષ છોડ્યાં હતાં અને ફરિયાદ પક્ષ પાયાની વાસ્તવિકતા સિદ્ધ કરવામાં નિષ્ફળ ગયો હોવાની નોંધ કરી હતી.

સ્પેશિયલ જજ જી. ટી. પવારે બુધવારે કાજલ ઠાકુર (૩૧), મોસીન નસીમ ખાન (૩૧) અને ગોવિંદ ઉર્ફે રાજેશ મેપાલાલ સાથલિયા (૫૦) વિરુદ્ધના બધા આરોપ પડતા મૂક્યા હતા.

ફરિયાદ પક્ષે આરોપ કર્યો હતો કે ત્રીજી જાન્યુઆરી, ૨૦૧૬ના રોજ કાજલ ઠાકુરે ૧૭ વર્ષની સગીરાનું અપહરણ કર્યું હતું. પછી સગીરાને વિવિધ લોજમાં લઈ જવામાં આવી હતી, જ્યાં મોસીન ખાન દ્વારા કથિત દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું. સાથલિયાએ સગીરાની મારપીટ કરી હોવાનો આરોપ હતો.

કોર્ટે નોંધ કરી હતી કે સગીરા ડ્રગ્સની બંધાણી હતી અને વ્યસન છોડાવવા તે કાઉન્સેલર પાસે જતી હતી. આ કથિત ઘટના પહેલાં તે ચાર વખત ઘર છોડીને ગઈ હતી. સગીરા સ્પષ્ટ રીતે જણાવી શકી નથી કે કાજલ તેને લાલચ આપીને લઈ ગઈ હતી કે બળજબરીથી, એવી નોંધ કરીને કોર્ટે અપહરણનો આરોપ નકારી કાઢ્યો હતો. કોર્ટે એ મુદ્દાઓ પર પણ પ્રકાશ પાડ્યો હતો કે સગીરાની મારપીટનો સમય અને તબીબી પુરાવામાં પણ વિસંગતિઓ છે. સગીરાએ દાવો કર્યો હતો કે તેના પર ૧૧ જાન્યુઆરી, ૨૦૧૬ના રોજ બળાત્કાર થયો હતો, જ્યારે ડૉક્ટરને ૧૦ જાન્યુઆરીએ હુમલો થયો હોવાનું તેણે કહ્યું હતું. ■(પીટીઆઈ)

# નવલખી મેદાનમાં શ્રી ગિરિરાજ કૃપા મહોત્સવનું આયોજન



મુંબઈઃ પવિત્ર અધિક માસ પુરુષોત્તમ માસ નિમિત્તે વૈષ્ણવાચાર્ય પૂજ્ય શ્રી વ્રજરાજકુમારજી મહારાજશ્રીની અધ્યક્ષતા તથા પ્રેરણાથી વૈશ્વિક સંસ્થા વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશન (વીવાયઓ) તેમજ ગુજરાતના પુષ્ટિમાર્ગના સૌથી મોટા સંકુલ વ્રજધામ સંકુલના સંયુક્ત ઉપક્રમે નવલખી મેદાન ખાતે ભવ્ય દિવ્ય શ્રી ગિરિરાજ કૃપા મહોત્સવનું ઐતિહાસિક આયોજન કરવામાં આવ્યું છે.

૨૩, ૨૪ અને ૨૫ મે એમ ત્રણ દિવસીય આ મહોત્સવ દરમિયાન વૈષ્ણવાચાર્ય પૂજ્ય શ્રી વ્રજરાજકુમારજી મહારાજશ્રીના સ્વમુખેથી શ્રીમદ્ ભગવદ્ ગીતાનું રસપાન હજારો ભાવિકો કરશે. આ માટે ૧૫,૦૦૦ થી વધુ વૈષ્ણવો એકસાથે બેસી શકે તેવી વિશાળ સભામંડપ વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. સાથે સર્વ વૈષ્ણવો માટે નિઃશુલ્ક ભોજન વ્યવસ્થા પણ રાખવામાં આવી છે.

મહોત્સવનું મુખ્ય આકર્ષણ ૨૫૦ ફૂટ લાંબા અને ૭૦ ફૂટ ઊંચા વિરાટ ગિરિરાજજીનું નિર્માણ રહેશે. ગિરિરાજજીની તળેટીમાં વ્રજધામ સંકુલના સાક્ષાત શ્રી ગિરિરાજ પ્રભુ ૧૧ ગાયો સાથે ગૌચરણ કરતા બિરાજમાન રહેશે.

૨૪ મે ના રોજ ૧૧૦૦ ગાયો સમક્ષ ૨૧૦૦ કુંડી શ્રી પુરુષોત્તમ સહસ્ત્ર નામ યજ્ઞ યોજાશે.

૨૫ મે ના રોજ લોકપ્રિય ગાયક અતુલ પુરોહિતના કંઠે ભવ્ય રાસ ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે.

વીવાયઓ ભારતના પ્રમુખ અશોકભાઈ શાહે જણાવ્યું હતું કે, આ પ્રકારનું આયોજન પુષ્ટિમાર્ગના ઇતિહાસમાં પ્રથમ વખત થઈ રહ્યું છે.■

શ્રી ઝાલાવાડી વિસા શ્રીમાળી સ્થાનકવાસી જૈન
ધ્રાંગધ્રા નિવાસી હાલ નવી મુંબઈ



પ્રવીણભાઈ અમૃતલાલ કોઠારી
તા: ૧૯-૦૫-૨૦૨૬ ના અરિહંત શરણ પામેલ છે
સ્વ. પુષ્પાબેન કોઠારી ના પતિ,
હિતેશ, કેતન, નિમીષા ના પિતાશ્રી
તે રૂપલ, કરુણા, રાજેન્દ્રભાઈ ના સસરા,
તે યશની-કુણાલ, ખુશાંક-અમીષા, સલોની-સૅમ્યુઅલ,
વિદિત ના દાદા અને વિરાજ-રિદ્ધિ ના નાના
પ્રાર્થના સભા
શુક્રવાર તા: ૨૨-૦૫-૨૦૨૬
સાંજે ૪.30 થી ૬ રાખેલ છે
સ્થળ : માનવ સેવા સંઘ, સાયન

# ભીમાશંકર તીર્થસ્થાનની કરાશે ૧૭૨ કરોડના ખર્ચે કાયાપલટ

## શ્રદ્ધાળુઓની સુવિધાઓ વધારાશે, રસ્તાઓ પહોળા થશે

પુણેઃ શ્રી ક્ષેત્ર ભીમાશંકર મહારાષ્ટ્રના પ્રખ્યાત તીર્થસ્થળોમાંનું એક ગણાય છે. અહીં હંમેશા ભક્તોની ભીડ રહે છે. આ તીર્થસ્થળની કાયાપલટ થવાની છે. તાજેતરમાં રાજ્ય સરકારે છ તીર્થસ્થળોના વિકાસ માટે એક વિશાળ ભંડોળની જાહેરાત કરી છે. એમાં શ્રી ક્ષેત્ર ભીમાશંકર માટે ૧૭૨ કરોડ રૂપિયાનું ભંડોળ પૂરું પાડવામાં આવ્યું છે. તીર્થક્ષેત્રના રસ્તા પહોળા કરવામાં આવશે અને ભક્તો માટે વિશેષ સુવિધાઓ ઉપલબ્ધ થશે.

શ્રી ક્ષેત્ર ભીમાશંકર યાત્રાધામ વિસ્તાર યોજનામાં વિકાસ કાર્યો માટે મંજૂર થયેલા ૧૭૨ કરોડ રૂપિયાના ભંડોળમાંથી વિવિધ વિકાસ કાર્યો હાથ ધરવામાં આવશે. ટ્રાફિકની ભીડ ઘટાડવા રસ્તા પહોળા કરવામાં આવશે. બસ સ્ટેન્ડનું આધુનિકીકરણ કરવામાં આવશે. આ સ્થળે પાર્કિંગની સુવિધા પણ પૂરી પાડવામાં આવશે. ભક્તો અને પ્રવાસીઓની સુવિધા માટે, મંદિર વિસ્તારમાં પગપાળા માર્ગ, ફ્લોરિંગ અને એમ્ફી થિયેટર, ગટર શુદ્ધિકરણ પ્લાન્ટ બનાવવામાં આવશે. એક નવું પોલીસ સ્ટેશન અને આરામ ગૃહ બનાવવાની પણ યોજના છે. મુખ્ય પ્રધાન ફડણવીસે મે ૨૦૨૭ સુધીમાં આ બધા કામો પૂર્ણ કરવા સૂચના આપી છે. ■

KALAMANDIR
YOUR FAVOURITE JEWELLERY DESTINATION
Chandavarkar Road, Borivali (West)
કલામંદિર નો સ્માર્ટ ભાવ
22KT દાગીનાનો ભાવ ₹14,566 પ્રતિ ગ્રામ
7% ની ઘડામણ + ₹1020 પ્રતિ ગ્રામ
આજનો સ્માર્ટ ભાવ મજૂરી સહીત ₹15,586 પ્રતિ ગ્રામ +GST
ફક્ત 7%
ઘડામણ તમામ પ્રકારના 22kt દાગીના પર
પોલકી | એન્ટિક | પ્લેન
MUMBAI | AHMEDABAD | SURAT | VAPI | BHARUCH | KOSAMBA
CONTACT NO. +91 95109 70230 | 80000 36001
*શરતો લાગુ - *7% મજૂરી ૧૦ ગ્રામની ઉપર ની જ્વેલરી પર લાગુ

## સંસ્થા સમાચાર

### શ્રી ટોલીગંજ સંઘના ભાવિકો રાષ્ટ્રસંત શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના મંગલ આગમને



સમગ્ર સંસારનો ત્યાગ કરીને દીક્ષા અંગીકાર કરવા થનગની રહેલા કોલકાતાના દીકરી મુમુક્ષુ કુમારી શ્રી જાનવીબેન મિલનભાઈ શાહના દીક્ષા આજ્ઞા અર્પણ અવસર નિમિત્તે કોલકાતા મહાનગરમાં ટૂંક સમય માટે પધારેલા રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ શ્રી ટોલીગંજ સ્થાનકવાસી જૈન સંઘમાં પધારતા સમગ્ર સંઘમાં આનંદ ઉત્સાહ અને હર્ષ વર્તાયો હતો.

જીવની મતિ અને ભવોની ગતિ સુધારી દે એવા પરમ ગુરુદેવના આવા કલ્યાણકારી વચનો સાથે જ આ અવસરે ટોલીગંજ સંઘના જરૂરિયાતમંદ સાધર્મિક ભાવિકો માટે રૂ. એક કરોડનું અનુદાન જાહેર કર્યું હતું.

# ભારતના પરમાણુ ઊર્જા વિસ્તરણના આગામી તબક્કાનું નેતૃત્વ મહારાષ્ટ્ર કરશેઃ ફડણવીસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે બુધવારે જણાવ્યું હતું કે ભારતની ભાવિ ઊર્જા સુરક્ષા માટે પરમાણુ ઊર્જા આવશ્યક છે કારણ કે સૌર અને પવન ઊર્જા જેવા નવીનીકરણીય સ્ત્રોતો ચોવીસ કલાક વિશ્વસનીય રીતે ઉપલબ્ધ નથી. ભારતમાં પરમાણુ ઊર્જા વિસ્તરણના આગામી તબક્કાનું નેતૃત્વ મહારાષ્ટ્ર કરશે, ફડણવીસે ટેકમહાઇમ્પેક્ટ સીએસઆર કોન્ક્લેવમાં હાજરી આપ્યા બાદ પત્રકારોને જણાવ્યું હતું. મુખ્ય પ્રધાને એ બાબત પ્રત્યે ધ્યાન દોર્યું હતું કે ઘણા વિકસિત દેશો પરમાણુ ઊર્જા પર વધુને વધુ નિર્ભર થઈ રહ્યા છે અને અમેરિકામાં લગભગ ૪૯ ટકા વીજળી ઉત્પાદન પરમાણુ સ્ત્રોતોમાંથી આવે છે. ભારતની ઊર્જા જરૂરિયાત ઝડપથી વધી રહી છે. સૌર અને પવન જેવા નવીનીકરણીય ઊર્જા સ્ત્રોતો વીજળી પૂરી પાડે છે, પરંતુ તે ૨૪×૭ વિશ્વસનીય રીતે ઉપલબ્ધ નથી. તેથી, ભારતને બેઝ-લોડ પાવર માટે પરમાણુ ઊર્જાની જરૂર છે, એમ તેમણે કહ્યું હતું. ફડણવીસે કહ્યું હતું કે, કેન્દ્ર સરકારે પરમાણુ ઊર્જાના નાગરિક ઉપયોગને મંજૂરી આપતું માળખું તૈયાર કર્યું છે અને મહારાષ્ટ્રે આ ક્ષેત્રમાં ૨૫,૦૦૦ મેગાવોટની ક્ષમતા ધરાવતા પ્રોજેક્ટ્સ માટે પહેલાથી જ કરારો પર હસ્તાક્ષર કર્યા છે.

## ક્લાસિફાઈડ

### ૧૭. જગ્યા આપવી છે

**શાંતાક્રુઝ (વેસ્ટ)**
ઈસ્ટ એવન્યુ - ૪ બેડરૂમ એરીયા આશરે ૧૮૦૦' કારપેટ, ૪ બાથરૂમ, ૩ લિફ્ટ, ૩ પાર્કિંગ, સ્વતંત્ર સર્વન્ટ ટોઈલેટ, વેસ્ટ ઓપન, રોડ ફેસિંગ, એરકંડીશન્ડ લોબી, જીમ, ટેરેસ નવું બિલ્ડિંગ, વેચવાનો ફોનઃ- 9820156133. (બી-૧૭૫૫૫)

**ખાર (વેસ્ટ)**
ફક્ત ગુજરાતી માટે ૩ બેડરૂમ ૧૧૫૦' તથા ૬ બેડરૂમની જોડી ૨૩૦૦' કારપેટ એરીયા, ૬ બાથરૂમ, ૨ કિચન, સ્પેશીયસ હોલ, સેપરેટ સર્વન્ટ ટોઈલેટ, ૪ પાર્કિંગ, એરકંડીશન્ડ લોબી, જીમ, સેપરેટ સોસાયટી ઓફિસ, તદ્દન નવું બિલ્ડિંગ, વેચાણથી. ઓનરઃ- 9820156133. (બી-૧૭૫૫૬)

**કાંદિવલી (વેસ્ટ)**
બાલાસિનોર સોસાયટીમાં ફક્ત 2 બંગલા-વહેલો તે પહેલો. REDEVLOPMENT by TDR possible- વ્યાજબી ભાવ. સંપર્ક જલારામ- ઈન્દ્રપ્રસ્થ બોરીવલી. 9820441711. (૧૦૯૭-સી)

### ૩૨. જમીન-મિલકત

**AGRICULTURAL LANDS**
At Dahanu Taluka, In between Highway and Railway Line, Approx. 100 to 150 Acres Land for Sale on as is where is basis. Please Contact. Rajesh : 9320656987. (SDB-3283)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**સચોટ જ્યોતિષ**
**જન્મતારીખ, સમય વોટ્સઅપ કરો. લગ્નયોગ ક્યારે - કયા મહિનામાં - સાલમાં થશે? તેનું માર્ગદર્શન. (ફી લેવામાં નથી આવતી). વાતો ન કરો, રિઝલ્ટ માંગો. 7304586200. (૧૦૯૬-એ)**

**મહાલક્ષ્મી જ્યોતિષ**
સમસ્યાઓનું સમાધાન. લવ પ્રોબ્લેમ પતિથી દુઃખી સાસ બહુનો ઝગડો સંતાન કેવામાં નથી કામ ધંધોમાં રુકાવટ એકતરફી પ્રેમ (ફિસ કામ પછી) 9321554879. (બી-૧૭૫૬૭)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

**ACE પેસ્ટીસાઈડ**
(1993થી), ઉધઈ, વાંદા, માંકડ, કાંદિવલી 9833523290, 9220789533, ચીરાબજારઃ 9029181030. (૯૫૯/ડી)

### ૪૬. વોટર પ્રુફિંગ

**WATERPROOFING SPECIALIST**
Terrace, Chajja, Bathroom, Building Repairing, Tar. 7 Years Warranty. -9004827175. (B-17616)

મુંબઈ સમાચાર
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com

# નીટ પેપર લીક કેસઃ આરસીસી ક્લાસીસની જગ્યાને સીલ કરાઈ

## પાલિકાના બિલ્ડિંગ ડિપાર્ટમેન્ટે મિલકતના માલિકને નોટિસ મોકલાવીને ક્લાસીસ બંધ કરવાની સૂચના આપી હતી

પુણેઃ નીટ-યુજી પેપર લીક કેસમાં પુણે મહાપાલિકા દ્વારા રેણુકાઈ કરિયર સેન્ટર (આરસીસી)ની જગ્યાને બુધવારે સીલ કરવામાં આવી હતી. આરસીસીના માલિક અત્યારે સીબીઆઈની કસ્ટડીમાં છે અને ઓક્યુપન્સી સર્ટિફિકેટ વિના સેન્ટર ચલાવાતું હોવાનું તપાસમાં સામે આવ્યું હતું.

આ ક્લાસીસ પુણે શહેરના ડેક્કન જિમખાના વિસ્તારમાં જંગલી મહારાજ રોડ પરની બોરાવાકે બિલ્ડિંગમાં ચલાવવામાં આવતા હતા.

આરસીસીના માલિક શિવરાજ રઘુનાથ મોટેગાંવકરની ૧૭ મેના રોજ સેન્ટ્રલ બ્યૂરો ઑફ ઈન્વેસ્ટિગેશને (સીબીઆઈ) ધરપકડ કરી હતી. લાતુરમાં ક્લાસીસના સ્થળે સર્ચ હાથ ધરવામાં આવી હતી. ત્યાંથી જપ્ત કરાયેલા મોબાઈલ ફોનમાંથી ત્રીજી મેના યોજાયેલી પરીક્ષાના પ્રશ્નપત્ર લીક કરાયા હતા, એવું તપાસમાં સામે આવ્યું હતું. આ કોચિંગ સેન્ટરની નવ બ્રાન્ચ હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. અગાઉ મનસે દ્વારા પુણે મહાપાલિકાને ફરિયાદ કરવામાં આવી હતી, જેમાં આક્ષેપ કરાયો હતો કે આરસીસી ક્લાસીસ જે સ્થળે ચલાવવામાં આવે છે એ મકાનને ઓક્યુપન્સી સર્ટિફિકેટ નથી. પુણે મહાપાલિકાના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે આ બિલ્ડિંગને પાલિકા દ્વારા ઓક્યુપન્સી સર્ટિફિકેટ આપવામાં આવ્યું નહોતું. ફાયર ડિપાર્ટમેન્ટે પણ તેને નો ઑબ્જેક્શન સર્ટિફિકેટ આપ્યું નહોતું. તેમ છતાં આ સંકુલનો ગેરકાયદે રીતે ક્લાસીસ ચલાવવા ઉપયોગ કરતો હતો.

પાલિકાના બિલ્ડિંગ ડિપાર્ટમેન્ટે મિલકતના માલિકને નોટિસ મોકલાવીને ક્લાસીસ બંધ કરવાની સૂચના આપી હતી. જોકે પાલિકાની નોટિસની ઐસીતૈસી કરીને ક્લાસીસ ચલાવવામાં આવતા હતા. આખરે બુધવારે તેને સીલ કરવામાં આવ્યું હતું, એમ અધિકારીએ જણાવ્યું હતું.

તપાસ અધિકારી અનુસાર મોટેગાંવકર 'ઑર્ગેનાઈઝ્ડ ગૅન્ગનો સક્રિય સભ્ય' છે. તેણે નૅશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ (નીટ) અન્ડરગ્રેજ્યુએટ (યીજી) પેપર લીક અને વિતરણ કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. (એજન્સી)

છેલ્લા પાનાનું ચાલુ

### મધ્ય રેલવેમાં

સીએસએમટી સ્ટેશન પર લોકલ ટ્રેનો માટેના રહેલાં પ્લેટફોર્મ પર જવાના બદલે મેલ એક્સપ્રેસ ટ્રેનો માટેના અનામત પ્લેટફોર્મ નંબર નવ પર પહોંચી ગઈ હતી. રેલવે પ્રશાસન દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી હતી કે કોઈ ટેક્નિકલ ગ્લિચને કારણે આ લોકલ ટ્રેનને પ્લેટફોર્મ નંબર નવ પર લાવવી પડી હતી અને હવે તેને યાર્ડમાં લઈ જવામાં આવી રહી છે. જોકે, પ્રશાસનની આ ગોળગોળ સ્પષ્ટતા પ્રવાસીઓના ગળે ઉતરે તેવી નથી. હવે મોટો સવાલ એ ઉઠે છે કે શું આ ખરેખર કોઈ સિગ્નલની ખામી હતી, કે પછી મોટરમેન અને કંટ્રોલ રૂમની બેદરકારી. સમગ્ર બનાવ મુદ્દે મધ્ય રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી સ્વપ્નિલ નીલાએ મુંબઈ સમાચારને કહ્યું હતું કે સ્ટેશન માસ્ટરની ભૂલ હતી અને મોટરમેનને પણ લાઈનનો ખ્યાલ રહ્યો નહોતો. અન્ય અધિકારીએ કહ્યું હતું કે આ બનાવની તપાસ હાથ ધરવામાં આવશે.

### ઓબીસી

માટે વાહનો ખરીદવાની મંજૂરી, હાલમાં શિબિરોનું આયોજન અને તેમના દ્વારા જાતિ પ્રમાણપત્રોનું વિતરણ, અને જિલ્લા મેજિસ્ટ્રેટ સાથે બેઠક યોજવાની ભલામણ અને પ્રમાણપત્રો ફક્ત યોગ્ય અને લાયક વ્યક્તિઓને જ આપવામાં આવે અને પ્રમાણપત્રો ખોટા લોકોને વહેંચવામાં ન આવે તેવા આદેશો આપવાનો સમાવેશ થાય છે. બાવનકુળેએ જણાવ્યું હતું કે છાત્રાલયો અને કચેરીઓ માટે ૧૦ જિલ્લાઓમાં જગ્યા પૂરી પાડવા માટે આવતા અઠવાડિયે જિલ્લા મેજિસ્ટ્રેટની બેઠક યોજાશે. બેઠકમાં ખાસ હાજર રહેલા લક્ષ્મણ હાકેએ વહીવટી ભૂલો તરફ ધ્યાન દોર્યું. તેમણે માગણી કરી હતી કે, 'જોડણીની ભૂલોને કારણે રાજ્યમાં ૨૭ થી ૩૨ જાતિઓ સરકારી લાભોથી વંચિત છે, અને તાત્કાલિક સુધારા માટે કેન્દ્ર સરકારને દરખાસ્ત મોકલવી જોઈએ.'

### બાન્દ્રામાં

પોલીસની ટુકડી મગાવી હતી. તેમ જ રાઈટ્સ કંટ્રોલ ફોર્સ પણ દાખલ થઈ હતી. તેથી અતિક્રમણ વિરુદ્ધની કાર્યવાહી ફરી શરૂ થઈ હતી. પોલીસના જણાવ્યા અનુસર કામગીરી દરમ્યાન સ્થળ પર ૧,૦૦૦થી વધુ કર્મચારીઓને તહેનાત કરવામાં આવ્યા હતા. જયારે લગભગ ૪૦૦ કર્મચારીઓ મુંબઈ સીટી પોલીસના હતા. એ સિવાય રેલવે પ્રોટેક્શન ફોર્સ (આરપીએફ) અને ગર્વમેન્ટ રેલવે પોલીસ (જીઆરપી)ના હતા.

રેલવેના જણાવ્યા મુજબ બુધવારે અતિક્રમણ વિરોધી ઝુંબેશના બીજા દિવસે અધિકારીઓએ બપોરે ઝૂંપડપટ્ટીમાં એક કથિત ગેરકાયદેસર ત્રણ માળની મસ્જિદ તોડી પાડી. પરંતુ સ્થાનિક રહેવાસીએ દાવો કર્યો હતો કે અધિકારીઓએ તેમને તોડી પાડતા પહેલા તેમાંથી સામાન દૂર કરવા માટે પૂરતો સમય આપ્યો નહોતો. જૂની ગરીબ નગર સુન્ની મસ્જિદને તોડી પાડવા દરમ્યાન મોટી સંખ્યામાં રહેવાસીઓ સ્થળ પર ભેગા થયા હતા, તેને કારણે વિસ્તારમાં તણાવ ફેલાઈ ગયો હતો, તેથી ટોળાને વિખેરવા લાઠી ચાર્જ કરવાની આવશ્યકતા નિર્માણ થઈ હોવાનું પોલીસે જણાવ્યું હતું.

પોલીસની કાર્યવાહી દરમ્યાન અનેક મહિલાઓ સહિત અનેક લોકો જખમી થયા હતા. પોલીસની કાર્યવાહીના અનેક વિડિયો સોશિયલ મિડિયા પર વાયરલ થયા હતા, જોકે બાદમાં સ્થાનિક રહેવાસીઓએ પોલીસ પર પથ્થરમારો શરૂ કર્યો હતો, જેમાં એક કોન્સ્ટેબલ જખમી થયો હોવાનું પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. પોલીસે પાછળથી પથ્થરમારા બદલ ૧૫ વ્યક્તિઓને અટકાયતમાં લીધા હતા. પશ્ચિમ રેલવેની જે જગ્યા પર ગેરકાયદે ઝૂંપડપટ્ટી નિર્માણ થઈ છે તે ઠેકાણે રેલવેના પાંચ નવા પ્રોજેક્ટ ઊભા કરવામાં આવવાના છે. તેથી આ ઠેકાણે પશ્ચિમ રેલવેએ અતિક્રમણ વિરુદ્ધની કાર્યવાહી હાથ ધરી છે. પહેલા દિવસે ૨૦ ટકા ગેરકાયદે બાંધકામ તોડી પાડવામાં આવ્યા હતા, જેમાં લગભગ ૫૦૦થી વધુ ઝૂંપડાનો સમાવેશ થાય છે.

થોડા દિવસ પહેલા અતિક્રમણ વિરોધી કાર્યવાહી થઈ હતી પણ અતિક્રમણ કરનારાઓ કાર્યવાહી વિરુદ્ધ હાઈ કોર્ટમાં ગયા હતા. અહીં ઊભી થયેલી ઝૂંપડપટ્ટી એકપ્રકારે વોટબેન્ક ગણાતી હોવાથી તેમની રાજકીય પીઠબળ પણ મળી રહ્યું હતું. જોકે સુપ્રીમ કોર્ટે પણ અતિક્રમણ હટાવવાના માટે મંજૂરી આપી દેતા આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

### શું ડબલ એન્જિનવાળી

લઈને થયેલા હુમલાનો ઉલ્લેખ કર્યો. રાજ્યના લોકો સુરક્ષાનો અભાવ અને ઇંધણની અછતનો સામનો કરી રહ્યા હતા, ત્યારે ચૂંટણી પહેલા કરદાતાઓના પૈસે જાહેરાતના હોર્ડિંગ્સ ચમકતા હતા, વડેટ્ટીવારે દાવો કર્યો.

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંકટ વચ્ચે, કેન્દ્ર સરકાર પેટ્રોલ, ડીઝલ કે એલપીજીની કોઈ અછત ન હોવાનું રટણ કરી રહી છે. ત્યારે વડેટ્ટીવારે દાવો કર્યો હતો કે મહારાષ્ટ્રમાં ચાલુ ઇંધણની અછત વચ્ચે સંપૂર્ણ વહીવટીતંત્ર પડી ભાંગ્યું છે અને ભાજપની આગેવાની હેઠળની ટ્રિપલ-એન્જિન સરકાર (કેન્દ્રમાં, રાજ્યમાં અને સ્થાનિક સંસ્થાઓમાં) સ્થગિત થઈ ગઈ છે. વડેટ્ટીવારે કહ્યું કે આ પરિસ્થિતિએ ભાજપના વિકસિત ભારતના નિર્માણના દાવાઓની પોલ ખોલી દીધી છે. વર્ષોથી, તેઓ ડબલ-એન્જિન સરકારની બડાઈ મારતા આવ્યા છે, પરંતુ આજે એક પણ એન્જિન કામ કરી રહ્યું નથી, તેમણે કટાક્ષ કર્યો.

સામાન્ય લોકો પેટ્રોલના દરેક ટીપા માટે સંઘર્ષ કરી રહ્યા છે, જ્યારે દિલ્હીના શાસકો 'અમૃત કાલ'ના ખોટા ગુણગાન ગાવામાં વ્યસ્ત છે, તેમણે આરોપ લગાવ્યો. આજે મહારાષ્ટ્રમાં કોઈ સરકાર નથી; જે બચ્યું છે તે ફક્ત જાહેરાતોનું બજાર છે, એમ વડેટ્ટીવારે કહ્યું હતું. (પીટીઆઈ)

### પેટ્રોલ-ડીઝલ પંપો

પંપ પર પેટ્રોલ અને ડીઝલનો સ્ટોક ન હોવાના કારણે આપવાની ના પાડતા ગુસ્સામાં એક પેટ્રોલ પંપ કર્મચારીને પેટમાં છરી મારવાની ઘટના બની હતી. ઘાયલ પેટ્રોલ પંપ કર્મચારીની ઓળખ તુષાર ગુરવ (૨૧) તરીકે થઈ છે. તેના પર હુમલો કરનારા બે અજાણ્યા યુવાનો સામે એમઆઈડીસી પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો છે. જળગાંવ જિલ્લાના પરોલા હાઇવે પર પેટ્રોલ પંપની સામે નાગરિકોએ કેન અને ટૂ-વ્હીલર મૂકીને પંદરથી વીસ મિનિટ સુધી રસ્તો બ્લોક કરી દીધો હતો, જેના કારણે વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી અને એક બાજુનો ટ્રાફિક થોડા સમય માટે બંધ થઈ ગયો હતો. ખેડૂતો ખેતીના કામ માટે ડીઝલ મેળવવા માટે પંપ પર ભીડ કરતા જોવા મળ્યા હતા. બુલઢાણાથી ચીખલી રૂટ પર પંપો પર વાહનોની કતારો લાગી છે. ટ્રેક્ટર અને અન્ય વાહનોએ ૧૨ કલાકથી વધુ સમય કતારમાં ઉભા રહેવું પડે છે. જોકે તેમને ૧૦૦૦ રૂપિયાનું ડીઝલ મળી રહ્યું છે, જે એક ટ્રેક્ટરને મુસાફરી માટે અપૂરતું છે, પરંતુ પરિચિતોના વાહનોની ટાંકીફૂલ કરી આપવામાં આવે છે. ખેતીના કામમાં રોકાયેલા ટ્રેક્ટર માલિકોએ વાહનની ટાંકી ફૂલ કરી આપવાની માગ કરી છે. વાશીમ શહેરના અકોલા નાકા વિસ્તારમાં આવેલા ઇન્ડિયન પેટ્રોલ પંપ પર ડીઝલ માટે ભીડ એકઠી થવાના કારણે મારામારીનો બનાવ સામે આવ્યો છે. ડીઝલ ટેન્કર આવતાની સાથે જ વાહનચાલકો અને નાગરિકોનું મોટું ટોળું એકઠું થઈ ગયું હતું. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે અને તે જિલ્લામાં ડીઝલની અછતને કારણે નાગરિકોમાં વધી રહેલી અશાંતિ દર્શાવે છે.

### સાથી પક્ષના

ગ્રૂપ લીડર મુકેશ મોકાશી સહિત ભાજપના નગરસેવકોએ પણ રાષ્ટ્રગીતનું અપમાન કરવા બદલ શિવસેનાના બે નગરસેવકો સામે નૌપાડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. બાદમાં શિવસેનાના એક નેતાએ ભાજપના અનેક નગરસેવકોને સસ્પેન્ડ કરવાની માગણી કરી હતી. તેઓએ મેયર પર હુમલો કરવાનો પ્રયાસ અને રાષ્ટ્રગીતનો અનાદર કરવાનો આરોપ લગાવવામાં આવ્યો હતો. ભૂતપૂર્વ મેયર અને શિવસેનાના નેતા મીનાક્ષી શિંદેએ દાવો કર્યો હતો કે ભાજપ ગઠબંધનની નીતિશાસ્ત્રનું ઉલ્લંઘન કરી રહી છે. ગયા અઠવાડિયે થાણે પાલિકામાં બનેલા આ બનાવને મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અને શિવસેનાના નેતા એકનાથ શિંદેએ સોમવારે આ અણબનાવને મામૂલી ગણાવતા કહ્યું હતું કે સાથી પક્ષઓ વચ્ચે નાના ઝઘડા થાય છે અને તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે તમામ મુદ્દાઓનો ઉકેલ આપસી સમજાવટથી લાવવામાં આવશે. મંગળવારે ડેપ્યુટી મેયર પાટીલે પત્રકાર પરિષદ લઈને શિંદેસેનાના નગરસેવિકા મિનાક્ષી શિંદેને પડકાર ફેંક્યો હતો કે શહેરમાં સત્તાની લગામ કોણ સંભાળવા લાયક છે તે જનતાને નક્કી કરવા દો. તેમણે કહ્યું હતું કે ભાજપ અને શિંદેસેનાએ યુતિ કરીને થાણે પાલિકાની ચૂંટણી લડી હતી પણ શિવસેનાના નગરસેવકોને લાગે છે ભાજપે સત્તામાંથી નીકળી જવું જોઈએ તો તેઓ રાજીનામું આપવા તૈયાર છે.

## હિન્દુ મરણ

**વિશા સોરઠિયા વણિક**
મોકરવાળા હાલ વસઈ સ્વ. સંતોકબેન ઝવેરચંદ શાહના પુત્ર વિનયભાઈ (ઉ.વ. ૬૫) તા. ૧૭-૫-૨૬, રવિવારના શ્રીજીચરણ પામ્યા છે. તે દક્ષાબેનના પતિ. યશસ્વી, ખ્યાતિના પિતા. ગૌરવ, દેવેનના સસરા. નિકીતના નાના. સ્વ. બાબુભાઈ, સ્વ. બચુભાઈ, કાંતિભાઈ, હસમુખભાઈ, લલિતભાઈ, સ્વ. પ્રભાબેન, સ્વ. ગોદાવરીબેન, સ્વ. જમનાબેન, અનિલાબેનના નાના ભાઈ. ઓસાવાળા હીરાચંદ મોરારજી ઝવેરીના જમાઈ. સ્વ. કાંતિભાઈ, સ્વ. છોટાલાલ, સ્વ. ચીમનભાઈ, સ્વ. દિલીપભાઈ, પુષ્પાબેન, સ્વ. ગોદાવરીબેન, સ્વ. જસવંતીબેન, મધુબેનના બનેવી. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**
રંજનબેન શાંતિલાલ મહેતા (ઉ.વ. ૮૮) મૂળ ગામ હડમતાળા (ભાવનગર), હાલ મુકામ બોરીવલી, સોમવાર, તા. ૧૮-૫-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે ધર્મેશ-જીજ્ઞા, છાયા, અરૂણ, મીના-જયેશ, રીના-જયંતના માતુશ્રી. સ્વ. વૃજલાલ કેશવલાલ ગાંધીના પુત્રી. જયંતભાઈ, કનુ, ભુપેન્દ્ર, ભાનુ, હંસા, દ્રુમનના બહેન. દામોદરદાસ છગનલાલ ગોરડિયા અને મનસુખલાલ ગોરડિયાના ભાણેજ. નમન, રાજવી, પૂનમ, જુગલ, કિન્નરી, વૃંદા, યશ, જુહીના દાદી. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૨૧-૫-૨૬. સ્થળઃ વિલેપાર્લે મેડિકલ હેલ્થ ટ્રસ્ટ, ચંદન સિનેમા પાસે, જુહુ સર્કલ, મુંબઈ-૪૯ સાંજે ૫ થી ૭. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**
તળાજા નિવાસી હાલ કાંદિવલી ગં. સ્વ. મધુરી જસવંતરાય મથુરિયા (ઉ.વ. ૮૧) તે અ. સૌ. જાગૃતિ રાકેશ મહેતા, જીતેન્દ્રના માતુશ્રી. અ. સૌ. વૈશાલીના સાસુ. ગં. સ્વ. હંસાબેન નવલભાઈ મથુરિયાના જેઠાણી. કોમલ, ચાંદની, મહેકના દાદી. અરૂણના મોટા સાસુ. પિયર પક્ષે સ્વ. કાંતિલાલ નથુભાઈ પારેખની દીકરી. પ્રાર્થનાસભા તા. ૨૧-૫-૨૬, ગુરુવારે સાંજે ૫ થી ૭ કેવલ બાગ, કાંદિવલી ફલાયઓવર નીચે, મુંબઈ-૬૭.

**કચ્છી લોહાણા**
સ્વ. મૂળજી શામજી રાયથનાના પુત્ર સ્વ. મનજી મૂળજી રાયથનાના પુત્રવધૂ સ્વ. બીના જતીન રાયચના (ઉં. વ. ૪૩) કચ્છ ગામ મોટા ભાડિયા હાલ ડોંબીવલી ૧૮-૫-૨૬, સોમવારે શ્રી રામશરણ પામેલ છે. તે જતીન મનજી રાયથનાના ધર્મપત્ની. તે ભારતીબેન મનજી રાયચનાના પુત્રવધૂ. મીત અને આશ્વીના મમ્મી. સ્વ. શૈલેશ મનજી રાયચનાના ભાભી. તે ગં. સ્વ. તારાબેન ઈન્દ્રજીત લાલજી પોપટની પુત્રી. બંને પક્ષની પ્રાર્થનાસભા ૨૧-૫-૨૦૨૬ના ગુરુવારે ૫.૩૦ થી ૭. ઠે. કચ્છી લોહાણા મહાજન વાડી, ગ્રાઉન્ડ ફ્લોર, આર. આર. ટી. રોડ, મુલુંડ (વે). લૌકિક વ્યવહાર બંધ છે.

**મુંબઈ વિશા નાગર વણિક જ્ઞાતિ**
મુંબઈ નિવાસી શ્રીમતી રક્ષા અરુણ શાહ (ઉં. વ. ૮૦) તે અરુણભાઈ શાહના ધર્મપત્ની. તે કેયુર તથા બિરેન શાહના માતુશ્રી. મોનાલી અને નેહલના સાસુ. મિલિશા, માનવ અને કુનાલના દાદી તા. ૨૦-૫-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તેમની પ્રાર્થનાસભા પાટીદાર સમાજ હોલ, ફ્રેંચ બ્રીજ, ગામદેવી શુક્રવાર, તા. ૨૨-૫-૨૬ના ૫.૩૦ થી ૭.

**ઔ. સહસ્ત્ર ઝાલાવાડી સાડી ચારસો જ્ઞાતિ**
સ્વ. વિજયાબેન ગૌરીશંકર શુક્લના પુત્ર વિનુભાઈ (ઉ.વ. ૭૬) ૧૬/૫/૨૬ના સ્વર્ગવાસ થયેલ છે. તે હર્ષદભાઈ, કિરીટભાઈ, ઈન્દુભાઈ, ઉપેન્દ્રભાઈ, ગીજુબેનના ભાઈ. હિરેન, કૃપા તથા ભાવનાબેનના પિતા. સંજય ચોટલીયા, ભાસ્કર તથા પંકિતાના સસરા. સ્વ. વીણાબેનના પતિ. તેમની સાદડી તા. ૨૧/૫/૨૬ના રોજ ૪ થી ૬. શરાફ માતૃ મંદિર, ગોલ બગીચા પાસે, રાણી સતી માર્ગ, મલાડ ઈસ્ટ.

**વિસા ખડાયતા વૈષ્ણવ વણિક**
કઠ લાલ નિવાસી હાલ બોરીવલી, સ્વ. સુભાષ દશરથલાલ શાહ તે સ્વ. દશરથલાલ રતનલાલ શાહ તથા સ્વ. કૈલાશબેનના પુત્ર. સુરેશ, શક્તિ, સ્વ. સુચિતાના ભાઈ. પારૂલના દિયર. દીક્ષિતા, મોનીકાના કાકા ૧૮/૫/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તેમનું બેસણું ૨૨/૫/૨૬ના રોજ ૪ થી ૬. ગોલ્ડન ક્રિડા મંડળ રાજેન્દ્રનગર, દત્તપાડા રોડ, બોરીવલી ઈસ્ટ.

**ઘોઘારી દશા દિશાવળ વણિક**
કોળીયાક નિવાસી હાલ બોરીવલી, સ્વ. ઇન્દુબેન ભીખાલાલ મહેતાના પુત્ર પ્રવીણભાઈ (ઉ.વ. ૭૯) તે રેખાબેનના પતિ. ગં.સ્વ. જ્યોત્સનાબેન મધુકર મહેતાના ભાઈ. ચિરાગ તથા હાર્દિકના પિતા. મેઘનના સસરા. સ્વ. નંદલાલ રણછોડદાસ મહેતાના જમાઈ ૧૮/૫/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી.

**દશા નીમા વણિક**
બાલાસિનોર નિવાસી હાલ બોરીવલી, નવનીતલાલ મણિલાલ ધારીયા (ઉ.વ. ૯૮) તે સ્વ. હંસાબેનના પતિ તા. ૧૮/૫/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. જયેશભાઈ, જાસ્મીનબેન અને અમરિશભાઈના પિતા. ગં.સ્વ. તૃપ્તિબેન, રાજેશકુમાર અને કામિનીબેનના સસરા. હર્ષલ, શ્વેતા, દીપલ, અપૂર્વ, જીનલ અને શિવાનીના દાદા. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વરીયા પ્રજાપતિ**
જામનગર નિવાસી હાલ બોરીવલી, સ્વ. દેવરાજ (દેવજી) ગોકળ વરીયાના પુત્ર નિલેશ (ઉ.વ. ૫૨) તે વર્ષાબેનના પતિ. જીજ્ઞેશ તથા સમીરના ભાઈ. ખુશ્બુ તથા હર્ષના પિતા. રંજન તથા સીમાના જેઠ ૧૯/૫/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૨૧/૫/૨૬ના ૪ થી ૬. વર્ધમાન સ્થા જૈન સંઘ, ડાયમંડ ટોકીઝની સામે, એલ ટી રોડ, બોરીવલી વેસ્ટ.

**ઘોઘારી મોઢ વણિક**
બોઘરવદર નિવાસી હાલ ડોમ્બિવલી, ભુપેન્દ્રભાઈ અમૃતલાલ મહેતા (ઉ.વ. ૭૪) ૧૮/૫/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે ગો.વા અમૃતલાલ ભાણજી મહેતાના પુત્ર. સર્યુબેનના પતિ. ગો.વા. નટવરલાલ ત્રિકમદાસ શાહના જમાઈ. નૈનેશ, વિપુલ તથા કાજલ ભાવિન દેસાઈના પિતા. ગો.વા. દિનેશભાઇ, પ્રવીણભાઈ, હસમુખભાઈ, ગો.વા. શારદાબેન, ગો.વા. રમાબેન, ગો.વા. કંચનબેન તથા ગો.વા. લતાબેનના ભાઈ. પ્રાર્થનાસભા ૨૧/૫/૨૬ના ૪ થી ૬. માધવઆશ્રમ, મંગલ કાર્યાલય, રઘુવીરનગર, શુંવિધિનાથ જૈન દેરાસર ગલ્લીમાં, માનપાડા, ડોમ્બિવલી ઈસ્ટ.

**કચ્છી લોહાણા**
ગામ કલ્યાણપર હાલે મુલુંડ, ગં.સ્વ. નિર્મલાબેન મહેશભાઇ ઠક્કર સોમૈયા (ઉ.વ. ૭૧) તે મહેશભાઇ કરશનદાસ પ્રાગજી ઠક્કર સોમૈયાના પત્નિ. શાન્તાબેન લક્ષ્મીદાસ પુજારાના પુત્રી. યોગેશ બન્ટીના માતૃશ્રી. ઉર્વી યોગેશ ઠક્કરના સાસુમા. યુવરાજના દાદી તા. ૧૯-૫-૨૬ના રામશરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૨૧-૫-૨૬ના ૫ થી ૭. મહાજનવાડી પવાણી હોલ, ૧લે માળે, આર.આર.ટી. રોડ, મુલુંડ વેસ્ટ. બૈરાંઓએ તે જ દિવસે આવી જવું. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઈડર ઔદિચ્ય પિસ્તાલીસ જ્ઞાતિ બ્રાહ્મણ**
બડોલીના વતની હાલ અંબરનાથ, સ્વ. ગીતાબેન નટવરલાલ ભટ્ટના પુત્ર સુનિલ (ઉ.વ. ૬૨) તા. ૧૭/૫/૨૬ના કૈલાસવાસી થયા છે. તે ભાવનાબેનના પતિ. ધવલ અને પૂજાના પિતા. રતલામ નિવાસી સ્વ. કિશોરભાઈ ક્રિષ્ણાબેનના જમાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર પ્રથા બંધ છે. રહેઠાણ ઇસ્કોન રેસિડેન્સી, ફ્લેટ નં-૧૧૦૪, સી-ટાઈપ, નિયર મીરા વાટિકા શિવ મંદિર રોડ, અંબારનાથ ઇસ્ટ.

**ઘોઘારી લોહાણા**
પનવેલ નિવાસી, હર્ષાબેન ઠક્કર (પૌદ્ય) (ઉ.વ. ૬૩) તા. ૧૯/૫/૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે પુષ્પાબેન રણછોડલાલ ઠક્કરના પુત્રવધૂ. સ્વ. નીતિનભાઈના પત્ની. સ્વ. શેખરભાઈ, સ્વ. કિરીટભાઈના ભાઈના વહુ. ગં.સ્વ. મીનાબેનના દેરાણી. ગં.સ્વ. કુંદનબેન નરેશભાઈ અઢિયાના ભાભી. ગં.સ્વ. કાંતાબેન ભગવાનદાસ કાનાણીની સુપુત્રી. બંને પક્ષની પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૨૧/૫/૨૬ સવારે ૧૦:૩૦ થી ૧૨:૦૦. જલારામ સભાગૃહ, લોહાણા મહાજનવાડી, એસ.વી.પી.માર્ગ, કલ્યાણ (પ).

**વિશા નાગર વણીક**
વિસનગર નિવાસી હાલ મુંબઈ, નલિનીબેન ઇન્દ્રવદન પરીખ (ઉ.વ. ૮૨) તે સ્વ. મથુરાદાસ તુલજારામ મેહતા તથા નાથીબેનના પુત્રી. સ્વ. ઇન્દ્રવદન વી પરીખના પત્ની. જગદીશ, પારુલ, રાખીના માતુશ્રી. ભાવના, વિનોદભાઈ, મહેશભાઈના સાસુ. કાજલના દાદી. રાજ અને શ્રુતિના નાની તા. ૧૯/૫/૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૧/૫/૨૬ના ગુરુવારે સાંજે ૫.૦૦ થી ૭.૦૦. સ્થળઃ સનરાઈઝ પાર્ટી હોલ, સાંઈબાબા નગર, સત્યનગર, બોરીવલી પશ્ચિમ.

**નવગામ ભાટિયા**
મુલરાજ દ્વારકાદાસ વેદ(તનુભાઈ) (ઉ.વ. ૯૩) તે સ્વ. શ્યામકુંવર દ્વારકાદાસ વેદના પુત્ર. સ્વ. હેમલતાબેનના પતિ. સ્વ. મનસુખભાઈ, ગં.સ્વ. રાધાબેન રમણીકલાલ નેગાંધી તથા સ્વ. શકુંતલાબેન રમેશભાઈ ગોકળગાંધીના ભાઈ. વિરેન્દ્ર(વીરુ), કુસુમ નિખિલ પાલેજા અને સ્વાતિ સંજય કાટેના પિતા. હેમંત, નિરજ તથા જયશ્રી આનંદ જાધવના કાકા. સ્વ. હિરાલાલ ભગવાનદાસ રાયગગલાના જમાઈ તા. ૧૯-૫-૨૬ના ઘાટકોપર શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**સુથાર - પંચાલ**
ગં.સ્વ. પ્રમીલાબેન વસંતલાલ પંચાલ તા. ૧૮/૫/૨૬ (સોમવાર)ના અવસાન થયેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૨/૫/૨૬ શુક્રવાર, સાંજે ૪.૦૦ થી ૬.૦૦. સ્થળઃ અસ્મિતા જ્યોતિ કો-ઓપરેટીવ હાઉસિંગ સોસાયટી, બિલ્ડીંગ ડીર પાર્કિંગ, માર્વે રોડ, ચારકોપ નાકા, મલાડ પશ્ચિમ. ગં.સ્વ. પુષ્પાબેન ભરતભાઈ મિસ્ત્રી, પુત્રઃ સમીર અને નિલય પંચાલ. પુત્રવધૂઃ ઉર્વી અને મીરા. પૌત્રઃ હર્ષિલ અને હેતાંશ.

## પારસી મરણ

ફેની જાલ દાદીના તે મરહુમ જાલના ધન્યાની. તે મરહુમો રોશન સોરાબજી તતારીના દીકરી. તે ઝીનોબીયા ને કમલના માતાજી. તે બમન ને રાહુલના સાસુજી. તે રુમી, અરની, રસી, મરહુમ દોલી ને પરસીના બહેન. તે દેરીશા, મીશેલ, પરીઝીયા, જેહાન, જાશના મમઈજી. (ઉં. વ. ૭૬) ઠે. શીવાઝીક કો. હા. સો., અપ્પાસાહેબ મરાઠે માર્ગ, પ્રભાદેવી, તાતા મોટર શો રૂમની બાજુમાં, મુંબઈ-૪૦૦૦૨૫. ઉઠમણાની ક્રિયાઃ ૨૨-૦૫-૨૬ને દીને બપોરે ૩.૪૦ વાગે ઉપરની ભાભા નં. ૧માં ડુંગરવાડી પર.

## જૈન મરણ

**દશા શ્રીમાળી દેરાવાસી જૈન**
રાજકોટ નિવાસી હાલ ડોમ્બીવલી સ્વ. કાન્તાબેન પોપટલાલ મહેતાના પુત્ર સ્વ. ચંદ્રકાંત પોપટલાલ મહેતા (ઉ.વ. ૮૮) તા. ૧૮-૫-૨૬, સોમવારના અરિહંતશરણ પામેલ છે. પત્નીઃ સ્વ. ઈંદિરાબેન. પુત્રઃ નિતિનભાઈ, વિક્રમભાઈ, પ્રશાંતભાઈ. પુત્રીઃ દર્શના જયેશભાઈ ભાયાણી, દીપા ગુરૂભાઈ પાટીલ, હર્ષા પરાગભાઈ દેસાઈ, બિંદુ સુનીલભાઈ કામત, રૂપલ અજયભાઈ ક્ષત્રિય. પુત્રવધૂઃ નિશા, બિજલ, ગાર્ગી. ભાઈઃ મહેન્દ્રભાઈ, જગદીશભાઈ, સ્વ. દિનેશભાઈ, સ્વ. વિનયભાઈ. બહેનઃ અરૂણાબેન ચંદ્રકાંત બજરિયા, પ્રેમીલાબેન પ્રદિપભાઈ સંઘવીના બહેન. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**સોરઠ વિશા શ્રીમાળી જૈન**
બુરાવદર નિવાસી હાલ વાલકેશ્વર, મુંબઈ સ્વ. શાંતિલાલ કાલીદાસ શેઠ તથા સ્વ. જશવંતીબેનના પુત્ર દિનેશભાઈ (ઉ.વ. ૭૮) મંગળવાર, તા. ૧૯-૫-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે પ્રતિભાબેનના પતિ. કાર્તિક - શ્વેતા, રૂચીર - પ્રિયાના પિતા. ઈશાન- સંજના તથા ઈશીકાના દાદા. શ્વસુર પક્ષે સ્વ. જયંતીલાલ પોપટલાલ વોરાના જમાઈ. કુંદનબેન - મનોજભાઈ, સ્વ. સુનંદાબેન - પ્રવિણભાઈ, હર્ષદાબેન - નીતિનભાઈ, બીનાબેન - ભાવેશભાઈના ભાઈ. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા રાખેલ નથી.

**ઝાલાવાડી વિશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**
ધ્રાંગધ્રા નિવાસી હાલ નવી મુંબઈ પ્રવિણભાઈ અમૃતલાલ કોઠારી તા. ૧૯-૫-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. પુષ્પાબેન કોઠારીના પતિ. હિતેશ, કેતન, નિમીષાના પિતાશ્રી. રૂપલ, કરુણા, રાજેન્દ્રભાઈના સસરા. યશની-કૃણાલ, ખુશાંક-અમીષા, સલોની-સેમ્યુઅલ, વિદિતના દાદા. વિરાજ - રિદ્ધિના નાના. પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૨૨-૫-૨૬ના સાંજે ૪.૩૦ થી ૬. સ્થળઃ માનવ સેવાસંઘ, સાયન.

**ઝાલાવાડી સ્થા. જૈન**
કાનીયાડ નિવાસી હાલ કાંદિવલી, દિનેશભાઇ બાબુલાલ શાહ (ઉ.વ. ૭૧) ૧૯/૫/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સ્મિતાબેનના પતિ. હેતલ અમિત પટેલના પિતા. શરદભાઈ, હરીશભાઈ, દિલીપભાઈ, શ્રીકાંતભાઈ, નલિનીબેન, ભાવનાબેનના ભાઈ. સાસરાપક્ષે સ્વ. ઇન્દીરાબેન કિશોરકાંત શાહના જમાઈ. પંકજભાઈ, સ્વ. હેમંતભાઈ, સ્વ. સંગીતાબેનના બનેવી. પ્રાર્થનાસભા ૨૪/૫/૨૬ના રોજ સવારે ૧૦.૩૦ થી ૧૨.૩૦. વર્ધમાન સ્થા જૈન સંઘ, ડાયમંડ ટોકીઝની સામે, એલ ટી રોડ, બોરીવલી વેસ્ટ.

**ઝાલાવાડી દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**
નગરા, નંદુરબાર, હાલે ઘાટકોપર, સ્વ. બાબુલાલ ઉજમશી વોરાના ધર્મપત્ની સવિતાબેન બાબુલાલ વોરા (ઉ.વ. ૯૪) તા. ૧૯/૫/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે ભરતભાઈ, જયેશભાઈના માતુશ્રી. કેતકીબેન, પ્રીતિબેનના સાસુ તથા શેફાલી, ચિંતન, ધાર્મિક, પ્રતિક, રૂષભના દાદી. અમલનેર નિવાસી હરિલાલ રતનશીભાઈ શાહની દિકરી. નગીનભાઈ, બિપીનભાઈના બેન. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**
બિદડાના કસ્તુરબેન કુંવરજી સાલિયા (ઉ.વ. ૯૬) તા. ૧૭/૫/૨૬ના અરિહંતશરણ પામેલ છે. દેવકાબેન શીવજી રણશીના પુત્રવધૂ. કુંવરજીના ધર્મપત્નિ. રમણીક, હરખચંદ, કંચનના માતાજી. ફરાદીના રત્નકુક્ષી દેવકાબેન ઠાકરશી રવજીની સુપુત્રી. જેવત વશનજી, મોટા આસંબીયા સાકરબેન જીવરાજ, રાણબાઈ દેવચંદ, બિદડાના જવેરબેન ખીમજી તથા પ.પૂ.સાધ્વી તત્વગુણાશ્રીજીના સંસારી બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. હરખચંદ કુંવરજી સાલિયા, વીંછી ફળિયો, બિદડા, કચ્છ, પીન-૩૭૦૪૩૫.

કોટડા રોહાનાં ધીરજભાઈ નિશર (ઉ.વ. ૭૫) તા. ૧૭-૫નાં દેશમાં અવસાન પામેલ છે. હીરબાઇ વેરશીના પુત્ર. નિર્મળાના પતિ. સ્વ. સંજય, ભાવના, નીતાના પિતા. ધીરેન્દ્ર, લક્ષ્મીચંદ, લક્ષ્મી, હાંસબાઈ, પુષ્પાના ભાઈ. વેલબાઇ વેલજીના જમાઇ. પ્રા. શ્રી કાલિદાસ મેરેજ હોલ, ગ્રાઉન્ડ ફ્લોર, પી. કે. રોડ, મુલુંડ (વે), મું. ૮૦. ટા. : ૩ થી ૫.

ટોડાના સુરજી દેવજી સંગોઇ (ઉ.વ. ૯૨) તા. ૧૯-૫-૨૬નાં અવસાન પામેલ છે. ઉમરબાઇ દેવજીના પુત્ર. લીલાવંતીના પતિ. પ્રદીપ, જ્યોત્સના, ગીરીશ, નીતીન, જયેશના પિતા. રાઘવજી, ટોકરશીના ભાઇ. કારાઘોઘાના સોનબાઇ પદમશી ધારશીના જમાઇ. પ્રા. શ્રી વ.સ્થા.જૈ.શ્રા.સં. કરસન લધુ નિસર હોલ, દાદર (વે.) ટા. ૪ થી ૫.૫૦.

મોથારાના નાનજી કાનજી ગડા (ઉ.વ. ૭૪) તા. ૧૯-૫ના અવસાન પામેલ છે. સુંદરબેન કાનજીના પુત્ર. મંજુલા/ગુણવંતીના પતિ. હિતેશ, રશ્મિ, તૃપ્તીના પિતા. જવેરચંદ, કુસુમ, અંજનાના ભાઈ. સાભરાઇ દેવકાબેન રવજી પાસડ, કેસરબેન લીલાધર કારાણીના જમાઈ. પ્રા. શ્રી વર્ધમાન સ્થા. જૈ. સંઘ સં. કરસન લધુ નિસર હોલ, દાદર (વે). ટા. ૨ થી ૩.૩૦.

# પુરુષ


મેલ મેટર્સ
અંકિત દેસાઈ
feedback@bombaysamachar.com

## માથે ટાલ પડવી એ આધુનિક અસુરક્ષિતતા છે?

### આનો ઉપાય : ટાલ સે તાલ મિલાતે ચલો?!

**પુરુષોમાં** વાળ ખરવા અને માથે ટાલ પડવી એ કોઈ નવી શારીરિક પ્રક્રિયા નથી, પરંતુ આજના આધુનિક અને ડિજિટલ યુગમાં આ સમસ્યા માત્ર એક શારીરિક બદલાવ મટીને એક ગંભીર માનસિક ચિંતા અને ‘ન્યૂ એજ ઇન્સિક્યોરિટી’ એટલે કે આધુનિક યુગની અસુરક્ષિતતા બની ગઈ છે. ભારતીય સમાજમાં ઐતિહાસિક રીતે પુરુષોના વાળને તેમના પૌરુષત્વ, આત્મવિશ્વાસ અને યુવાની સાથે જોડીને જોવામાં આવ્યા છે. જોકે છેલ્લા એકાદ દાયકામાં, ખાસ કરીને સોશ્યલ મીડિયાના આક્રમણ અને કૉર્પોરેટ કલ્ચરના વિકાસ પછી માથે પડતી ટાલ યુવાનો માટે રાતોરાત ઊંઘ હરામ કરી નાખનારો વિષય બની ગઈ છે. પચીસ કે ત્રીસ વર્ષની ઉંમરે પહોંચતાં જ વાળ ગુમાવવાનો ડર ભારતીય પુરુષોમાં એટલો વ્યાપી ગયો છે કે તે તેમના વ્યાવસાયિક અને વ્યક્તિગત જીવનને સીધી રીતે પ્રભાવિત કરી રહ્યો છે. આ પરિસ્થિતિ કેવળ મેડિકલ કારણોસર નથી સર્જાઈ, પણ તેની પાછળ સામાજિક દબાણ અને આધુનિક જીવનશૈલીના અનેક પરિબળ જવાબદાર છે.

આ નવી પેઢીની અસુરક્ષિતતા પાછળનું સૌથી મોટું ચાલક બળ ઇન્સ્ટાગ્રામ, ફેસબુક અને ડેટિંગ ઍપ્સ જેવાં ડિજિટલ પ્લૅટફૉર્મ્સ છે. સોશ્યલ મીડિયા પર ચોવીસ કલાક ઉપલબ્ધ રહેતી ફિલ્ટર્ડ અને પરફેક્ટ દેખાતી તસવીરોએ સુંદરતા અને આકર્ષકતાના એવા માપદંડો ઊભા કર્યા છે જેમાં સામાન્ય માણસ ફિટ બેસી શકતો નથી. ‘લુક્સ મેટર્સ’ના આ જમાનામાં યુવાનો પોતાની સરખામણી સતત બીજા લોકો સાથે કરતા રહે છે. ભારતીય યુવાનોમાં ડેટિંગ સંસ્કૃતિ ખૂબ ઝડપથી વધી રહી છે અને આ ઍપ્સ પર વ્યક્તિની પહેલી ઓળખ તેના દેખાવથી થાય છે. ઘટ્ટ અને સુંદર વાળ ધરાવતા પુરુષોને આજના યુગમાં વધુ સ્વીકાર્ય માનવામાં આવે છે, જેના કારણે ટાલ ધરાવતા યુવાનોમાં અસ્વીકારનો ડર ઘર કરી જાય છે. આ અસ્વીકારનો ડર માત્ર અંગત જીવન પૂરતો સીમિત નથી, પણ કૉર્પોરેટ જગતમાં પણ વ્યાપી ગયો છે. ભારતના સ્પર્ધાત્મક જૉબ માર્કેટમાં એવું માનવામાં આવે છે કે જે વ્યક્તિ યુવાન અને ઊર્જાવાન દેખાય છે, તેનામાં વધુ ક્ષમતા છે. ટાલના કારણે વ્યક્તિ પોતાની વાસ્તવિક ઉંમર કરતાં મોટી ઉંમરની દેખાવા લાગે છે, જે તેના આત્મવિશ્વાસને મોટો ફટકો મારે છે અને ઇન્ટરવ્યૂ કે ક્લાયન્ટ મીટિંગ્સ દરમિયાન તેને અસુરક્ષિત અનુભવ કરાવે છે.



ભારતમાં લગ્ન સંસ્થા અને તેની આસપાસ વણાયેલું સામાજિક માળખું પણ આ ઇન્સિક્યોરિટીને વધારવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. ભારતીય સમાજમાં હજુ પણ અરેન્જડ મૅરેજનું ચલણ વ્યાપક છે, જ્યાં લગ્નની બાયોડેટા કે મેટ્રિમોનિયલ સાઇટ્સ પર ફોટોગ્રાફ સૌથી પહેલું ફિલ્ટર બને છે. વાળ ઓછા હોવા અથવા ટાલ હોવાને કારણે અસંખ્ય લાયક યુવાનોનાં માગાં શરૂઆતમાં જ નકારી દેવામાં આવે છે. આ સામાજિક નકારાત્મકતા પુરુષમાં એવો લઘુતાગ્રંથિનો ભાવ પેદા કરે છે કે તે પોતાની ક્ષમતા હોવા છતાં પણ સમાજમાં પાછળ હટી જાય છે. આ જ કારણ છે કે ભારતમાં વાળ ખરવાની સારવાર અને હેર ટ્રાન્સપ્લાન્ટનું માર્કેટ અબજો રૂપિયાનું થઈ ગયું છે. તબીબી ભાષામાં જેને ‘એન્ડ્રોજેનિક એલોપેસિયા’ કહેવાય છે, તે વારસાગત ટાલની સમસ્યા હવે ભારતમાં ખૂબ નાની ઉંમરે એટલે કે વીસથી ત્રીસ વર્ષની વચ્ચે જ મોટા પાયે જોવા મળી રહી છે. આધુનિક ભારતનો યુવાન અત્યંત તણાવપૂર્ણ વાતાવરણમાં જીવે છે, જેમાં કરિયરની ચિંતા, ઑફિસનો ટાર્ગેટ, મોડી રાત સુધી જાગવું અને પોષણયુક્ત આહારનો અભાવ સામેલ છે. મેટ્રો શહેરોમાં વધતું પ્રદૂષણ અને કેમિકલયુક્ત પાણી આ સમસ્યાની અગ્નિમાં ઘી હોમવાનું કામ કરે છે.

જ્યારે કોઈ શારીરિક બાબત આટલી મોટી અસુરક્ષિતતા બની જાય છે ત્યારે બજાર તેનો ફાયદો ઉઠાવવા તત્પર બને છે. ભારતમાં આજે ગલીએ ગલીએ હેર ક્લિનિક્સ અને સલૂન ખૂલી ગયાં છે, જે ગૅરંટી સાથે વાળ પાછા લાવવાના દાવા કરે છે. આ બજાર પુરુષોની આ જ અસુરક્ષિતતા (ઇન્સિક્યોરિટી) પર નભે છે. ટીવી સ્ક્રીનથી લઈને સોશ્યલ મીડિયાની ટાઈમલાઈન સુધીની જાહેરાતો પુરુષને સતત એવો અહેસાસ કરાવે છે કે જો તમારા માથે વાળ નહીં હોય તો તમે અસફળ અને અનાકર્ષક રહી જશો... આ ડરના કારણે ભારતીય પુરુષો મોંઘાં તેલ, શૅમ્પૂ, લોશન, સીરમથી લઈને હેર ટ્રાન્સપ્લાન્ટ જેવી પીડાદાયક સર્જરીઓ પાછળ લાખો રૂપિયા ખર્ચવા તૈયાર થઈ જાય છે. ઘણીવાર તો યુવાનો દેવું કરીને પણ આવી સારવાર કરાવે છે, જે દર્શાવે છે કે આ ચિંતા કેટલી ઊંડી છે. આ એક એવો ગુપ્ત તણાવ છે જેના વિશે પુરુષો ખૂલીને વાત પણ કરી શકતા નથી, કારણ કે સમાજમાં પુરુષોની નબળાઈ કે માનસિક અસુરક્ષિતતાને સામાન્ય રીતે સ્વીકારવામાં આવતી નથી.

જોકે, આ ન્યૂ એજ ઇન્સિક્યોરિટીની સમાંતર હવે ભારતીય સમાજમાં એક નવો પ્રવાહ પણ ધીમે ધીમે આકાર લઈ રહ્યો છે. બોલિવૂડ અને પોપ કલ્ચરે લાંબા સમય સુધી ટાલ ધરાવતાં પાત્રોને કૉમેડી અથવા વિલન તરીકે જ દર્શાવ્યાં હતાં, પરંતુ તાજેતરનાં વર્ષોમાં ‘બાલા’ અને ‘ઉજડા ચમન’ જેવી ફિલ્મોએ આ વિષયને મુખ્ય પ્રવાહની ચર્ચામાં લાવી મૂક્યો છે. આ ફિલ્મોએ એ સ્વીકારવાની પ્રેરણા આપી છે કે વાળ એ વ્યક્તિની ઓળખ કે સફળતાનો એકમાત્ર માપદંડ હોઈ શકે નહીં. હોલિવૂડના કલાકારોની જેમ હવે ભારતમાં પણ ઘણા યુવાનો અને સેલિબ્રિટીઓ અધૂરા કે ખરતા વાળને છુપાવવાને બદલે માથું સંપૂર્ણ મુંડાવીને ‘બોલ્ડ લુક’ અપનાવતા થયા છે. આ બદલાવ વૈશ્વિક સ્તરે સ્વીકારાઈ રહેલા બૉડી પૉઝિટિવિટી આંદોલનનો એક ભાગ છે, જે પુરુષોને પોતાના કુદરતી દેખાવને સ્વીકારવાની હિંમત આપે છે.

અંતતઃ પુરુષમાં ટાલ પડવી એ કોઈ નવો રોગ નથી પણ આજના સમયમાં તેની આસપાસ સર્જાયેલું માનસિક દબાણ ચોક્કસપણે નવું છે. આ કટોકટી શારીરિક કરતાં વધુ મનોવૈજ્ઞાનિક છે. ભારતીય પુરુષોએ એ સમજવાની જરૂર છે કે આધુનિકતાના નામે બજારે ઊભી કરેલી સુંદરતાની વ્યાખ્યાઓમાં ફસાવાને બદલે પોતાના આત્મવિશ્વાસ અને વ્યક્તિત્વને મજબૂત બનાવવું વધુ જરૂરી છે. દેખાવ ક્ષણજીવી હોય છે, જ્યારે વ્યક્તિની આવડત અને તેનો સ્વભાવ કાયમી ઓળખ બને છે. સમાજે પણ વ્યક્તિના બાહ્ય દેખાવ પરથી તેનું મૂલ્યાંકન કરવાનું બંધ કરવું પડશે, જેથી આવનારી પેઢીના યુવાનો આવાં કૃત્રિમ સામાજિક દબાણો અને અસુરક્ષિતતાની ભાવનાથી મુક્ત થઈને તણાવમુક્ત જીવન જીવી શકે. ■



## ડિયર હની... તારો બન્ની

### પત્નીને પત્ર

કૌશિક મહેતા
feedback@bombaysamachar.com

## લો, બોલો... સ્ત્રીથી પક્ષીઓ પણ ડરે છે!

*ડિયર હની,*

*પુરુષ અને સ્ત્રી... કોણ કોનાથી ડરે છે? આવા સવાલનો સાદો સરળ જવાબ હોય છે પુરુષ સ્ત્રીથી ડરતો હોય છે. જોકે, આ વાયકા પુરુષપ્રધાન સમાજની છે. એક જોક છે, કોઈ પતિને પુછાયું કે, તમારે અને પત્ની વચ્ચે ઝઘડો થાય તો સૉરી કોણ કહે? પતિએ કહ્યું, હું જ કહું ને! આ જોક રદી લાગે પણ બહુ વાયરલ થયેલો છે. જોકે મેં એવા ઘણા બહાદુરોને જોયા છે કે જે બહાર તો સિંહ થઈને ફરતા હોય પણ ઘરમાં એમનું ચાલે નહિ. સૌરાષ્ટ્રના એક બળુકા રાજકારણી આજે સદેહે નથી પણ એમની જાહેરજીવનમાં જે છાપ હતી એ ઘરમાં જરાય નહોતી. પત્નીનો ફોન આવે તો પણ એ શિસ્તમાં આવી જતા. અલબત, આપણી વચ્ચે કોઈ એવી સમસ્યા નથી, પણ સાવ સાચું કહું તો મનેય તારાથી થોડો થોડો ડર તો લાગે જ છે. તું જ્યારે ગુસ્સે થાય ત્યારે હું તારી આસપાસ થોડો સમય ફરકતો નથી. ગુસ્સો ઓસરે એની રાહ જોઉં છું. આ વાત કેમ યાદ આવી? એવો પ્રશ્ન થશે તને. એનું કારણ એ છે કે, યુરોપમાં એક એવું સંશોધન થયું છે જેનું તારણ છે કે પક્ષીઓ પુરુષ કરતાં સ્ત્રીથી વધુ ડરે છે. હા, આ કોઈ ટાઢા પો’રની ગપ નથી. ફેબ્રુઆરી ૨૦૨૬માં થયેલું સંશોધન છે. ‘ચેક યુનિવર્સિટી ઑફ લાઇફ સાયન્સિસ’ના સંશોધક ડૉ. યાનિના બેનેડેટ્ટી અને તેમની આંતરરાષ્ટ્રીય વૈજ્ઞાનિકોની ટીમે આ વિષય પર ખૂબ જ ઊંડાણપૂર્વક અભ્યાસ કર્યો છે. તને થશે કે, આ બધી વાત વાહિયાત છે, પણ સંશોધન જે રીતે થયું છે અને એનાં તારણો આવ્યાં છે એ રૂઢ થયેલી વાતોનો છેદ ઉડાડે એવા છે.*

*વૈજ્ઞાનિકોએ યુરોપના પાંચ દેશ (ચેક રિપબ્લિક, ફ્રાન્સ, જર્મની, પોલૅન્ડ અને સ્પેન)ના શહેરી વિસ્તારો અને બગીચાઓમાં ૩૭ જુદી-જુદી પક્ષીની પ્રજાતિઓ (જેમ કે ચકલી, કબૂતર, કાગડા, બ્લૅકબર્ડ વગેરે) પર ૨,૭૦૦ કરતાં વધુ વખત પ્રયોગો કર્યા. આ પ્રયોગમાં સમાન હાઇટ અને એક સરખાં કપડાં પહેરેલાં પુરુષો અને સ્ત્રીઓને પક્ષીઓ તરફ એક સીધી રેખામાં ચાલવા માટે કહેવામાં આવ્યું હતું. પક્ષીઓ માણસને જોઈને કેટલા અંતરેથી ભાગી જાય છે તેને ‘ફ્લાઇટ ઇનિશિયેશન ડિસ્ટન્સ’ કહેવાય છે.*

*સંશોધનમાં જાણવા મળ્યું કે પક્ષીઓ સ્ત્રીઓની હાજરીથી વધુ ડરે છે અને તેમનાથી વહેલા ભાગી જાય છે. સ્ત્રીની સરખામણીમાં, પક્ષીઓ પુરુષોને સરેરાશ ૧ મીટર (આશરે ૩ ફૂટ) વધુ નજીક આવવા દે છે! આ પરિણામ કોઈ એક દેશ પૂરતું નહીં, પરંતુ પાંચેય દેશોમાં અને તમામ ૩૭ પ્રજાતિઓમાં એકસરખું જોવા મળ્યું હતું...!*

*આ સંશોધનના સહ-લેખક અને લોસ એન્જલસની ‘યુનિવર્સિટી ઑફ કેલિફૉર્નિયા’ના પ્રોફેસર ડેનિયલ બ્લમસ્ટીને જણાવ્યું કે પરિણામો સો ટકા સાચાં છે, પરંતુ હાલમાં વિજ્ઞાન પાસે એનો કોઈ ચોક્કસ જવાબ નથી કે આવું શા માટે થાય છે? (આમેય સ્ત્રીઓને કોણ જાણી-પારખી શક્યું છે!) અલબત, સામાન્ય રીતે એવું માનવામાં આવતું હતું કે ઇતિહાસમાં પુરુષો શિકાર કરતા હોવાથી પક્ષીઓ તેમનાથી ડરશે, પરંતુ અહીં પરિણામ તદ્દન ઊલટું આવ્યું છે.*

*સવાલ એ છે કે, પક્ષી સ્ત્રીથી વધુ કેમ ડરે છે? વૈજ્ઞાનિકો હાલમાં કેટલીક ધારણાઓ લગાવી રહ્યા છે કે, સ્ત્રી અને પુરુષનો ચાલવાનો અંદાજ, કમરનું હલનચલન અને પગલાંની લયમાં જે બારીક તફાવત હોય છે તેને પક્ષીઓ ખૂબ ઝડપથી પકડી લે છે. સ્ત્રીની ચાલવાની પૅટર્ન તેમને વધુ જોખમી લાગતી હોઈ શકે. પક્ષીઓની સૂંઘવાની શક્તિ પણ તીવ્ર હોય છે, કદાચ સ્ત્રીઓના શરીરના કોઈ ચોક્કસ હૉર્મોન્સ કે ગંધને તે જોખમની નિશાની માનતાં હોય. આ ઉપરાંત શરીરના હાવભાવ કે જોવાની રીતમાં રહેલા કોઈ એવા સૂક્ષ્મ સંકેત હોઈ શકે છે જે માણસો પારખી શકતા નથી, પણ પક્ષીઓની તીક્ષ્ણ નજર પકડી પાડે છે.*

*ડૉ. યાનિના બેનેડેટ્ટીએ નોંધ્યું છે કે આ સંશોધન પર્યાવરણ અને પક્ષીઓના વર્તનને સમજવા માટે એક નવો વળાંક આપશે, કારણ કે અત્યાર સુધી વૈજ્ઞાનિકો પ્રયોગ કરનાર માણસ પુરુષ છે કે સ્ત્રી તેને મહત્ત્વના પરિબળ તરીકે ગણતા નહોતા.*

*હવે આ સંશોધનના પગલે બીજાં પણ સંશોધન થશે, કારણ કે વિજ્ઞાન ચોક્કસ પુરાવા માગે છે.*

*સ્ત્રીને પારખવી મુશ્કેલ છે એવું જ્ઞાનીઓ કહેતા રહ્યા છે. સંસ્કૃત સાહિત્યમાં પણ એક પ્રખ્યાત પંક્તિ છે, ‘ત્રિયા ચરિત્રં પુરુષસ્ય ભાગ્યં, દેવો ન જાનાતિ કુતો મનુષ્યઃ’ એટલે કે સ્ત્રીનું ચરિત્ર અને પુરુષનું ભાગ્ય દેવો પણ નથી જાણી શકતા, તો માણસની શું વિસાત! એમ પણ માનવામાં આવે છે, સ્ત્રીની અંતઃપ્રેરણા અથવા સિક્સ્થ સેન્સ ખૂબ જ તીવ્ર હોય છે. કોઈ વ્યક્તિના ઇરાદા કે ઘરની પરિસ્થિતિને તેઓ પુરુષો કરતાં ઘણી વહેલી પારખી લે છે. પુરુષો જ્યારે કોઈ સમસ્યાનો ઉકેલ લાવવા માટે પુરાવા કે તર્ક શોધતા હોય ત્યારે સ્ત્રી પોતાની કોઠાસૂઝથી તેનો નિર્ણય લઈ લેતી હોય છે. આ જ કારણે પુરુષને તેમનો નિર્ણય અકળ લાગે છે.*

*એટલે બીજી બધી વાતોને બાજુમાં મુકીએ, કવિઓની વાત માનીએ. કવિઓ કહે છે કે ‘સ્ત્રી એ કોઈ ગણિતનો કોયડો નથી જેને ઉકેલવાનો હોય, પણ એ તો સંગીતની એક સુંદર ધૂન છે જેને માત્ર અનુભવવાની હોય.!’*

*સત્ય વચન સત્ય વચન!*

*તારો બન્ની*

# સંધ્યા છાયા

feedback.ladki@bombaysamachar.com
નીલા સંઘવી

## એક દીકરી આવી પણ...

### ‘નાની’ ખરા અર્થમાં ‘મોટી’ ઠરી!

**દીકરી** એટલે વહાલનો દરિયો. દીકરી એટલે મા-બાપનાં કાળજાનો કટકો. દીકરી એટલે માતાની સહેલી અને પાપાની પરી. આપણાં મનમાં તેમ જ સમાજમાં એક માન્યતા ખરી કે દીકરો મા-બાપને તરછોડે પણ દીકરી ન તરછોડે. દીકરી પોતાના કપરા સંજોગોમાં પણ માબાપને સાચવી લે. દીકરા કરતાં દીકરીને માતાપિતાનું વધારે દાઝે. સમાજમાં મોટાભાગે આપણને આ પ્રમાણેનું વાતાવરણ જોવાં મળે છે, પણ આ કળિયુગ છે અને કળિયુગમાં બધું ઊલટું થઈ શકે છે, કાંઈ પણ આપણે વિચારી ના શકીએ તેવું બની શકે છે. આવો જ એક પ્રસંગ અહીં આલેખવો છે.

કુસુમબહેનને એક દીકરો અને બે દીકરી. પતિનું અવસાન થયું ત્યારે કુસુમબહેન અને તેમના પતિ બંને દીકરા સાથે જ રહેતાં હતાં, તેથી પતિના અવસાન બાદ પણ સ્વાભાવિકપણે જ કુસુમબહેન ત્યાં જ રહે. પતિના અવસાન બાદ કુસુમબહેનને દીકરા-વહુના વર્તનમાં ફરક લાગવા માંડ્યો. થોડો વખત તો કુસુમબહેને નજરઅંદાજ કર્યું, પણ ધીમે ધીમે તેમને લાગ્યું કે વહુ મીઠું મીઠું બોલીને એક પછી એક બધાં જ કામ તેમની પર નાખવાં લાગી છે. પોતે શેઠાણીની જેમ બેસે છે અને કુસુમબહેન કામવાળીની માફક કામ કરે છે. કુસુમબહેનને કામ કરવાનો જરાય વાંધો નથી. તેઓ કામઢાં છે. પતિની હાજરીમાં પણ તેઓ કાંઈ બેસી રહેતાં ન હતાં. વહુને કામમાં મદદ તો કરતાં જ હતાં. પણ એ મદદ તેઓ પોતાની મરજીથી કરતાં હતાં. કોઈવાર મન ન થાય તો ન પણ કરે. પણ હવે તો એવી પરિસ્થિતિ થઈ ગઈ છે કે ફરજિયાત તેમને કામ કરવું જ પડે. વહુ પોતાના રૂમમાંથી બહાર જ ન આવે. રસોઈ થઈ જાય પછી જમવા માટે જ બહાર આવે. જમીને પાછી રૂમમાં ઘૂસી જાય અને ટી.વી. જોવા માંડે. એટલે બધાના જમી રહ્યા પછીનો ઢાંકોઢૂંબો અને ગેસ વગેરે સાફ કરવાનું, દહીં જમાવવાનું બધું કામ કુસુમબહેને જ કરવું પડે. મીઠું મીઠું બોલીને કામ કરાવતી વહુ ધીરેધીરે હુકૂમ છોડતી થઈ ગઈ. દીકરો બધું જોતો હતો પણ કાંઈ બોલતો ન હતો. એક દિવસ કુસુમબહેનને તાવ આવ્યો હતો, આખું શરીર કળતું હતું. પથારીમાંથી ઊભાં થવાનું મન થતું ન હતું તેથી સૂતાં રહ્યાં. વહુ આવીને બોલી, ‘કેમ મમ્મી, આજે રસોઈ નથી બનાવવાની?’



‘વહુ આજે મને ઠીક નથી. તું બનાવી લે.’

વહુ ચાલી ગઈ. થોડીવારમાં પાછી આવીને બોલી, ‘લો ક્રોસિન લઈ લો. આવી નાની નાની બાબતોમાં પડ્યા થોડું રહેવાય? ઊભાં થાવ ને દવા લઈને રસોડામાં જાવ.’

કુસુમબહેનને ન છૂટકે બધાં કામ કરવાં પડ્યાં. તેમને બહુ ખરાબ લાગ્યું. તેમણે નાની દીકરીને ફોન કરીને વાત કરી. દીકરી આવીને માને લઈ ગઈ.

નાની દીકરીને ત્યાં કુસુમબા સુખચેનથી રહેતાં હતાં. પાંચ-સાત વર્ષ થયાં અને જમાઈને અમેરિકા જવાનું થયું. થોડો વખત પછી દીકરીને પણ જવાનું થયું. હવે દીકરી મૂંઝાણી. માનું શું કરવું? તેણે પોતાના ભાઈને ફોન કરીને વાત કરી. ભાઈએ માને રાખવાની ચોખ્ખી ના પાડી દીધી. નાની દીકરીએ પોતાની મોટી બહેનને ફોન કરીને બધી વાત કરી અને માને તેનાં ઘરે રાખવા વિનંતી કરી. મોટી બહેન માને સાચવવા રાજી થઈ ગઈ. નાની બહેન નિશ્ચિંત થઈ ગઈ. તેણે માને મોટી બહેનને ત્યાં મૂકી દીધી.

મોટી બહેને માને થોડો સમય તો ઠીક રીતે સાચવી, પણ સમય જતા તે માને અપમાનિત કરવા લાગી. માને પણ જાણ ન થાય તે રીતે ગામમાં માનું ઘર હતું તે પોતાને નામે કરીને સહી કરાવી લીધી. મા પાસે જે થોડા ઘણાં પૈસા અને ઘરેણાં બચ્યાં હતાં તે હડપી લીધાં અને પછી માને કીધું કે ‘હવે મેં તને ઘણો વખત રાખી. હવે તું તારો રસ્તો કરી લે.’ મા તો ડરી જ ગઈ. હવે શું કરવું? નાની દીકરી તો છેક અમેરિકા હતી. કોને કહેવું? દીકરાને ફોન કર્યો, દીકરાએ ફરી ઇનકાર કરી દીધો. કુસુમબહેને પોતાના એક સંબંધીને વાત કરી. તે સંબંધીએ નાની દીકરીને ફોન કરીને બધી હકિકત જણાવી. નાની દીકરી તો ડરી જ ગઈ. હવે માનું શું ? મા પાસે તો પાસપોર્ટ પણ નથી અને પાસપોર્ટ હોય તો પણ ટ્રમ્પના રાજમાં વિઝા મળવા કાંઈ સહેલું કામ નથી. હવે માનું શું કરીશ? માની ચિંતામાં નાની દીકરી અડધી થઈ ગઈ. તેના પતિએ તેને કહ્યું, ‘તું ઈન્ડિયા જા અને માની યોગ્ય વ્યવસ્થા કરીને આવ.’

નાની દીકરી છેક અમેરિકાથી ઈન્ડિયા આવી. મોટી બહેનના ઘરે ગઈ. મોટી બહેને રોકડું પરખાવ્યું, ‘હવે મારાથી મા નહીં સચવાય, તારે જ્યાં લઈ જવી હોય ત્યાં લઈ જા એને.’

નાની બહેને કહ્યું, ‘અઠવાડિયું સાચવી લે માને, હું તેના રહેવાની વ્યવસ્થા કરું છું.’

નાની દીકરીએ ઇન્ટરનેટ પર વૃદ્ધાશ્રમોની યાદી તપાસી. તેમાંથી બે-ત્રણ વૃદ્ધાશ્રમ તેને પસંદ આવ્યા. ત્રણેય જગ્યાએ જઈ આવી પછી તેણે એક વૃદ્ધાશ્રમ પર પસંદગી ઉતારી. માને લઈ જઈને વૃદ્ધાશ્રમમાં દાખલ કરી. માને વૃદ્ધાશ્રમમાં મૂકતા નાની દીકરી પોરા પોરા આંસુએ રડી. જ્યારે નાની દીકરીને પોતાની મોટી બહેને માનું બધું છીનવી લીધું છે તેવી ખબર પડી ત્યારે તે હતપ્રભ બની ગઈ. પોતાની બહેને છેક આવું કર્યું. એક દીકરી થઈને મા સાથે આવું વર્તન? આ કળિયુગમાં કોણ દીકરો અને કોણ દીકરી?

આ જ કારણ હશે કદાચ આજના યંગ કપલ્સ DINK (Double Income No Kids) રહેવાનું પસંદ કરતા હશે. ■

મુંબઈ સમાચાર YouTube ગુજરાતી
ગૃહિણી સાથે ગોસિપ
રોજિંદા કામકાજની વ્યસ્તતા વચ્ચે મેળવો હળવી પળો અને રસપ્રદ વાતોનો ખજાનો.
મુંબઈ સમાચારની ઓફિશિયલ ગુજરાતી યુટ્યૂબ ચેનલ પર સવારે ૧૧ વાગ્યે.
https://youtu.be/nxJZ44C0nyl
આજે જ સબસ્ક્રાઇબ કરો અને જોડાયેલા રહો!

# લાડકી


કથા કોલાજ
કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@bombaysamachar.com

# હું ને લલિત સતત ડરતા કે મારી મા મરી જશે તો અમે શું કરીશું?

(ભાગઃ ૨)

**નામઃ અરુંધતિ રોય**
સમયઃ ૨૦૨૬
સ્થળઃ દિલ્હી
ઉંમરઃ ૬૪ વર્ષ

હું એવું માનું છું કે દરેક વ્યક્તિની પાછળ એનો ઉછેર અને એના માતા-પિતાના ડીએનએ કામ કરતા હોય છે. અરુંધતિ રોય આજે જે કંઈ છે એમાં મેરી રોયનો ફાળો ઓછો નથી. જોકે, મારી મા સાથે એ જીવંત હતી ત્યાં સુધી મારે કોઈ દિવસ પ્રેમના સંબંધો રહ્યા નહીં. હું ઘર છોડીને નીકળી ગઈ. મેં ઘરે જવાનું છોડી દીધું. આર્કિટેક્ચરના ત્રીજા વર્ષમાં, દિલ્હી ભણતી હતી ત્યારે મેં મારી મા સાથે વાત કરવાનું પણ બંધ કરી દીધું. એ વખતે હાઈ સ્કૂલ પૂરી થાય ત્યારે મોટાભાગના લોકોની ઉંમર સોળ વર્ષ વટાવી જતી. હું કેરાલામાં મોટી થઈ, એટલે મને દિલ્હીની ગરમી અસહ્ય લાગતી. હરિયાળો પ્રદેશ, બેકવોટર્સ, દરિયાને કિનારે કિનારે વસેલા છાપરાવાળા ઘરો, લૂંગી પહેરેલા કાળા લોકો, દરેક ગામનું ચર્ચ અને એ ચર્ચમાં દર રવિવારે ભેગા થતા દોઢસો લોકો, જે સહુ એકબીજાને ઓળખતા હતા... મારે માટે એ જ મારી દુનિયા હતી. અયેમેનેમ-મારું ગામ. દિલ્હીથી ત્રણ દિવસ અને બે રાત દૂર હતું. મારી મા ઈચ્છતી હતી કે હું ભણું... એને માટે શિક્ષણથી આગળ કશું નહોતું. એ વારે વારે કહ્યા કરતી, હું ભણેલી હતી, માટે મારા પગ પર ઊભી રહી શકી. ભણીશ નહીં તો આ દુનિયામાં તારું કંઈ નહીં થાય.



મારી મા કેરાલાથી ચેન્નઈ જઈને ભણી. અંગ્રેજી સાહિત્યમાં એમ.એ. થઈને એણે કલકત્તામાં નોકરી લીધી. માતા-પિતાના વિરોધ છતાં એ કલકત્તા ગઈ, કારણ કે એણે મારા પિતાને મળવાનું હતું... હું કુંડળી કે ભાગ્યમાં નથી માનતી, તેમ છતાં કર્મ અને લોકોના એકબીજા સાથેના કનેક્શનમાં ચોક્કસ માનું છું. ઘણી વાર મને લાગે છે કે માણસો એકમેકને એકબીજાના ઋણ અદા કરવા માટે મળતા હોય છે. મારી મા મેરી રોય ભારતના દક્ષિણ પ્રદેશમાંથી આવેલી એક ક્રિશ્ચિયન સ્ત્રી ને મારા પિતા ભારતની પૂર્વમાં વસતા એક બંગાળી... બંને જણા મળ્યાં, પ્રેમ થયો અને છ મહિનાની ઓળખાણમાં એણે રાજીબ (મિકી) રોય સાથે લગ્ન કરી લીધા.

કેરાલિયન ક્રિશ્ચિયન છોકરી એક બંગાળી છોકરા સાથે લગ્ન કરે એનો વિરોધ માત્ર કેરાલાના પરિવારમાં જ નહીં, બંગાળી પરિવારમાં પણ થયો જ. એ વખતે આંતરજ્ઞાતિય લગ્ન સામાન્ય નહોતા, પણ મારી માને તો કશું ય સામાન્ય કરવામાં રસ જ નહોતો. એને માટે જીવનમાં એના પોતાના કાયદા અને નિયમો હતા. એને જે યોગ્ય લાગે, તે એનું સત્ય! મારા પિતા સાથે લગ્ન કર્યા પછી એમનાં પરિવારે પણ બહિષ્કાર કર્યો, એટલે મારા પિતા શિલોંગમાં એક ચાના બગીચામાં મેનેજરની નોકરી લઈને આસામ શિફ્ટ થઈ ગયા. મારી મા ત્યાં એક નાનકડી સ્કૂલમાં ભણાવતી. હું માનું છું ત્યાં સુધી શરૂઆતમાં એમના લગ્નમાં બહુ પ્રોબ્લેમ નહોતો. ચાના બગીચાની એકલતા અને વિકાસની કોઈ તક ન હોય એવા વિસ્તારમાં લાંબા સમય સુધી રહેવાથી કદાચ કોઈને પણ હાતાશા અને ફ્રસ્ટ્રેશનની લાગણી થાય.

એક બુદ્ધિશાળી, સંગીત પ્રેમી અને સારું પેઈન્ટિંગ જાણતી વ્યક્તિ ચાના બગીચામાં કેટલો વખત કામ કરી શકે? મજૂરોને મેનેજ કરવાના, દર અઠવાડિયે પગાર કરવાનો, ચાની ફેક્ટરીઓ ઉપર વિઝિટ કરવાની, ખોખા પેક કરાવવાના, માલ ચઢ્યો કે નહીં એનો હિસાબ રાખવાનો અને વહેલી પડી જતી સાંજ સાથે કોઈ સોશ્યલ લાઈફ વગર જીવવાનો ધીરે ધીરે એમને કંટાળો આવવા લાગ્યો હતો. એમણે સાંજે શરાબ પીવાનું શરૂ કર્યું. બે નાનાં બાળકો સાથે આર્થિક અને માનસિક સંઘર્ષ કરતી મારી મા એમને પ્રેમથી સમજાવી શકી હોત, કદાચ! પરંતુ, એની ઉંમર પણ એવી સમજદાર નહીં હોય-એટલે પહેલાં ગુસ્સો, દલીલો અને પછી મારપીટ શરૂ થઈ ગઈ. મારી મા માર ખાઈને કંટાળી હશે એટલે એક દિવસ એણે બંને બાળકોને લઈને ઘર છોડી દીધું. હું ત્રણ વર્ષની હોઈશ... અમે કેરાલા પાછા ફર્યા ત્યારે હું પહેલીવાર મારી માના પિયરના ઘરમાં દાખલ થઈ. અત્યાર સુધી રાજીબ રોય સાથે લગ્ન કરવા માટે એને માફ નહીં કરનારી મારી નાની અમને જોઈને પિગળી ગયાં.

ત્રણ વર્ષની દીકરી અને પાંચ વર્ષના દીકરા સાથે મારી મા મારા મોસાળમાં દાખલ થઈ ત્યારે ભારત-ચીનનું યુદ્ધ ચાલી રહ્યું હતું. મારી નાનીએ તો અમને સ્વીકાર્યા, પણ મારા મામાઓ અને ગામના લોકોએ મારી માના પાછા આવવા વિશે એટલા બધા ટોણાં માર્યા કે મારી માના સ્વમાની સ્વભાવથી એ સહી શકાયું નહીં. બે-ચાર દિવસ અમારા ગામમાં રહીને મારી માએ ઉટી જવાનો નિર્ણય કર્યો.

અમે ઉટી પહોંચ્યાં. એક તૂટેલું, સતત ભેજવાળું ઘર અમને સસ્તા ભાડે મળી ગયું. એ ચોમાસાના દિવસો હતા. બહાર સતત ધુમ્મસ રહેતું. દિવસનો અડધો ભાગ વરસાદમાં વિતી જતો. ભયાનક ઠંડીને કારણે ભેજવાળા ઘરમાં રહેવું અશક્ય થઈ પડતું, તેમ છતાં બીજો કોઈ રસ્તો નહોતો. મારી માને અસ્થમા હતો. ઠંડી અને ભેજને કારણે એ સતત ખાંસતી રહેતી. હું અને લલિત સતત ડરતા કે મારી મા મરી જશે તો અમે શું કરીશું? મારું બાળપણ ભય અને અસુરક્ષાથી ભરેલું હતું. મેરી રોય ખૂબ બીમાર રહેતી, પણ એણે અમારા ભોજન અને એની દવા વચ્ચે પસંદગી કરવી પડતી. સ્વાભાવિક રીતે જ અમારે માટે ભોજન ખરીદવું એની પ્રાયોરિટી હતી. એ ઊભી થઈને રાંધી શકતી નહીં. ક્યારેક અમને જોઈને પડોશીઓને દયા આવતી એટલે કોઈ અમને બ્રેડ કે લોફ આપી જતા. અમે ભૂખ્યા ડાંસ થઈને તૂટી પડતા. હું બહુ નાની હતી એટલે મારે માટે કદાચ આ સ્થિતિ સમજવી અઘરી હતી એટલે દુઃખ પણ ઓછું જ હતું, પરંતુ લલિત સમજણો હતો. વળી એને આસામના સારા દિવસો યાદ હતા...

પિતા અને એમની સાથે વિતાવેલા વ્હાલસોયા, સુખના દિવસોને યાદ કરીને લલિત વધુ દુઃખી થતો. હું હવે વિચારું છું તો મને સમજાય છે કે જેણે સુખ જોયું જ ન હોય એને માટે દુઃખ બહુ અઘરું નથી હોતું, કારણ કે એને માટે પોતે જે સ્થિતિમાં છે એ જ સ્વાભાવિક અને સહજ સ્થિતિ છે... વિતી ગયેલું સુખ વધુ દુઃખ આપે છે, એ વાત મને આજે સમજાય છે. મારે માટે તો ત્યારે ગરીબી કે ભૂખ એટલું સામાન્ય હતું કે મને એમાં કંઈ અજુગતું લાગતું નહીં.


મારી મા પોતાના ભાઈ-બહેન અને માતાથી ખૂબ નારાજ હતી. ઉટીથી એણે બે-ચાર પત્રો લખીને અમારી સ્થિતિ વિશે જણાવવાનો પ્રયત્ન કર્યો હતો. આ એના સ્વમાન સાથેનું સમાધાન હતું, તેમ છતાં કદાચ એને અમારી દયા આવતી હતી! એના એ પત્રોનો જવાબ ન આવ્યો એ પછી એણે આશા છોડીને પોતાનું જીવન પોતાની રીતે ગોઠવવાનું નક્કી કર્યું. ઉટીના દિવસોએ મને અસુરક્ષાની સમજ આપી. સાચું પૂછો તો અસુરક્ષા સમજાઈ જાય પછી જીવનમાં ભય રહેતો નથી. અમે જે રીતે જીવતા હતા એને કારણે અમને જે અન્યાય થતો હતો એ પણ મને બાળપણમાં જ સમજાઈ ગયો. બીજાં બાળકો કરતાં અમે અભાવ અને અસ્થિરતામાં જીવી રહ્યાં હતાં એ સમયે મને જીવનભરની હિંમત આપી છે.

એક ત્રણ વર્ષની બાળકીની મા મરી જાય... એની પાસે ખાવાનું ન હોય, રહેવાની જગ્યા ન હોય, અન્ય કોઈ સગું ન હોય અને પાંચ વર્ષનો ભાઈ એને માટે કશું ન કરી શકે એની અસહાયતામાં ભાઈ રડ્યા કરે... એ મારા જીવનનો સૌથી કપરો, અઘરો અને અસહ્ય સમય હતો. એનાથી ખરાબ મારી સાથે કંઈ નહીં થાય એ વિચારે મને હંમેશાં ટકી રહેવાનો આત્મવિશ્વાસ અને બહેતર સમય આવશે એવી આશા આપી છે.

(સાભારઃ મધર મેરી કમ્સ ટુ મીઃ અરુંધતિ રોય) (ક્રમશઃ)■

લાફ્ટર આફ્ટર
પ્રજ્ઞા વશી
feedback.ladki@bombaysamachar.com

# મહેમાનોની કૅટેગરી... તે કેવી કેવી?!




જી હા, આ લેખનું શીર્ષક બરાબર વિચારીને જ આપેલું છે.

તમને કદાચ થશે : મહેમાનની વળી કૅટેગરી હોય?

હા, હોય... દરેક વ્યક્તિની આંખે મહેમાન ભિન્ન ભિન્ન રીતે મૂલવાતો હોય છે. હવે તમે કહેશો એ વળી કઈ રીતે? તો લ્યો, મહેમાન યજમાનની નજરે...

પચાસેક વરસ પહેલાં અમારાં ગામમાં ત્રણ ફળિયાં હતાં. સામસામે બે ફળિયાં અને એક ત્રીજું ફળિયું પાછળ. ગામમાં એક સવારે છુક... છુક... (કોલસાની) ગાડી આવે અને એક સાંજે.

સવાર-સાંજ ટ્રેન આવવાના સમયે બધા લગભગ ઓટલે ડોકિયાં કરે, કારણ કે કોને ત્યાં મહેમાન આવ્યા છે, કયા પ્રકારના છે, હાથમાં કેટલો સામાન છે, કુલ સંખ્યા કેટલી છે, જાણીતા છે કે અજાણ્યા લાગે છે એ જાણવામાં આડોશી-પાડોશીને રસ હોય. જોકે બપોરે ગામના નવરાઓ, વૃદ્ધો અને ખુફિયા એજન્સીના કારભારીઓ ટપાલીની પણ આતુરતાથી રાહ જોતાં હોય. ટપાલ કોને ત્યાં આવી, પોસ્ટકાર્ડ હતો કે પછી મોટા બંધ કવરમાં ઘણી બધી ટિકિટ અને ઘણા સિક્કા મારેલો કાગળ હતો... એ વાત એક કલાકમાં ત્રણેય ફળિયામાં ઇન્ટરનેટ નહોતું, છતાં લાઇવ પંચાતિયાઓ મુખ્ય મુખ્ય કારભારીઓને મુખામુખ કહી આવતા.

હાથમાં મોટી બૅગ ના હોય તો આ મહેમાન રહેવાનો નથી. મોટી બૅગો હોય તો મહિના એકનો ધામો જરૂર નાખશે. ઉનાળાના વેકેશનમાં પધારે તો કેરી ગાળો ઊજવીને જ જશે. બાળકો સાથે આવ્યાં હોય અને સામાન ઘણો હોય તો એ પણ એકાદ મહિનાની કૅટેગરીમાં આવે. હાથમાં એકાદ થેલી જ હોય અને એકલદોકલ હોય તો એક-બે દિવસના મહેમાનની કૅટેગરીમાં આવે.

બીજે દિવસે તો મહેમાન શું શું લાવ્યા અને કેવું લાવ્યા એ વાત પણ આખા ગામમાં પહોંચી જાય. આવેલી ભેટ સોગાદ ઉપરથી પણ મહેમાનની કૅટેગરી નક્કી કરાતી. અરે! અમેરિકા, લંડન, કૅનેડા કે આફ્રિકા જેવા દેશમાંથી આવતા મહેમાનો તો સ્વર્ગલોકમાંથી ઊતરી આવેલા દેવતાઓની કૅટેગરીમાં આવતા.

જેને ત્યાં વિમાન માર્ગે મહેમાન આવે તો એ ઘરના લોકોનો પણ ભાવ વધી જતો. બે મહિના પહેલાં આવેલા કાગળમાં જો ખબર આવે કે 'અમે ઉનાળા વેકેશનમાં ગામ આવીએ છીએ' તો એ ખબર એક કલાકની અંદર અંદર ગામ આખામાં પ્રસરી જાય અને સાથે શૅરબજારની માફક એ ઘરના ભાવ વધી જાય. કારભારીઓ તરત જ શુભેચ્છા પાઠવવા આવવાના શરૂ થઈ જાય. કેટલાક કારભારી આવનાર મહેમાન સાથે પોતાનો કેટલો ગાઢ ઘરોબો છે એ કહીને આવનારને ત્યાં કોઈ પરણવા લાયક દીકરા દીકરી છે કે નહીં તે જાણીને કોનાં ચોકઠાં કોની સાથે ગોઠવી શકાશે એ પળોજણમાં લાગી જાય છે. રામલો કહીને સંબોધન કરનારા 'કેમ છો રામભાઈ? તમારા તો મોટાભાઈ, ભાભી અને એમનાં છોકરાં પરદેશથી આવવાનાં. તે કંઈ કામકાજ હોય તો અમને તરત બોલાવજો. પાપડ, પાપડી, અથાણાં કરવાનાં હોય તો અમારી ઘરવાળી છે જ અને મહેમાનને ચા-પાણી તેમ જ જમવાનું પણ ગોઠવી દેજો...' આમ એ વખતે પરદેશી મહેમાનો નંબર વન કૅટેગરીમાં મુકાતા. હવે તો યુગ બદલાયો એની સાથે મહેમાનોને પારખવાની શક્તિ પણ લોકોમાં આવી. એક પર્ફ્યુમ અને એક શર્ટ કે સાડીમાં પ્રભાવિત થતા લોકો ભોળા હતા અને દિવાસ્વપ્નો જોતા હતા કે અમને પણ પરદેશ બોલાવીને સેટ કરશે, પણ પછી સમજાયું કે આજે કોઈ કોઈનું નથી.

હવે તો ફોન આવે કે પત્ર આવે, તરત જ યજમાન પોતે જ ફરવા જવાનું બહાનું કાઢીને મહેમાનના મનોરથ પર ટાઢું પાણી છાંટી દે છે. ક્યાં તો પછી જે મહેમાન આવે એવી શક્યતા હોય તેવા મહેમાનોને ત્યાં જ યજમાન પોતાનાં બાળગોપાળ સહિત ધામા નાખી દે! પેલા મહેમાન જેટલા દિવસ રહી ગયા હોય એનાથી પણ વધારે દિવસો રહીને બોધપાઠ શીખવી દે!

રામજીભાઈ એકવાર મુંબઈમાં મહેમાન બનેલા અને રાત્રે પત્ની રસોડાના પ્લૅટફૉર્મ પર અને રામજીભાઈ ટૉઇલેટ અને ડાઇનિંગ ટેબલની વચ્ચેની ગલીમાં સૂતા, પણ રાત્રે ઉંદર શરીર ઉપર દોડ્યા અને નાનકો એમના ઉપરથી અંધારામાં ચાલીને વૉશરૂમમાં ગયો. એ પછી મળસકેની ટ્રેનમાં બેસીને રામજીભાઈએ મુંબઈને રામ રામ કરેલું અને એટલે જ તમે જુઓ, ગની દહીંવાલા લખે છે કે, 'તમારા અહીં આજ પગલાં થવાનાં, ચમનમાં બધાને ખબર થઈ ગઈ છે.'

(જોકે હવે કોઈ આવું લખવાની ભૂલ ક્યાં કરે જ છે! કે પછી 'મોઘેરા મહેમાનો... પુનઃ પધારજો અમ આંગણે...' એવું લખવાની ભૂલ કોઈ સ્વપ્નમાં પણ કરતું નથી અને કોઈ એવું બોલતું કે ગાતું પણ નથી. અને હા, મહેમાનો ઉપર સ્વાગત શાયરી લખનારના ઘરે અવશ્ય મહેમાન બનીને માથે પડજો, જેથી બીજી વાર સ્વાગત શાયરી લખવાની ભૂલ ન કરે. ■

ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી
શ્વેતા જોષી અંતાણી
feedback.ladki@bombaysamachar.com

# ટીનએજ સંબંધોમાં કેમ સર્જાય છે આવી ગેરસમજ...

## આ સમયના સંબંધ તમારા જીવનને સહારો આપે - બરબાદ ન કરે ...!



ધૈર્યના ધીર-ગંભીર અને ધ્યેય લક્ષિત જીવન પર કાવ્યા હાવી થવા લાગેલી. ભણવાના સમયે વચ્ચે વાતો કરવી, ટ્યુશન પછી સાથે એકાદ કલાક કાફેમાં બેસવું, કાવ્યાની અનુકૂળતા મુજબ એને લેવાં-મૂકવા જવી. સવારે મમ્મીની હાજરીમાં વાત ના થાય માટે રાતના સમયે વધુ વાંચવું અને અંતે ઉજાગરાના કારણે બીજા દિવસે સવારે બેડમિન્ટનમાં પ્રેક્ટિસ બગડવી.

ધૈર્યને ખુદને એવું લાગતું કે પોતે બદલાય રહ્યો છે. કાવ્યાને બહાર જવું હોય અને એ જો પ્રેક્ટિસમાં વ્યસ્ત રહે તો કાવ્યા ખોટું માની જતી. એનું ધાર્યું ના થાય એટલે રોવાં-રસડવાનું ચાલુ થઈ જતું. ધૈર્ય ગિલ્ટનો માર્યો એને વધુ મનાવવાનો પ્રયત્ન કરતો. એટલા માટે નહીં કે એણે કંઈક ખોટું કર્યું છે, પણ એટલા માટે કે કાવ્યાના વર્તનથી એ જાતને બેજવાબદાર માનવા લાગતો.

એક બપોરે ધૈર્યએ સ્કૂલમાં બે છોકરાને પોતાની વાત કરતા સાંભળ્યા. બાસ્કેટબોલ કોર્ટ તરફથી નીકળતા એ બન્ને છોકરા મશ્કરી કરતાં બોલી રહેલા, 'કાવ્યા છ મહિનાની અંદર એને ફ્રેન્ડઝોનમાં નાખી દેશે. અરે, યાર એક છોકરી માટે ધૈર્ય પોતાની આખી કેરિયર બગાડી રહ્યો છે...!'

ધૈર્યને પહેલાં તો ખૂબ ગુસ્સો આવ્યો. એને થયું બેયની બોચી પકડી થપ્પડ મારી દે, પણ એ અટક્યો. થોડો વિચારમાં પડી ગયો કે કાવ્યાએ અન્ય કોઈ સાથે પહેલાં આવું કર્યું હશે તે એ છોકરાઓ આમ બોલી રહેલાં! એ રાત્રે એક તરફ ટેક્સબુક હતી અને બીજી તરફ કાવ્યાના ધોધમાર મેસેજીસ. વાંચવાનું પડતું મૂકી કાવ્યાને જવાબ આપતાં ધૈર્યની નજર સમક્ષ પેલા છોકરાઓએ બોલેલા શબ્દો તરવાં લાગ્યા :

'શું એ પોતાની કારકિર્દી બગાડી રહ્યો છે? બોર્ડ એક્ઝામ્સ નજીક છે. નેશનલ ચેમ્પિયનશિપના ભણકારા વાગી રહ્યાં છે. હમણાં એની તારીખો આવીને ઊભી રહેશે. હું શું કરીશ?' પહેલી વાર એને બીક લાગી. ખેર, પરીક્ષાઓ પતી, ચેમ્પિયનશિપ રમાય ગઈ. ધૈર્યએ મહામહેનતે કાવ્યાને સાચવતાં-રખોપાં કરતાં એકાદ મેડલ મેળવ્યો ને પરીક્ષામાં ઠીકઠાક મહેનત કરી લીધી. હા, એણે નુકસાન ચોક્કસ વેઠ્યું. ત્રણને બદલે એક મેડલ અને પંચાણુને બદલે એકાણુ ટકાથી બોર્ડમાં સંતોષ માની ધૈર્ય આગળ વધ્યો. એને હવે ક્લેટની એન્ટ્રાન્સ એક્ઝામ આપી દેશની ટોપ લો યુનિવર્સિટીમાં એડમિશન લેવું હતું. આ તરફ કાવ્યાના નખરા ઘટતાં નહોતાં.

ધૈર્યને થયું હવે બસ. એણે કાવ્યાને સમજાવતાં કહ્યું, 'જો મારે ત્રણ-ચાર મહિના સ્ટડીમાં એકદમ ધ્યાન આપવું પડશે. મને કોઈપણ પ્રકારે ધ્યાનભંગ થાય, ડિસ્ટ્રેક્શન થાય એ નહીં પોસાય...'

'તો હું તારું હવે ડિસ્ટ્રેક્શન છું?' કહી કાવ્યાએ પોક મૂકી.

'ના, મારો એવો મતલબ નથી.' હજુ ધૈર્ય આગળ કંઈ બોલે એ પહેલા કાવ્યા વરસી પડી :

'તું રહેવા દે, તને મારી કંઈ પડી નથી. તું મારી કેર નથી કરતો. તને બસ ભારાથી દૂર રહેવામાં રસ છે.' ધૈર્ય એને વચ્ચેથી કાપતાં બોલ્યો, 'હા, કારણ કે હવે હું તને પહેલા જેટલો સમય નહીં આપી શકું...'

કાવ્યાને આ શબ્દો હળાહળ લાગી આવ્યાં. ધૈર્યનો સમય જ તો હતો જે એના માટે જરૂરી હતો. કોઈ એની સાથે હરે-ફરે, વાતો કરે, મજાક-મસ્તી કરે, એની આડી-અવળી વાતો ને ફરિયાદો સાંભળે, એને પેમ્પર કરે, પ્રિન્સેસ ટ્રીટમેન્ટ આપે બસ. આનાથી વધુ ધૈર્ય વિશે એ બહુ વિચારતી નહીં. એને એવું કોઈ જોઈતું હતું જે હંમેશાં 'ઈમોશનલી અવેલેબલ' રહે.

કાવ્યા એ સમજી નહોતી શકી કે ધૈર્ય પણ એની જેમ માત્ર સતર વર્ષનો તરુણ છે. એ કોઈ થેરાપિસ્ટ નથી. એ કોઈનો 'સેવિયર' કે તારણહાર બનવા નથી માગતો. બસ, એક ટીનએજર છે જે પોતાનાં સપનાઓ પૂરા કરવા મથી રહ્યો છે. એ બંને વચ્ચે કોઈ બ્રેકઅપ ના થયું. કોઈએ ચીટિંગ નહોતી કરી ને કોઈ વિલન નહોતું બન્યું. બસ બે ટીનએજર પોતપોતાની જાત અને જરૂરિયાતને સમજી ચૂક્યાં હતા. કદાચ બન્નેમાં થોડીક મેચ્યોરિટીએ પ્રવેશ કરી લીધેલો, જેમાં કોઈ એકબીજાને પ્રેમ કરવા માટે મજબૂર ના કરે, પરંતુ લાગણીઓના દાયરાની બહાર રહીને સંબંધને વિકસાવી શકે એ દિવસ પછી બન્ને ધીમે-ધીમે પોતાના ઈમોશન્સને કાબૂમાં રાખી એક એવા સ્ટેજ પર પહોંચતા શીખ્યા કે જ્યાં માત્ર દોસ્તીને સ્થાન હતું.

કાવ્યા સમજતી થઈ કે જાતને હંમેશાં કોઈના સહારે રાખવા કરતાં થોડું એકલા જીવતા શીખીએ. ધૈર્યએ ફરી નિયમિતતા કેળવી. રોજ સવારે પ્રેક્ટિસ પર જવા લાગ્યો. લાઈબ્રેરીમાં બેસી એકધારું વાંચતો થયો. પહેલાની જેમ મમ્મી સાથે વાતો કરતો ને દાદીને વ્હાલ કરતો થયો. કાવ્યા ધૈર્ય બંન્ને હજુ પણ ક્યારેક વાતો કરતાં. એકબીજા સાથે અડધી રાત્રે ઈન્સ્ટાગ્રામ રીલ્સ શેર કરતાં. ક્યારેક એકબીજા પર રોષ ઠાલવતાં ને રીસ પણ કરી લેતાં. જોકે આ દુનિયામાં યુવાન બન્યા પહેલા એક સબક સાચો શીખી ગયેલા કે સંબંધ, પ્રેમ અને લાગણીઓ તમારા જીવનને સહારો આપવા માટે હોય છે નહીં કે એને બરબાદ કરવાં. ■

વિશેષ
રાજેશ યાજ્ઞિક
feedback.ladki@bombaysamachar.com

# વાત એક મર્દાની પાઈલટ્ની!

## ભાગલા સમયે અનેક લોકોના જીવ બચાવનાર આ પાઇલટને જાણો...



કૅપ્ટન પતિ સાથે પત્ની પાઈલટ ઉષા સુંદરમ

ભારતના સામાજિક માળખામાં એક સમય એવો હતો કે, જ્યારે મહિલાની ભૂમિકા માત્ર ગૃહિણી તરીકે માર્યાદિત હતી. ઘરની બહાર નીકળીને કોઈ કામ કરવાની વાત જ્યાં દૂરની હોય ત્યાં આકાશમાં ઊડવાનું તો સ્વપ્ન પણ દીકરીઓને ક્યાંથી આવે? તેની સામે એવા સમયની એક લાડકી ઉષા સુંદરમને યાદ કરવા બહુ જરૂરી છે, જેમણે માત્ર આકાશ જીત્યું જ નહીં, પરંતુ પોતાની ઉડાન કુશળતાથી દેશના રાષ્ટ્રપતિથી લઈને અનેક મહાનુભાવોના આશીર્વાદ અને વાહવાહી મેળવી. ભાગલા પછી ઉષા સુંદરમે અનેક બચાવ મિશનમાં કાર્યરત બનીને હિંસક ખતરનાક પ્રદેશોમાં ઉડાન ભરી.

ઉષાનો જન્મ ૧૯૨૩ (ક્યાંક ૧૯૨૪ પણ કહેવાયું છે)માં ઉષા કૃષ્ણમૂર્તિ તરીકે થયો હતો. જુલાઈ ૧૯૪૧માં માત્ર ૧૭ કે ૧૮ વર્ષની ઉંમરે તેમનાં લગ્ન વી. સુંદરમ સાથે થયાં, જે ખુદ એક કૉમર્શિયલ પાઈલટ હતા. આ દંપતી ૧૯૪૬માં બૅન્ગલોરમાં રહેવા ગયું. તેમના પતિ જયચમરાજેન્દ્ર વાડિયારના નેતૃત્વમાં મૈસુર સરકારમાં નાગરિક ઉડ્ડયન નિયામક બન્યા. બાદમાં તે જક્કુરમાં સરકારી ઉડાન તાલીમ શાળાના પ્રિન્સિપાલ હતા, જેની સ્થાપના વાડિયારે કરી હતી. ઉષાને પતિની પાઈલટ તરીકેની કારકિર્દી જોઈને એક બાળક જેવી ઉત્સુકતાથી આસમાનમાં ઊડવાનું મન થતું - માત્ર પ્રવાસી તરીકે નહીં, વિમાનની કમાન પોતાની હાથમાં રાખીને સ્વયં પોતાની ઉડાન ભરવાનું.



પતિએ તેમના આ ઉત્સાહને ન માત્ર સ્વીકાર્યો પણ તેમને પ્રોત્સાહન પણ આપ્યું. જે એવિએશન સ્કૂલમાં પતિ પ્રિન્સિપાલ હતા, તેમાં જ ઉષા વિદ્યાર્થી તરીકે દાખલ થયાં. ૧ મે, ૧૯૪૯ના રોજ ઉષા જક્કુરમાં સરકારી ફ્લાઇંગ ટ્રેનિંગ સ્કૂલ (GFTS)માંથી પાસ થનાર પ્રથમ વિદ્યાર્થી બન્યા, જેનાથી તે સ્વતંત્ર ભારતમાં પાઈલટ લાઇસન્સ મેળવનાર પ્રથમ ભારતીય મહિલા બન્યાં.

પતિની સાથે તેમને પણ મૈસુરના મહારાજાના વિમાન, ડાકોટા ડીસી-૩ના અંગત પાઇલટ તરીકે પસંદ કરવામાં આવ્યાં હતાં.

સ્વતંત્રતા પછીનો એ સમય ભારે પડકારજનક હતો. ભારત-પાકિસ્તાનના ભાગલા, તે બધાની વચ્ચે પાંગરેલી ભયાનક હિંસા, લાખો લોકોનું નવી બનેલી સરહદોની બંને બાજુ પલાયન....

ખાસ કરીને, ઉષા તો સરદાર પટેલના ભારતના ૨જવાડાઓના એકીકરણના ઐતિહાસિક મિશનનો એક અભિન્ન ભાગ હતાં. ભારત-પાકિસ્તાન વચ્ચે પ્રદેશો પર વાટાઘાટો દરમિયાન ઉષા અને તેમના પતિ નાયબ વડા પ્રધાનની ફ્લાઇટ્સના પાઇલટ અને સહ-પાઇલટ હતા. નેહરુ અને પટેલ જેવા સ્વાતંત્ર્ય સેનાનીઓને મૈસુરના મહારાજાના ખાનગી જેટમાં પ્રવાસ કરવાનું ગમતું હતું, કારણ કે વિમાનના બધા કર્મચારીઓ ભારતીય હતા.

તે સમયે ભારતીય ઉપખંડમાં તણાવપૂર્ણ વાતાવરણ હોવા છતાં, ઉષાએ ભાગલા પછી તેમનો ઉડ્ડયન અનુભવ પણ ઘણો માર્યાદિત હતો, છતાં પાકિસ્તાનમાં ફસાયેલા લોકોને બહાર કાઢવાની એમણે નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી. ભાગલાની અભૂતપૂર્વ તંગ પરિસ્થિતિમાં ઉડ્ડયન કરવું ઘણું મુશ્કેલ હોવા છતાં તેમણે આવી ઘણી ઉડાન ભરીને ભારતીય નાગરિકોને સુરક્ષિત રીતે ઘરે પાછા લાવ્યા.

૧૯૫૦ના દાયકામાં ઉડ્ડયન ક્ષેત્રમાં એટલી ટેક્નોલોજિકલ પ્રગતિ નહોતી. તેથી પાઇલટની કેબિનમાં હવાનું દબાણ બદલાતું રહેતું, જેના કારણે ઉડાન જોખમી બની જતું. આવી પરિસ્થિતિઓમાં પણ ઉષા સુંદરમ ઓછી ઊંચાઈ અને ભારે હવામાન પરિસ્થિતિઓમાં ઉડાન ભરવાથી અચકાતી નહોતી. તેમને ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ રાજેન્દ્ર પ્રસાદના પાઇલટ બનવાની તક પણ મળી. રાજેન્દ્ર પ્રસાદ આટલી યુવાન મહિલાની કુશળતાથી ખૂબ પ્રભાવિત થયા અને અનેક મહાનુભાવોની હાજરીમાં તેમને બિરદાવ્યાં હતાં. આ દરમિયાન તે ત્રણ બાળકનાં માતા પણ બન્યાં.

૧૯૫૦માં મદ્રાસ સરકારે રાજ્ય માટે ઇંગ્લેન્ડથી ડી હેવિલેન્ડ ડવ નામનું વિમાન ખરીદવાનું નક્કી કર્યું. તે વિમાન ભારત લાવવાની જવાબદારી તેમણે ઉષા સુંદરમ અને તેમના પતિ વી. સુંદરમને સોંપી. સરકારનું નિમંત્રણ સ્વીકારીને દંપતી વહાણમાં ઇંગ્લેન્ડ ગયું.

સહ-પાઈલટ તરીકે લંડનથી બોમ્બે સુધીની યાત્રા વાયા પેરિસ, કરાચી અને બગદાદ થઈને માત્ર ૨૭ કલાકમાં પૂર્ણ કરી. આમ, ૨૨ વર્ષીય ઉષા સુંદરમે પિસ્ટન-એન્જિનવાળા ડવ પર ઇંગ્લેન્ડથી ભારતની ફ્લાઇટમાં સૌથી ઝડપી ઉડાનનો વિશ્વ રેકોર્ડ બનાવ્યો જે આજ સુધી અતૂટ છે. ૨૦ વર્ષની ઉંમરે ઊડવાનું શીખનારી ઉષાએ બે વર્ષમાં મેળવેલી આ સિદ્ધિ તેના કૌશલ્ય અને મહેનત વિશે ઘણું બધું કહી જાય છે.

૧૯૫૨માં ઉષાએ પોતાનાં ત્રણ સંતાનની સંભાળ રાખવા માટે વ્યાવસાયિક ઉડાનમાંથી નિવૃત્તિ લીધી. તે અને તેના પતિએ તેમના જીવનના અંત સુધી શોખ તરીકે ઉડાન ચાલુ રાખ્યું. તેમના જીવનકાળ દરમિયાન તેમણે ૧૯૫૯માં ચેન્નાઈમાં મુખ્ય મથક ધરાવતી પ્રાણી કલ્યાણ સંસ્થા, બ્લુ ક્રોસ ઈન્ડિયાની સ્થાપના કરી. તે ભારતમાં આવી સૌથી મોટી સંસ્થા છે.

પોતાના પરિવારની સંભાળ રાખવા માટે વહેલા નિવૃત્ત થવા છતાં ઉષા સુંદરમ ઉડ્ડયન ક્ષેત્ર વિશે ખૂબ જ સ્પષ્ટ વિચારધારા ધરાવતાં હતાં. ૨૦૦૧માં મીડિયાને સંબોધતી વખતે તેમણે ટિપ્પણી કરી હતી કે ઉડ્ડયન ક્ષેત્રમાં કોઈ લિંગ ભેદભાવ ન હોવો જોઈએ. વિમાનમાં મહિલાની ક્ષમતા પુરુષ જેટલી જ છે. તેમણે ૬ એપ્રિલ, ૨૦૧૦ના રોજ ૮૬ વર્ષની વયે અવસાન સુધી બ્લુ ક્રોસ માટે સ્વયંસેવક તરીકે કામ કરવાનું ચાલુ રાખ્યું.

આઝાદીના સાત દાયકા પછી પણ મહિલા પાઇલટ્સના સંદર્ભમાં ભારતીય પ્રતિનિધિત્વ માત્ર ૧૫ ટકા જેટલું ઓછું છે અને દુ:ખની વાત છે કે, વિશ્વમાં મહિલા પાઇલટ્સની આ સૌથી વધુ ટકાવારી છે! આવી સ્થિતિમાં, ઇતિહાસના પાને ભુલાઈ ગયેલાં ઉષા સુંદરમને યાદ કરીને લોકોને મહિલા સશક્તીકરણની વાત યાદ કરાવીએ.

---

નિખાર
ઝુબૈદા વલિયાણી
feedback.ladki@bombaysamachar.com

# તમારી સંવેદના તમારું ગૌરવ



કુદરતે દરેક સૌંદર્યમાં સંવેદના ભરી છે.

- પ્રકૃતિની તમામ સંવેદના યોગ્ય સમયે જ પ્રગટ થાય છે.
- દરિયામાં મોટી ભરતી પૂનમે જ આવે છે.
- મેઘધનુષ વરસાદની ટાઢક પછી જ રચાય છે.
- ઉનાળામાં દેખાય તે ઝરણાં નથી હોતાં.
- પણ મૃગજળ જ હોય છે.
- આપણે મૃગજળને જળ માની લઈએ તો એમાં વાંક મૃગજળનો નહીં, પણ આપણો હોય છે.
- સુકાઈ જવાનું પણ એક સૌંદર્ય હોય છે, જો તે કોઈ યોગ્ય કારણ માટે સુકાતા હોય.
- પાનખરનું સૌંદર્ય એટલે જ કે ત્યાં વસંત પાછી આવવાની છે.
- પાનખર એ વસંતનો વિરહ છે.
- કંઈક ઊગવાનું હોય તો ખરવાની અને ખમવાની પણ મજા હોય છે.
- વિરહનો મતલબ તો જ છે જો કોઈ આવવાનું હોય.
- બાકી પેલી ગઝલની પંક્તિ જ વાજબી છે કે, જિસને પૈરો કે નિશા ભી નહીં છોડે પીછે,

ઉસ મુસાફિર કા પતા ભી નહીં પૂછા કરતે...!

- તમારી ઈમોશન્સ કેટલી કન્ટ્રોલ્ડ છે.
- હા, સ્વાર્થી ન થાવ, પણ સાથોસાથ સ્વાર્થીને સમર્પિત પણ ન થઈ જાવ.
- શિકારી પણ અનાજના દાણા વેરે છે અને
- ખેડૂત પણ ખેતરમાં અનાજના દાણા જ વેરતો હોય છે.
- દાનત દાનતમાં ફેર હોય છે.
- આથમતા સૂર્યનું સૌંદર્ય એટલું જ સારું લાગે છે, કારણ કે બીજા દિવસે પાછો ઊગવાનો છે.
- અંધારાનું પણ સૌંદર્ય છે, જો પ્રકાશ પાછો આવવાનો હોય.
- રાહ પણ એની જ જુઓ જેના પાછા ફરવાનો વિશ્વાસ હોય.
- દરેક વ્યક્તિને જિંદગીમાં એક વખત તો એવું થયું જ હોય છે કે, હું મૂર્ખ છું.
- મારી મૂર્ખાઈ જ મારી વેદના માટે જવાબદાર છે.
- કોઈ વ્યક્તિ વિશ્વાસઘાત કરે ત્યારે આપણને આવી લાગણી થતી હોય છે. આવા સમયે વ્યક્તિ ઘણી વખત બદલાઈ જતી હોય છે.
- હવે હું પણ જોઈ લઈશ.
- એક વાત એ પણ જાણવા જેવી છે કે
- સંવેદનાનો પડઘો સંવેદનાથી ન પાડ્યો હોય.
- ત્યારે પણ તમારી સંવેદનાને બુઠ્ઠી થવા ન દો.
- સંવેદનાનું વેર દુશ્મનીથી વાળી ન શકાય.
- સારું એજ હોય છે કે તમારી સંવેદનાને બીજી તરફ વાળી દો.
- દુશ્મની કરીને પણ સરવાળે તો આપણે આપણાં

* સમય,
* શક્તિ
\- અને
* સંવેદના જ બરબાદ કરતાં હોઈએ છીએ.

- લાડકી પૂર્તિના પ્રિય વાચક મિત્રો!

* તમારી સંવેદના તમારું ગૌરવ છે.

- સંવેદના ગુમાવો નહીં.
- પ્રસ્તુત લેખના ગયા અંકમાં કહ્યા મુજબ વ્યક્તિની સંવેદના જ એનું સાચું સૌંદર્ય છે.

**બોધઃ**

* સંવેદનામાં માત્ર એટલી જ સમજદારીની જરૂર હોય છે કે કોઈ તેને છંછેડી ન જાય, છેતરી ન જાય.

* સંવેદના છંછેડાય તેમાંય વાંધો નથી, પણ એમાંથી સંગીતનું સર્જન થવું જોઈએ.

* વસો તો વાંધો નથી, પણ કોઈ તૃપ્ત થતું હોવું જોઈએ. તથાસ્તુ (ઈશ્વર, અલ્લાહ, પ્રભુ જીવ માત્રનું ભલું કરે).

* * *

**હસ ગુલ્લાઃ**

- પ્રેમિકાઃ 'પ્રીતમ! તું મને લગ્ન બાદ મારી નોકરી તો ચાલુ રાખવા દેશે ને?'
- પ્રીતમઃ 'જરૂર! જરૂર! એ નોકરી ઉપર તો આપણા બેનું ગુજરાન ચાલવાનું છે...!'

---

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ફન વર્લ્ડ

### ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| डोके | પગ |
| मान | માથું |
| डोळे | કાંડું |
| पाय | આંખ |
| मनगट | ગરદન |

### જાણવા જેવું

ભારતીય જ્ઞાનપીઠ સંસ્થા સૌથી વધારે જાણીતી થઈ તેના જ્ઞાનપીઠ પુરસ્કારથી. વાર્ષિક એક લાખ રૂપિયાના આ પુરસ્કારની સ્થાપના ૧૯૬૫માં થઈ. આ પુરસ્કારે ભારતની ભિન્ન ભાષાઓનો આત્મા એક જ છે એ સિદ્ધ કરી બતાવ્યું છે. દિલ્હીમાં ભવ્ય સમારંભ યોજી રાષ્ટ્રપતિ જેવી સન્માનનીય વ્યક્તિના વરદ હસ્તે પુરસ્કારનું અર્પણ કરાય છે.

### ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધને ઓળખી કાઢો. કોઈ સ્ત્રીની એકમાત્ર સગ્ગી જેઠાણીના એકમાત્ર દિયરના સસરાનો પૌત્ર એ સ્ત્રીને સંબંધમાં શું થાય એ દિમાગ દોડાવી જણાવો જોઉં.

અ) ભત્રીજો  બ) ભાઈ
ક) ભાણેજ  ડ) કાકા

### નોંધી રાખો

*તમે કોઈ સમારંભમાં પુષ્પગુચ્છ આપી કોઈનું સન્માન કરો છો ત્યારે તમારા હાથ પણ એ ફૂલોથી સુવાસિત બની જતા હોય છે.*

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ■ | ■ | ૩ | ૪ | | ૫ |
| | ■ | | ■ | ૬ | | | | ■ | |
| | ■ | | ■ | | ■ | ■ | ૭ | | |
| ■ | ૮ | | ■ | ૯ | | ૧૦ | | ■ | ■ |
| ■ | | ■ | ૧૧ | | ■ | | ■ | ૧૨ | |
| ૧૩ | | ■ | | ■ | ૧૪ | | ■ | | ■ |
| ■ | ■ | ૧૫ | | | | ■ | ૧૬ | | ■ |
| ૧૭ | | | ■ | ■ | | ■ | | ■ | ૧૮ |
| | ■ | ૧૯ | ૨૦ | | | ■ | | ■ | |
| ૨૧ | | | | ■ | ■ | ૨૨ | | | |

**આડી ચાવી**

૧. બિલકુલ, કદી પણ (નહીં) (૪)
૩. શંકાસ્પદ, અનિશ્ચિત (૪)
૬. હરેક ક્ષણે (૪)
૭. નિર્ભય (૩)
૮. લતા મંડપ (૨)
૯. હાર (૪)
૧૧. કીર્તિ (૨)
૧૨. મોટું, જબરું (૨)
૧૩. હવન, યજ્ઞ (૨)
૧૪. જંગલ (૨)
૧૫. હાવભાવ, નખરાં (૪)
૧૬. --- મચાવે શોર (૨)
૧૭. મજબૂત, નક્કર, આખું (૩)
૧૯. ગામ તરફથી બક્ષિસમાં જમીન આપી વસાવેલ વાળંદ, ધોબી વગેરે કારીગર (૪)
૨૧. પરણેલું (૪)
૨૨. કડાકૂટ, પંચાત (૪)

**ઊભી ચાવી**

૧. આરામ --- હૈ (૩)
૨. ગોવર્ધન પર્વત (૪)
૩. દરદીને --- વહાલાં (૨)
૪. સુંદર, મજાનું (૪)
૫. --- કરવી=ઘટતી કિંમત કરવી (૩)
૬. ખેતમજૂર (૪)
૮. કંકુ (૩)
૧૦. દુનિયા, આલમ (૩)
૧૧. જાહેરાત (૩)
૧૨. સાંકળ, બેડી (૩)
૧૪. વાટમાં સંભાળ રાખનાર, ભોમિયો (૪)
૧૫. સાવચેતી, અગાઉથી આપેલી ખબર (૪)
૧૬. સ્પષ્ટતા, ખુલાસો (૪)
૧૭. સારાપણું, સજ્જનતા (૩)
૧૮. પંચાત (૩)
૨૦. સાચું (૨)

**ગયા વખતનો ઉકેલ**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ પ્ર | તિ | મા | ■ | ૨ ન | વા | ઈ | ■ | ■ | ■ |
| ભુ | ■ | ■ | ■ | વો | ■ | ■ | ૩ ભો | ૪ મિ | યો |
| ૫ ત્વ | ૬ મે | ૭ વ | ■ | ઢા | ■ | ૮ તે | જા | ના | ■ |
| ■ | ૯ દા | મ | ન | ■ | ૧૦ કુ | ■ | ૧૧ ઈ | રા | ૧૨ દો |
| ૧૩ અ | ન | ળ | ■ | ૧૪ વા | મ | ણું | ■ | ■ | રં |
| નં | ■ | ■ | ૧૫ નિ | ય | તિ | ■ | ૧૬ તા | ૧૭ જ | ગી |
| ૧૮ ત | ૧૯ રા | ૨૦ પ | ■ | રો | ■ | ૨૧ વે | રા | ન | ■ |
| ■ | ૨૨ જિ | રા | ફ | ■ | ૨૩ નો | ■ | ૨૪ જ | ક | ૨૫ ડ |
| ૨૬ પ્ર | યો | ગ | ■ | ■ | ક | ■ | ■ | ■ | પ |
| ■ | ■ | ■ | ૨૭ સીં | દ | રી | ■ | ૨૮ ભા | વ | ટ |

### ઓળખાણ પડી?



તાજેતરમાં મકાઉમાં આયોજિત સાંડા વિશ્વ કપ સ્પર્ધામાં ગોલ્ડ મેડલ મેળવનારી ભારતીય વુશુ ખેલાડીની ઓળખાણ પડી?

અ) માલતી શ્રીવાસ્તવ બ) સાક્ષી મલિક ક) કુમકુમ મોહોદ ડ) અપર્ણા દહિયા

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

આપેલા વાક્યમાં સમયનો અર્થ બતાવતો શબ્દ સંતાયો છે એ શોધી કાઢો જોઉં.

તમે લોકો મોઢું કટાણું કરીને કેમ બેઠા છો?

### માઈન્ડ ગેમ

બંગાળી સાહિત્યમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપનારાં અને જ્ઞાનપીઠ એવોર્ડથી સન્માનિત પ્રથમ મહિલા લેખિકાનું નામ જણાવો.

અ) ભારતી આચરેકર  ૨) બિનોદીની મુખોપાધ્યાય
૩) આશાપૂર્ણા દેવી  ૪) અમૃતા પ્રીતમ

### સુડોકુ-૯૨૮૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૯ | | | ૬ | | ૪ | | |
| ૭ | ૧ | | | | | | | ૬ |
| | ૩ | | ૪ | | | | | |
| ૯ | | | | | ૩ | | | ૮ |
| | | | ૬ | | ૪ | | | |
| ૬ | | | ૭ | | | | | ૫ |
| | | | | | ૫ | | ૨ | |
| ૨ | | | | | | | ૯ | ૩ |
| | | ૮ | | ૩ | | | ૫ | ૧ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

**સુડોકુ-૯૨૮૨**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૪ | ૧ | ૬ | ૭ | ૯ | ૮ | ૩ | ૫ |
| ૫ | ૯ | ૬ | ૩ | ૮ | ૪ | ૧ | ૨ | ૭ |
| ૭ | ૩ | ૮ | ૧ | ૫ | ૨ | ૪ | ૯ | ૬ |
| ૪ | ૫ | ૯ | ૨ | ૬ | ૮ | ૭ | ૧ | ૩ |
| ૧ | ૬ | ૩ | ૫ | ૪ | ૭ | ૨ | ૮ | ૯ |
| ૮ | ૭ | ૨ | ૯ | ૩ | ૧ | ૬ | ૫ | ૪ |
| ૩ | ૨ | ૪ | ૮ | ૯ | ૬ | ૫ | ૭ | ૧ |
| ૯ | ૮ | ૭ | ૪ | ૧ | ૫ | ૩ | ૬ | ૨ |
| ૬ | ૧ | ૫ | ૭ | ૨ | ૩ | ૯ | ૪ | ૮ |

### ગયા ગુરુવારના જવાબ

| A | B |
|---|---|
| आत | અંદર |
| वर | ઉપર |
| खाली | નીચે |
| उजवा | જમણું |
| मधला | વચલું |

**ગુજરાત મોરી મોરી રેઃ** બનેવી

**ઓળખાણ પડી?** ડાયેના એદલજી

**માઈન્ડ ગેમ :** મહાશ્વેતા દેવી

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :** નાવ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૩) મુલરાજ કપૂર (૪) વિપીન શાહ (૫) નૂતન વિપીન શાહ (૬) ભારતી બુચ (૭) હર્ષા મહેતા (૮) શ્રદ્ધા આશર (૯) ખુશરૂ કાપડિયા (૧૦) મહેશ સંઘવી (૧૧) જ્યોતિ ખાંડવાલા (૧૨) મીનળ કાપડિયા (૧૩) કમલ માતલિયા (૧૪) ભરત કજરિયા (૧૫) પ્રવીણ વોરા (૧૬) મનીષા શેઠ (૧૭) ફાલ્ગુની શેઠ (૧૮) જયવંત પદમશી ચિખલ (૧૯) ભાવના કર્વે (૨૦) વિણા સંપટ (૨૧) દેવેન્દ્ર સંપટ (૨૨) અરવિંદ કામદાર (૨૩) અંજુ ટોલિયા (૨૪) નિતીન જયંતીલાલ બજરિયા (૨૫) પુષ્પા ખોના (૨૬) અલકા વાણી (૨૭) ડાયના સંતોકે (૨૮) ડો. પ્રકાશ કટકિયા (૨૯) સુભાષ મોમાયા (૩૦) નીતા દેસાઈ (૩૧) લજિતા ખોના (૩૨) તાહેર ઔરંગાબાદવાલા (૩૩) શીરીન ઔરંગાબાદવાલા (૩૪) પુષ્પા પટેલ (૩૫) પ્રતીમા પમાણી (૩૬) ધીરેન ઉદેશી (૩૭) મહેન્દ્ર લોઢાવિયા (૩૮) મહેશ દોશી (૩૯) જ્યોત્સના ગાંધી (૪૦) રમેશભાઈ દલાલ (૪૧) હિનાબેન દલાલ (૪૨) ઈનાક્ષીબેન દલાલ (૪૩) વિરલભાઈ ઉદય શેઠ

# દિગ્ગજોની બોલિંગ ચીંથરેહાલ કરતો વૈભવ કેમ લખનઊના મોહસિન સામે શાંત થઈ ગયો?

જયપુર: ૧૫ વર્ષના વૈભવ સૂર્યવંશીએ જસપ્રીત બુમરાહ, મોહમ્મદ સિરાજ સહિતના દિગ્ગજ બોલરો સામે પહેલા જ બૉલમાં સિક્સર ફટકારવામાં સફળતા મેળવી છે તેમ જ કેગિસો રબાડા જેવા મોટા બોલર્સની બોલિંગમાં ધુલાઈ કરી છે, પરંતુ મંગળવારે અહીં સવાઈ માનસિંહ સ્ટેડિયમમાં તે લખનઊ સુપર જાયન્ટ્સ (એલએસજી)ના પેસ બોલર મોહસિન ખાન સામે એવું નહોતો રમી શક્યો. એ તો ઠીક, પણ તેની સામે વૈભવનું બૅટ સાવ શાંત થઈ ગયું હતું.

આઇપીએલની વર્તમાન ટૂર્નામેન્ટમાં સૌથી વધુ ૫૩ છગ્ગા તેમ જ ૫૦ ચોગ્ગા સાથે હાઇએસ્ટ ૫૭૯ રન બનાવનાર રાજસ્થાન રૉયલ્સ (આરઆર)નો વૈભવ સૂર્યવંશી રનનો ઢગલો કરી ચૂક્યો છે, પણ મૂળ ઉત્તર પ્રદેશ રાજ્યના સંભલ નગરના મોહસિન ખાન સામે તે એકદમ નિસ્તેજ થઈ ગયો હતો અને છેવટે તેના જ બૉલમાં વિકેટ ગુમાવી બેઠો હતો. આ વિકેટ ગુમાવવાની સાથે તે ફક્ત સાત રન માટે આ વખતની ટૂર્નામેન્ટની બીજી સદી પણ ચૂકી ગયો હતો.

### કેવા બૉલમાં વૈભવ આઉટ થયો?

૨૭ વર્ષનો મોહસિન ખાન મંગળવારે ૩૧ રનમાં રાજસ્થાનની એક જ વિકેટ લેવામાં સફળ થયો હતો અને એ એક વિકેટ વૈભવ સૂર્યવંશીની હતી. ૩૭ બૉલમાં દસ સિક્સર અને સાત ફોરની મદદથી ૯૩ રન બનાવનાર વૈભવે ૩૮મા બૉલમાં વિકેટ ગુમાવી હતી. મોહસિને કલાકે ૧૨૧ કિલોમીટરની ઝડપવાળો થોડો ધીમો બૉલ ફેંક્યો હતો જેમાં વૈભવ બિગ શૉટ મારવાના પ્રયાસમાં લૉન્ગ-ઑન પર અબ્દુલ સમદને કૅચ આપી બેઠો હતો. હતાશ વૈભવ પાછો આવી રહ્યો હતો ત્યારે પ્રેક્ષકોએ તાળી પાડીને તેનું પૅવિલિયનમાં શાનદાર સ્વાગત કર્યું હતું.





### મોહસિનના બૉલને વૈભવ નથી રમી શક્તો

વૈભવે બે મૅચમાં મોહસિન ખાનનો સામનો કર્યો છે. વૈભવ તેના કુલ ૧૨ બૉલમાં માત્ર બે રન બનાવી શક્યો છે. વૈભવ સામે મોહસિનના આઠ ડૉટ-બૉલ રહ્યા છે અને બે બૉલમાં મોહસિન તેની વિકેટ લઈ શક્યો છે.

### વૈભવના કોચ શું કહે છે?

સવાલ એ છે કે મોહસિન ખાન સામે વૈભવનું બૅટ કેમ શાંત થઈ જતું હોય છે?, કેમ વૈભવ વિકેટ ગુમાવી બેસતો હોય છે? એક વેબસાઇટના અહેવાલ મુજબ વૈભવને ક્રિકેટનો કક્કો શીખવનાર કોચ મનીષ ઓઝાનું કહેવું છે કે 'મોહસિનના ચેન્જ ઑફ પેસ (બૉલની ઝડપમાં ફેરફાર)ની પરેશાનીનો શિકાર થયો વૈભવ સૂર્યવંશી. જોકે એનો અર્થ એવો નથી કે વૈભવ તેના આવા બૉલને સફળતાથી કેવી રીતે રમવું એ વિશે એકદમ અજાણ છે. હવે પછી જ્યારે પણ તેઓ ફરી સામસામે આવશે એમાં મોહસિનને વૈભવ ભારે પડી શકે છે.' ■

# મુંબઈના ૧૫૦ પણ નહીં, સૌથી વધુ ૧૯ રન ૨૦મી ઓવરમાં મળ્યા

કોલકાતા: મુંબઈ ઇન્ડિયન્સ (એમઆઇ)એ બુધવારે અહીં ઈડન ગાર્ડન્સમાં કોલકાતા નાઇટ રાઇડર્સ (કેકેઆર) સામેની મૅચમાં વરસાદના વિઘ્ન વચ્ચે ૨૦ ઓવરમાં આઠ વિકેટે જે ૧૪૭ રન બનાવ્યા હતા એમાં અંતિમ ઓવરનો સૌથી મોટો ફાળો હતો. વરસાદને લીધે આઠમી ઓવર બાદ રમત અટકી હતી અને ત્યારે મુંબઈનો સ્કોર ૪/૫૭ હતો, પણ રમત ફરી શરૂ થયા બાદ મુંબઈએ સમયાંતરે વિકેટ ગુમાવી હતી. છેક ૨૦મી ઓવર આખી ઇનિંગ્સમાં સર્વશ્રેષ્ઠ સાબિત થઈ હતી. પેસ બોલર કાર્તિક ત્યાગીની એ ઓવરમાં બૉશ્ચે બે સિક્સર અને એક ફોરની મદદથી કુલ ૧૯ રન બનાવ્યા હતા. કૉર્બિન બૉશ્ચ (૩૨ અણનમ, ૧૮ બૉલ, બે સિક્સર, ત્રણ ફોર)નો સૌથી મોટો ફાળો હતો. કમબૅકમૅન હાર્દિક પંડ્યાએ ૨૬ રન, તિલક વર્માએ ૨૦ રન તેમ જ રોહિત શર્મા અને સૂર્યકુમાર યાદવે ૧૫-૧૫ રન બનાવ્યા હતા. કોલકાતાના પેસ બોલર સૌરભ દુબે, ત્યાગી અને ગ્રીને બે-બે વિકેટ લીધી હતી. એ પહેલાં, મુંબઈએ પ્રથમ બૅટિંગ મળતાં શરૂઆતથી જ ધબડકો જોયો અને આઠમી ઓવરને અંતે વરસાદ પડવાની શરૂઆત થઈ ત્યારે મુંબઈનો સ્કોર ચાર વિકેટે ૫૭ રન હતો. ■

# વૈભવનો વર્લ્ડ રેકોર્ડઃ હવે તોડી શકે ગેઈલનો વિક્રમ

જયપુરઃ ૧૫ વર્ષના બિહારી છોકરા વૈભવ સૂર્યવંશીએ મંગળવારે જયપુરનું સવાઈ માનસિંહ સ્ટેડિયમ ગજવી નાખ્યું હતું. તેણે જે ૯૩ રન બનાવ્યા હતા એમાંથી ૮૮ રન દસ છગ્ગા અને સાત ચોગ્ગામાં બન્યા હતા. વૈભવ સમગ્ર ટી-૨૦ ક્રિકેટની એક ટૂર્નામેન્ટમાં સૌથી નાની ઉંમરે કુલ ૫૦૦ રન બનાવનાર ખેલાડી બન્યો છે. તેના ખાતે અત્યારે ૫૭૯ રન છે. તેણે દેવદત્ત પડિક્કલ (૨૦૧૯માં ૧૯ વર્ષની ઉંમરે સૈયદ મુશ્તાક અલી ટ્રૉફીમાં ૫૮૦ રન)નો વિશ્વ વિક્રમ તોડી નાખ્યો છે. વૈભવે વર્તમાન આઈપીએલ ટૂર્નામેન્ટમાં કુલ ૫૩ સિકસર ફટકારી છે. આઈપીએલની એક સીઝનમાં સૌથી વધુ ૫૯ છગ્ગા ફટકારવાનો રેકોર્ડ ક્રિસ ગેઈલના નામે છે. રાજસ્થાનની મેચ રવિવારે વાનખેડેમાં મુંબઈ સામે રમાશે અને એમાં જો વૈભવ સાત સિક્સર ફટકારશે તો ગેઈલનો આઇપીએલ-વિક્રમ તેના નામે થઈ જશે. ■

# આર્સેનલ બાવીસ વર્ષે પ્રીમિયર લીગમાં ચૅમ્પિયન

લંડનઃ ઇંગ્લૅન્ડની જગવિખ્યાત આર્સેનલ ક્લબની ટીમ બાવીસ વર્ષે ઇંગ્લિશ પ્રીમિયર લીગ (ઇપીએલ)નું ટાઇટલ જીતી છે. છેલ્લે આર્સેનલે ૨૦૨૪માં આ ફૂટબૉલ ચૅમ્પિયનશિપનું ટાઇટલ જીતી લીધું હતું અને હવે ૨૦૨૬માં ફરી એણે વિજેતાપદ મેળવ્યું છે. આગામી ૩૦મી મેએ બીજી મોટી સૉકર સ્પર્ધા ચૅમ્પિયન્સ લીગમાં આર્સેનલનો પીએસજી સામે ફાઇનલમાં મુકાબલો થશે અને જો એમાં પણ આર્સેનલ જીતશે તો એક જ સીઝનમાં બે મોટા ટાઇટલ જીતવાનો મોટો રેકૉર્ડ એના નામે લખાશે.

મંગળવારે મોડી રાતે પ્રીમિયર લીગની એક મહત્ત્વની મૅચમાં મૅન્ચેસ્ટર સિટી અને એએફસી બૉર્નમાઉથ વચ્ચે ટક્કર થઈ હતી અને એ મૅચ ૧-૧થી ડ્રૉમાં જતાં આ પરિણામ ચૅમ્પિયનપદ આર્સેનલની તરફેણમાં જવા માટે પૂરતું હતું. ■

# હું વર્કલૉડ મૅનેજમેન્ટમાં માનતો જ નથીઃ વિરાટ કોહલી

## બૅટિંગ-લેજન્ડે કહ્યું, 'ખેલાડીમાં મિશન પૂરું કરવાની ભૂખ હોવી જ જોઈએ'

બેંગ્લૂરુઃ વિરાટ કોહલીના શબ્દકોશમાં 'વર્કલૉડ મૅનેજમેન્ટ' જેવું કંઈ છે જ નહીં અને આ વિશે તેનું એવું માનવું છે કે જો વર્કલૉડ મૅનેજમેન્ટ કરવામાં આવે તો ખેલાડી પોતાની પૂર્ણ ક્ષમતા હાંસલ જ ન કરી શકે. થોડાં વર્ષોથી ટીમ ઇન્ડિયાની બાબતમાં વર્કલૉડ મૅનેજમેન્ટ શબ્દો ખૂબ પ્રચલિત છે. એમાં ખેલાડી વિશે ખાસ ધ્યાન રાખવામાં આવે છે કે તેના પર રમવાનો એટલો બધો બોજ ન આવી પડવો જોઈએ કે તેના પર્ફોર્મન્સ અને માનસિક-શારીરિક દેખાવ પર નકારાત્મક અસર પડે.

વર્કલૉડ મૅનેજમેન્ટનો સૌથી ચર્ચાસ્પદ મામલો જસપ્રીત બુમરાહનો છે. બીસીસીઆઇ તેના વર્કલૉડ મૅનેજમેન્ટની બાબતમાં ખૂબ કાળજી રાખે છે. વર્તમાન આઇપીએલમાં રવીન્દ્ર જાડેજા વિશે પણ આવું જ ચાલી રહ્યું છે. વર્કલૉડ મૅનેજમેન્ટના ભાગરૂપે જ રાજસ્થાન રૉયલ્સના ટીમ મૅનેજમેન્ટે તેને દિલ્હી કૅપિટલ્સ સામે નહોતો રમાડ્યો.



બેંગ્લૂરુમાં ગુરુવારે સેન્ટર ઑફ એક્સેલન્સ (સીઓઇ)માં રૉયલ ચૅલેન્જર્સ બેંગ્લૂરુ (આરસીબી)ની એક ઇવેન્ટમાં કોહલીએ કહ્યું, 'હું વર્કલૉડ મૅનેજમેન્ટમાં વિશ્વાસ કરતો જ નથી. વર્કલૉડને મૅનેજ કરવામાં હું નથી માનતો. વર્કલૉડ મૅનેજમેન્ટ ક્યારે? ખેલાડી કરીઅરમાં આગળ વધી રહ્યો હોય ત્યારે? આવું હોય જ નહીં. તમારે સૌથી પહેલાં તો પોતાની શ્રેષ્ઠ ક્ષમતા કઈ અને કેટલી એ નક્કી કરી લેવું પડે. ત્યાર બાદ તમારે એ સંતુલન નક્કી કરી લેવું પડે કે તમે કેટલું કરી શકો છો અને ક્યારે તમારે પોતાને થોડા હળવા બનાવવાની જરૂર છે.'

કોહલીને પૂછવામાં આવ્યું કે 'એવું શું છે જે તમને સતત આગળ વધતા રહેવા માટે પ્રેરિત કરે છે?' તેણે જવાબમાં કહ્યું, 'ભૂખ'. કોહલીનું કહેવું છે કે ખેલાડીમાં જો મિશન હાથ ધર્યા પછી એમાં આગળ વધવાની કે પૂરું કરવાની ભૂખ (હન્ગર) હોય તો એ તેને મંઝિલ સુધી પહોંચાડી શકે. આજકાલ લોકો ભૂખને પૈસા સાથે જોડી દેતા હોય છે. હા, પૈસા એક મોટું પરિબળ છે, ખેલાડીમાં એવી ભૂખ હોવી જોઈએ કે હું ૧૫-૨૦ વર્ષ સુધી સારું રમવા માગું છું. આ બધુ પૂર્ણ કરવું ખૂબ કઠિન જરૂર હશે, પરંતુ હું એ માટે તૈયાર છું.'

કોહલીએ પોતાને (વર્ષ ૨૦૨૧થી ૨૦૨૩)ના મુશ્કેલ સમયમાંથી બહાર આવવામાં જેઓ ખૂબ મદદરૂપ થયા એનો શ્રેય તેણે ભૂતપૂર્વ હેડ-કોચ રાહુલ દ્રવિડ અને ભૂતપૂર્વ બૅટિંગ-કોચ વિક્રમ રાઠોરને આપ્યો હતો. ■

# ક્રિકેટની નવી ડોમેસ્ટિક સીઝનમાં રમાશે ૧,૭૮૮ મૅચ

નવી દિલ્હીઃ ભારતની વિશ્વવિખ્યાત રણજી ટ્રૉફી ટૂર્નામેન્ટ ફરી એક વખત બે તબક્કામાં રમાશે અને એમાંનો પ્રથમ તબક્કો ૧૧મી ઑક્ટોબરે શરૂ થશે. બોર્ડ ઑફ કન્ટ્રોલ ફૉર ક્રિકેટ ઇન ઇન્ડિયા (બીસીસીઆઇ) દ્વારા ૨૦૨૬-'૨૭ની નવી ડોમેસ્ટિક સીઝન દરમ્યાન કુલ મળીને ૧,૭૮૮ મૅચ રમાશે. બીસીસીઆઇએ બુધવારે આ સમયપત્રક બહાર પાડ્યું હતું જે મુજબ સીઝનની શરૂઆત ૨૩મી ઑગસ્ટે દુલીપ ટ્રૉફીથી થશે. ઉલ્લેખનીય છે કે રણજી ટ્રૉફી નામ ક્રિકેટ-લેજન્ડ રણજિતસિંહજીના નામ પરથી અને દુલીપ ટ્રૉફીનું નામ મહાન ક્રિકેટર દુલીપસિંહજીના નામ પરથી પડ્યું છે.

સમગ્ર સીઝનમાં કુલ મળીને ૧,૭૮૮ મૅચ પુરુષોના જે વર્ગમાં રમાશે એમાં અન્ડર-૧૬, અન્ડર-૧૯, અન્ડર-૨૩ તેમ જ સિનિયર લેવલની ટૂર્નામેન્ટનો સમાવેશ છે. મહિલાઓના વર્ગમાં અન્ડર-૧૫, અન્ડર-૧૯ અને અન્ડર-૨૩ તેમ જ સિનિયર લેવલની ટૂર્નામેન્ટમાં લીગ તથા નૉકઆઉટ મૅચો રમાશે.

વિવિધ વર્તુળોની માગણીને આધીન અન્ડર-૨૩ ટૂર્નામેન્ટ સફેદ બૉલથી મર્યાદિત ઓવરના રૂપમાં રમાશે. ઇન્ટર-ઝોનલ યુનિવર્સિટી ટૂર્નામેન્ટ (વિઝી ટ્રૉફી) ટી-૨૦ ફૉર્મેટમાં રમાશે.

### વિવિધ ટૂર્નામેન્ટોનું સમયપત્રક

- દુલીપ ટ્રૉફીઃ ૨૩ ઑગસ્ટથી ૧૦ સપ્ટેમ્બર, બેંગ્લૂરુમાં
- રણજી ચૅમ્પિયન જમ્મુ-કાશ્મીર અને રેસ્ટ ઑફ ઇન્ડિયા વચ્ચે ઇરાની કપઃ ૧-૫ ઑક્ટોબર, શ્રીનગરમાં
- રણજી ટ્રૉફીનો પ્રથમ તબક્કોઃ ૧૧ ઑક્ટોબરથી પાંચમી નવેમ્બર, વિવિધ શહેરોમાં
- રણજી ટ્રૉફીનો બીજો તબક્કોઃ ૧૭ જાન્યુઆરીથી ૩ માર્ચ, વિવિધ શહેરોમાં
- સૈયદ મુશ્તાક અલી ટ્રૉફીઃ ૧૪ નવેમ્બરથી ૬ ડિસેમ્બર, મુંબઈ તેમ જ મોહાલી, વિઝાગ, કોલકાતા, નાગપુરમાં
- વિજય હઝારે ટ્રૉફીઃ ૧૪ ડિસેમ્બરથી ૮ જાન્યુઆરી
- વિજય મર્ચન્ટ ટ્રૉફી (અન્ડર-૧૬): નવેમ્બરથી જાન્યુઆરી. ■

## ગુજરાત

# યુપીના વૉન્ટેડ ગેંગસ્ટર શોલે સિંહની સુરતમાં ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતમાં ડિટેક્શન ઓફ ક્રાઈમ બ્રાન્ચ (ડીસીબી) એ ઉત્તર પ્રદેશ સ્થિત એક કથિત ગેંગસ્ટરની ધરપકડ કરી હતી, જેના પર ₹૧.૫ લાખનું ઈનામ હતું. આરોપી, શોલે સિંહ ઠાકુર ઉર્ફે આનંદ સિંહ (૨૬) તરીકે ઓળખાય છે, તેને ખટોદરા વિસ્તારમાંથી પકડવામાં આવ્યો હતો. પોલીસે જણાવ્યું હતું કે તે શોલે ગેંગનો વડો હતો અને હત્યા, હત્યાનો પ્રયાસ, ખંડણી અને ગોળીબારની ઘટનાઓ સહિતના અનેક ગંભીર ગુનાઓમાં સંડોવાયેલો હતો.

ઉત્તર પ્રદેશના જૌનપુર અને પ્રતાપગઢ જિલ્લાના અધિકારીઓએ તેની ધરપકડ તરફ દોરી જતી માહિતી માટે અનુક્રમે ₹૧ લાખ અને ₹૫૦,૦૦૦ ના ઇનામ જાહેર કર્યા હતા.

એડિશનલ પોલીસ કમિશનર કરણરાજ વાઘેલાએ જણાવ્યું હતું કે ડીસીબીના એન્ટી ઓર્ગેનાઇઝ્ડ ક્રાઇમ સ્ક્વોડને ગુપ્ત માહિતી મળી હતી કે પલસાણામાં છુપાયેલો એક વોન્ટેડ ગુનેગાર સુરતમાં મોટા ગુનાની યોજના બનાવી રહ્યો છે.

મળેલી બાતમીના આધારે, અમે શોલે સિંહની ધરપકડ કરી, જે ઉત્તર પ્રદેશના વિવિધ પોલીસ સ્ટેશનોમાં નોંધાયેલા પાંચ ગંભીર કેસોમાં વોન્ટેડ છે. કુલ મળીને તેની સામે નવ ફોજદારી કેસ નોંધાયા છે, વાઘેલાએ જણાવ્યું હતું. ■

# રોકાણ માટેનાં શ્રેષ્ઠ રાજ્યોમાં ગુજરાત ટોપ-પાંચમાંઃ ખાનગી અહેવાલનું તારણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વેલ્થ મેનેજમેન્ટ કંપની ક્લાયન્ટ એસોસિએટ્સ દ્વારા બહાર પાડવામાં આવેલા વ્હાઈટ પેપર મુજબ, ગુજરાત દેશના જીડીપીમાં યોગદાન આપનારા પાંચ રાજ્યોમાંનું એક છે અને રોકાણ માટે સંપૂર્ણ અનુકૂળતા ધરાવે છે.

અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું કે નાણાકીય વર્ષ ૨૦૨૫માં ગુજરાત, મહારાષ્ટ્ર, તમિલનાડુ, ઉત્તર પ્રદેશ અને કર્ણાટક સાથે મળીને ભારતના કુલ ઘરેલુ ઉત્પાદન (જીડીપી) માં લગભગ ૪૮ ટકા હિસ્સો ધરાવે છે. જોકે પાંચ રાજ્ય દેશની આર્થિક વ્યવસ્થામાં આટલો મોટો હિસ્સો ધરાવે છે તે અમુક રાજ્યોમાં જ વિકાસનું કેન્દ્રીકરણ થયું છે, તેમ પણ દર્શાવી રહ્યું છે.

નાણાકીય વર્ષ ૨૦૨૫ માં ભારતનો નોમિનલ જીડીપી ₹૩૪૦.૭ લાખ કરોડને વટાવી ગયો, જેનાથી દેશ વિશ્વનો પાંચમો સૌથી મોટું અર્થતંત્ર બન્યું, જેમાં વાસ્તવિક જીડીપી વૃદ્ધિ ૭.૧ ટકા નોંધાઈ હતી.

જોકે, અહેવાલમાં રાષ્ટ્રીય સ્તરે મજબૂત વિકાસ થયો હોવા છતાં રાજ્યો વચ્ચે નોંધપાત્ર અસમાનતાઓ તરફ ધ્યાન દોરવામાં આવ્યું છે.

મુખ્ય હાઇલાઇટ્સમાં, ગુજરાત ઈન્વેસ્ટમેન્ટ રેડિનેસ રેન્કિંગમાં કર્ણાટક, મહારાષ્ટ્ર, ઝારખંડ અને ઉત્તર પ્રદેશથી આગળ છે. રાજ્યની મજબૂત સ્થિતિ તેના ૨.૭ ટકાના નીચા બેરોજગારી દર, વૈવિધ્યસભર ઔદ્યોગિક ઇકોસિસ્ટમ અને મજબૂત વેલ્થ મેનેજમેન્ટને આભારી છે.

અહેવાલમાં વધુમાં નોંધવામાં આવ્યું છે કે નાણાકીય વર્ષ ૨૦૨૫માં ભારતને ₹૪.૨૨ લાખ કરોડ વિદેશી સીધા રોકાણ (એફડીઆઈ) ઇક્વિટી ઈનફ્લો મળ્યો, જે પાછલા વર્ષ કરતા ૧૪.૭ ટકાનો વધારો દર્શાવે છે. મહારાષ્ટ્ર, કર્ણાટક, ગુજરાત, દિલ્હી અને તમિળનાડુએ કુલ એફડીઆઈ ઈનફ્લોના ૮૩.૩ ટકા આકર્ષ્યા હતા, જે સાબિત કરે છે કે ગુજરાત રોકાણ માટે પ્રિય છે. ■

# વડોદરામાં અકાળે મોતના બે અજીબ કિસ્સા, એક બાળકી અને એક ડૉક્ટરનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતની બે ઘટનાએ ફરી સાબિત કર્યું હતું કે મોત ક્યારે કઈ રીતે આવે તે વિચારી શકાતું નથી. અહીં વાંદરાઓએ એક નિર્માણાધીન ઈમારતનો સ્લેબ પાડી નાખતા કમ્પાઉન્ડમાં રમતી બાળકીનું મોત થયું હતું, જ્યારે વડોદરા ટ્રેનમાં જઈ રહેલા એક ડૉક્ટર નદીમાં ખાબકી પડતા તેમનું મોત થયું હતું.

વડોદરાના બરાનપુરામાં એક નિર્માણાધીન ઈમારતની છત પર વાંદરાઓ રમતા હતા. અહીં એક સ્લેબ તેમનાથી ઉખેડી નાખવામાં આવ્યો અને તે અહીં કમ્પાઉન્ડમાં રમતી ત્રણ વર્ષની બાળકી ધ્રુવી રાઠવા પર પડ્યો અને બાળકીને ગંભીર ઈજા થઈ હતી. તેને તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવી હતી, પરંતુ તબીબોએ તેને મૃત જાહેર કરી હતી.

સોમવારે વડોદરાથી આણંદ જતી વખતે નંદેસરી પોલીસ હદમાં ફાજલપુર નજીક આયુર્વેદના ચિકિત્સક ડૉ. જૈનેશ પટેલ ચાલતી ટ્રેનમાંથી પડીને મહી નદીમાં ડૂબી ગયા હતા. ૪૧ વર્ષીય બીએએમએસ ડિગ્રી ધારક ડૉ. જૈનેશ પટેલ પરિણીત હતા અને આણંદમાં રહેતા હતા. નંદેસરી પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે આ આત્મહત્યા કે અકસ્માત છે તે અંગે તપાસ કરવામાં આવશે. ■

# અમદાવાદ ઍરક્રેશના મૃતકના સંબંધીનો પાઈલટની બોડી સિટિંગ પોઝિશનમાં જોઈ હોવાનો દાવો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગયા વર્ષે જૂનમાં થયેલા એઆઈ-૧૭૧ ક્રેશમાં પરિવારના ત્રણ સભ્યો ગુમાવનાર એક વ્યક્તિએ દાવો કર્યો હતો કે તેણે અમદાવાદના શબઘરમાં ફ્લાઇટના કેપ્ટનનો મૃતદેહ સિટિંગ પોઝિશનમાં જોયો હતો અને તેમના હાથ હજુ પણ વિમાનની કન્ટ્રોલ સિસ્ટમ પર હોય તેમ જણાતું હતું.

ગુજરાતના ખેડા જિલ્લના રહેવાસી રોમિન વોહરાના દાવાઓ, ક્રેશ તરફ દોરી જતા સંજોગો અને ફ્લાઇટની અંતિમ ક્ષણો દરમિયાન કોકપીટમાં લેવામાં આવેલા પગલાં અંગે સતત ચર્ચાઓ વચ્ચે પ્રકાશમાં આવ્યા છે. ક્રેશના ૧૦૦ પીડિત પરિવારોનું પ્રતિનિધિત્વ કરતા અમેરિકી કાયદા પેઢીના એક અધિકારીએ જણાવ્યું હતું કે એકને દોષી ઠેરવતા પહેલા સ્વતંત્ર નિષ્ણાતો દ્વારા આ ઘટનાની તપાસ થવી જોઈએ

અમદાવાદથી લંડન જતી ક્રેશ થયેલી ફ્લાઈટ પાઈલટ ઈન કમાન્ડ કેપ્ટન સુમિત સભરવાલ અને કો-પાયઈલટ કેપ્ટન ક્લિવ કુંદર દ્વારા ઑપરેટ કરવામાં આવતી હતી.

ઘણા મૃતકોના મૃતદેહ ઓળખ અને ડીએનએ મેચિંગ માટે અસારવા વિસ્તારમાં અમદાવાદ સિવિલ હોસ્પિટલના શબઘરમાં ખસેડવામાં આવ્યા હતા.

આ દુર્ઘટનામાં પોતાના ભાઈ, ભત્રીજી અને કાકીને ગુમાવનારા રોમિન વોહરાએ દાવો કર્યો હતો કે તેઓ ૧૩ જૂને પોતાના પરિવારના સભ્યોના મૃતદેહો શોધવા માટે શબઘરમાં ગયા હતા અને ત્યાં તેમણે કેપ્ટન સભરવાલનો મૃતદેહ જોયો હતો. વોહરા લેબ ટેકનિશિયન છે અને પોતે મેડિકલ ફિલ્ડમાં હોવાથી અને અમુક લોકોને ઓળખતો હોવાથી તેને અંદર જવા દીધો હતો.

વોહરાએ કહ્યું કે કેપ્ટન સભરવાલના મૃતદેહને ટેબલની એક બાજુએ બીજા લોકોથી અલગ રાખવામાં આવ્યો હતો. તે સમયે, શરીર કડક હતું અને સિટિંગ પોઝિશનમાં હતું, જાણે કે તે હજુ પણ તેની સીટ પર હોય, તેવો દાવો તેમણે કર્યો હતો.

તેમના હાથ સ્ટીયરિંગ (કંટ્રોલ યોક અથવા કોલમ) પકડી રાખ્યું હોય તેમ હતા. તેમના પગ બેઠેલા વ્યક્તિના પગ જે રીતે વળેલા રહે છે તે રીતે વળેલા હતા, જ્યારે તેમના હાથ આગળ ખેંચાયેલા હતા, વોહરાએ ઉમેર્યું. આ સાથે સ્ટિયરિંગ તેના હાથમાં હોવાનું તેણે જણાવ્યું હતું.

વોહરાએ વધુમાં દાવો કર્યો હતો કે કેપ્ટને હજુ પણ તેમનો યુનિફોર્મ પહેરેલો હતો, જેનાથી તેમને મૃતદેહ ઓળખવામાં મદદ મળી હતી. કેપ્ટનનો ચહેરો પછીથી ધ્યાનમાં આવતા તે સભરવાલ જ હતા તેવો દાવો વોહરાએ કર્યો હતો. (પીટીઆઈ) ■

# વન નેશન વન ઈલેક્શનને ગુજરાત સરકારે સમર્થન આપ્યું, કૉંગ્રેસનો વિરોધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ બુધવારે લોકસભા અને વિધાનસભાઓની એકસાથે ચૂંટણી કરાવવાના વન નેશન વન ઈલેક્શન પ્રસ્તાવનું નિરીક્ષણ કરતી સંયુક્ત સંસદીય સમિતિને મળ્યા હતા અને વન નેશન વન ઈલેક્શનના પ્રસ્તાવને સમર્થન આપ્યું હતું.

વિપક્ષ કૉંગ્રેસે આ પ્રસ્તાવની ટીકા કરી હતી અને તેને સત્તાના કેન્દ્રીકરણના હેતુથી બનાવેલો છુપાયેલો એજન્ડા ગણાવ્યો હતો.

પટેલ ઉપરાંત, નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવી, વરિષ્ઠ અધિકારીઓ અને ગુજરાત સરકારના અન્ય પ્રતિનિધિઓ પણ ગાંધીનગર નજીક ગિફ્ટ સિટી ખાતે જેપીસી પેનલને મળ્યા હતા અને પી પી ચૌધરીની અધ્યક્ષતાવાળી સમિતિ સમક્ષ રાજ્યના મંતવ્યો રજૂ કર્યા હતા.

બેઠક બાદ પત્રકારોને સંબોધતા સંઘવીએ જણાવ્યું હતું કે ગુજરાત સરકાર પ્રસ્તાવિત કાયદાને સંપૂર્ણ સમર્થન આપે છે, કારણ કે તે રાષ્ટ્રીય હિતમાં છે.

સંઘવીએ જણાવ્યું હતું કે આ વર્ષે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ દરમિયાન મ્યુનિસિપલ કોર્પોરેશનો, નગરપાલિકાઓ, જિલ્લા પંચાયતો અને તાલુકા પંચાયતોની ચૂંટણીઓ એકસાથે યોજીને ગુજરાત એક સાથે ચૂંટણીઓ યોજવાની દિશામાં આગળ વધી ગયું છે. આનાથી દેશભરનાં રાજ્યો માટે એક નવો દાખલો બેસાડવામાં આવ્યો છે, જે દર્શાવે છે કે આપણે આને અસરકારક રીતે અમલમાં મૂકી શકીએ છીએ.

વારંવાર થતી ચૂંટણીઓને કારણે વહીવટી તંત્ર પરના ભારણ પર પ્રકાશ પાડતા સંઘવીએ જણાવ્યું હતું કે ગુજરાતમાં ૨૦૨૨માં વિધાનસભાની ચૂંટણીઓ, ૨૦૨૪માં લોકસભાની ચૂંટણીઓ અને ૨૦૨૬માં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ યોજાઈ હતી, જ્યારે ૨૦૨૭માં બીજી ચૂંટણી યોજાવાની છે.

તેમણે કહ્યું કે ચૂંટણી વ્યવસ્થાપનમાં પોલીસ અને વહીવટી તંત્ર સહિતની એજન્સીઓનો મોટા પાયે માનવબળ અને સમયનો વ્યય થાય છે.

ગુજરાત સરકારના એક સર્વે મુજબ, એક વિધાનસભા કે લોકસભા ચૂંટણી દરમિયાન સરકારી કર્મચારીઓના લગભગ ૫૦ લાખ વર્કિંગ અવર્સ ખર્ચાયા હોવાનો દાવો સંઘવીએ કર્યો હતો.

તેમણે કહ્યું કે ચૂંટણી દરમિયાન આદર્શ આચારસંહિતાનો અમલ કલ્યાણકારી કાર્ય અને નિયમિત વહીવટને અસર કરે છે.

સંઘવીએ કહ્યું કે ગુજરાત સરકારે જેપીસીને વિગતવાર ડેટા અને ઇનપુટ્સ સબમિટ કર્યા છે અને પેનલને દરખાસ્તના અમલને ઝડપી બનાવવા વિનંતી કરી છે.

આ દરમિયાન, કૉંગ્રેસ પાર્ટીના ગુજરાત પ્રમુખ અને ધારાસભ્ય અમિત ચાવડાના નેતૃત્વમાં કૉંગ્રેસનું એક પ્રતિનિધિમંડળ પણ જેપીસીને મળ્યું હતું. અમે વન નેશન વન ઈલેક્શન દરખાસ્ત અને બિલનો સખત વિરોધ કરીએ છીએ. આ બિલ લાવવા પાછળનો છુપાયેલ એજન્ડા સત્તાનું કેન્દ્રીકરણ છે, ચાવડાએ બેઠક બાદ પત્રકારોને જણાવ્યું હતું. તેમણે આરોપ લગાવ્યો કે આ પ્રસ્તાવ બંધારણીય ભાવના અને દેશના સંઘીય માળખાની વિરુદ્ધ છે. આપણું બંધારણીય માળખું દરેક રાજ્યને અલગ અલગ પ્રણાલીઓ અને સત્તાઓ આપે છે, અને આ પ્રસ્તાવ તેમને કેન્દ્રિય બનાવવાનો પ્રયાસ છે,

ચાવડાએ અવિશ્વાસ દરખાસ્તો અને સરકારોના વિસર્જન સંબંધિત જોગવાઈઓનો પણ વિરોધ કર્યો હતો અને કહ્યું કે આ પ્રસ્તાવ નિશ્ચિત પાંચ વર્ષના આદેશના સિદ્ધાંતને નબળો પાડે છે.

એક સાથે ચૂંટણીઓ ખર્ચ અને વહીવટી બોજ ઘટાડશે તેવી કેન્દ્રની દલીલને નકારી કાઢતા, ચાવડાએ કહ્યું કે ચૂંટણી સંબંધિત ખર્ચ સરકારી બજેટના એક ટકા કરતા પણ ઓછો હિસ્સો ધરાવે છે.

તેમણે સુરક્ષા દળોની ઉપલબ્ધતા અને રાષ્ટ્રવ્યાપી એકસાથે ચૂંટણી માટે ઇલેક્ટ્રોનિક વોટિંગ મશીનો અને વીવીપેટ મેળવવાના ખર્ચ અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી.

કૉંગ્રેસ નેતાએ વધુમાં દલીલ કરી હતી કે એકસાથે ચૂંટણીઓ સ્થાનિક મુદ્દાઓને રાષ્ટ્રીય મુદ્દાઓ ઢાંકી દેશે અને જો સંસદ, વિધાનસભાઓ અને સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ એકસાથે યોજાશે તો મતદારોમાં મૂંઝવણ ઊભી થશે.

અમે આ બિલનો વિરોધ કરીએ છીએ કારણ કે તે આ દેશના સંઘીય માળખા અને બંધારણની ભાવનાની વિરુદ્ધ છે. આ એક બિલ છે જે રાજ્ય વિધાનસભાઓના અધિકારોને મર્યાદિત કરવા અને સત્તાનું કેન્દ્રીકરણ કરવા માટે રચાયેલ છે, એમ તેમણે જણાવ્યું હતું.

છેલ્લા બે દિવસથી ગુજરાતમાં પરામર્શ કરી રહેલી જેપીસીએ મંગળવારે ગુજરાતના મુખ્ય સચિવને આ દરખાસ્ત અંગે તમામ વિભાગોના ઇનપુટ્સ ધરાવતો વ્યાપક અહેવાલ રજૂ કરવાનો નિર્દેશ આપ્યો હતો. (પીટીઆઈ) ■

# રિબાઉન્ડઃ સેન્સેક્સ નીચી સપાટી સામે ૭૯૦ પોઇન્ટ ઊછળીને ૧૧૮ પોઇન્ટના સુધારે સ્થિર થયો

મુંબઇઃ ક્રૂડ ઓઇલના ભાવ પ્રતિ બેરલ ૧૧૦ની નીચે આવવા સાથે યુએસ બોન્ડ યીલ્ડ પણ રેકોર્ડ ઉચ્ચ સ્તરે પહોંચ્યા પછી નીચે આવી હોવાના અહેવાલો વચ્ચે સેન્ટિમેન્ટમાં સુધારો હોવાથી સેન્સેક્સ સવારના સત્રનો તમામ ઘટાડો પચાવી, નીચી સપાટી સામે સેન્સેક્સ લગભગ ૭૯૦ પોઈન્ટ ઊછળ્યો અને નિફ્ટી તેમના સંબંધિત ઇન્ટ્રાડે નીચા સ્તરથી ૨૬૦ પોઈન્ટથી વધુ ઉછળીને ગ્રીન ઝોનમાં બંધ થવામાં સફળ રહ્યો હતો. જોકે, રૂપિયાની સતત નબળાઇ અને ક્રૂડના ૧૦૦ ડોલરથી ઊંચા ભાવને કારણે સાવચેતીભર્યું સેન્ટિમેન્ટ રહ્યું હતું.

બજારને બજારોની અસ્થિરતાનો માપક ઇન્ડિયા વીઆઇએક્સ બપોરે લગભગ બે ટકા ઘટીને ૧૮.૩૧ પર પહોંચ્યો હતો. સેન્સેક્સ ૬૭૧ પોઇન્ટના ઘટાડા સાથે ૭૫,૫૨૬.૪૧ની સપાટીએ અથડાયો હતો, પરંતુ સત્રના પાછલા ભાગમાં બ્લુચીપ શેરોમાં લેવાલી નીકળતાં સેન્સેક્સ ૧૧૭.૫૪ પોઇન્ટ અથવા તો ૦.૧૬ ટકાના સુધારા સાથે ૭૫,૩૧૮.૩૯ની સપાટીએ અને નિફ્ટી ૪૧ પોઇન્ટ અથવા તો ૦.૧૭ ટકાના સુધારા સાથે ૨૩,૬૫૯ની સપાટીએ સ્થિર થયો હતો.

રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ ૨.૮૩ ટકા ઊછળ્યો હતો. બજાજ ફિનસર્વ, ટ્રેન્ટ, ઇન્ટરગ્લોબ એવિએશન, એક્સિસ બેન્ક અને મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ટોપગેઇનર્સ રહ્યા હતા, જ્યારે સેન્સેક્સના શેરોમાં ભારત ઇલેક્ટ્રોનિક્સ, ટેક મહિન્દ્રા, ઇટર્નલ અને ટાટા સ્ટીલ ટોપ લૂઝર્સ રહ્યા હતા. ઝાયડસ લાઇફસાયન્સિસ ૧૩ ટકાના પ્રીમિયમ સાથ રૂ. ૧૧૦૦ કરોડનો બાયબેક પ્રોગ્રામ લાવી રહી છે, જેની પાત્રતા માટેની રેકોર્ડ તારીખ ૨૯ મે છે.

હેલ્થકેર સંસ્થાઓ, હોસ્પિટલ અને પ્રયોગશાળા દ્વારા ઉપયોગમાં લેવાતા ડાયગ્નોસ્ટિક રીએજન્ટ્સ, રેપિડ ટેસ્ટ કીટ, મોલેક્યુલર ડાયગ્નોસ્ટિક્સ, પેથોલોજી સાધનો અને સંબંધિત વસ્તુઓની ઉત્પાદક અને સપ્લાયર ક્યુ લાઇન બાયોટેક લિમિટેડ ૨૧ મે, ૨૦૨૬ના રોજ રૂ. ૨૧૪.૪૮ કરોડનો આઇપીઓ લાવી રહી છે. પ્રાઇસ બેન્ડ રૂ.૩૨૬થી રૂ. ૩૪૩ પ્રતિ શેર છે. લોટ સાઇઝ ૪૦૦ શેરની છે અને ભરણું ૨૫મીએ બંધ થશે.

ઓલા ઇલેક્ટ્રિકની ચોખ્ખી ખોટ વાર્ષિક ધોરણે ૪૨ ટકા ઘટીને રૂ. ૫૦૦ કરોડ, જ્યારે આવક ૫૭ ટકા ઘટીને રૂ. ૨૬૫ કરોડ નોંધાઇ છે. મહારાષ્ટ્રના હેલ્થકેર ક્ષેત્રમાં અગ્રણી ડાયગ્નોસ્ટિક સર્વિસ પ્રોવાઇડર, ઇન્વિક્ટા ડાયગ્નોસ્ટિક લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૬ના ઊત્તરાર્ધ છ માસિક ઓડિટેડ નાણાકીય પરિણામમાં રૂ. ૧૫.૯૬ કરોડની કુલ આવક, રૂ. ૩.૫૫ કરોડનો એબિટા અને રૂ. ૦.૭૯ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

ટાટા રિયલ્ટી એન્ડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડે ચોવીસ કલાક ગ્રાહક સેવા અને રીઅલ ટાઇમ ઇન્ટેલિજન્સ પહોંચાડવા માટે સેલ્સફોર્સના એજન્ટફોર્સ સાથે સહયોગ સાધ્યો છે, જેમાં પ્રથમ પ્રતિભાવ સમય દિવસોથી ઘટાડીને આઠ કલાક કરવામાં આવ્યો છે. પી સેફ દ્વારા પ્લે ઇન કમ્ફર્ટ નામે એક નવું મિશન શરૂ કર્યું છે, જેના પ્રારંભરૂપે ભારતીય મહિલા ક્રિકેટર સ્મૃતિ મંધાનાએ મુંબઈની યુવા મહિલા ખેલાડીઓ માટે માસિક સ્વચ્છતા અને આત્મવિશ્વાસ કેળવવાની વિચારધારા રજૂ કરી છે. પી સેફના આ ખાસ કાર્યક્રમનો ઉદ્દેશ્ય યુવા મહિલા ખેલાડીઓ અને શાળાના વિદ્યાર્થીઓમાં એકંદર સ્વાસ્થ્ય જાગૃતિ લાવવાનો છે.

કૃષિ કોમોડિટી એક્સચેન્જ નેશનલ કોમોડિટી એન્ડ ડેરિવેટિવ્ઝ એક્સચેન્જે ભારતના પ્રથમ એક્સચેન્જ-ટ્રેડેડ વેધર ડેરિવેટિવ કોન્ટ્રેક્ટ રેઇનમુંબઇના લોન્ચની જાહેરાત કરી છે. આ કોન્ટ્રેક્ટ મુંબઈમાં વરસાદના ડેટા પર આધારિત છે, આ ડેટા ભારતીય હવામાન વિભાગ (આઇએમડી) પાસેથી મેળવવામાં આવશે. જૂનથી શરૂ થતા ચાર માસિક ફ્યુચર્સ કોન્ટ્રેક્ટ ટ્રેડિંગ માટે ઉપલબ્ધ રહેશે, જે બજારના સહભાગીઓને ચોમાસાની ઋતુ દરમિયાન વધુ કે ઓછા વરસાદની અપેક્ષાઓના આધારે પોઝિશન લેવાની મંજૂરી આપશે. ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (બીપીસીએલ)એ વાર્ષિક ધોરણે ૯૩.૮૦ ટકાના વધારા સાથે રૂ. ૨૫,૮૪૩ કરોડ કરોડનો કોન્સોલિડેટેડ ચોખ્ખો નફો અને વાર્ષિક ધોરણે ૪.૪૬ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૫,૨૨,૮૨૦ કરોડની આવક નોંધાવી છે. મોબિલિટી પ્લેટફોર્મ, રોપેન ટ્રાન્સપોર્ટેશન સર્વિસીસ પ્રાઇવેટ લિમિટેડ (રેપિડો)એ મહારાષ્ટ્ર ઇન્ફોર્મેશન ટેક્નોલોજી કોર્પોરેશન લિમિટેડ સાથે એમઓયુ પર હસ્તાક્ષર કર્યા છે, જે ડિજિટલ ગવર્નન્સ અને આઇસીટી પહેલ માટે મહારાષ્ટ્ર સરકારની નોડલ એજન્સી છે.

ભારતીય પ્રો-એવી બજારના ૨૦૩૪ સુધીમાં ૩.૯૦ ટકાના ચક્રવૃદ્ધિ વાર્ષિક વૃદ્ધિ દર સાથે ૧૫૦ મિલિયન ડોલર પર પહોંચવાનો અંદાજ વચ્ચે ઇન્ફોર્મા માર્કેટ્સ ઇન ઇન્ડિયા દ્વારા મુંબઈમાં ૨૮થી ૩૦મીમે ૨૦૨૬ દરમિયાન ૨૪મા પામ એવી-આઈસીએન એક્સ્પો ૨૦૨૬નું આયોજન થઇ રહ્યું છે જેમાં પ્રોફેશનલ ઓડિયો, વિડિયો, લાઇટિંગ, લાઇવ એન્ટરટેઇન્મેન્ટ અને સિસ્ટમ્સ ઇન્ટિગ્રેશન ક્ષેત્રના દિગ્ગજોને એક જ છત નીચે લાવશે.

સેક્ટોરલ સૂચકાંકોમાં સૌથી અધિક વધેલા પાંચ સેક્ટર ઈન્ડેક્સમાં ફોક્સ્ડ પાવર (૧.૭૮ ટકા), કેપિટલ ગુડ્સ (૧.૫૨ ટકા), એનર્જી (૧.૪૫ ટકા), ઓઈલ એન્ડ ગેસ (૧.૩૭ ટકા) તથા હોસ્પિટલ્સ (૧.૧૩ ટકા)નો સમાવેશ હતો. જ્યારે સેક્ટોરલ સૂચકાંકોમાં ચાર સેક્ટરલ ઈન્ડેક્સ ઘટ્યા હતા.

# ખાંડમાં માગને ટેકે જળવાતી આગેકૂચ

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડમાં મક્કમ વલણ રહેતા ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૧૦થી ૩૮૪૦ના મથાળે થયાના નિર્દેશો ઉપરાંત સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગને ટેકે હાજરમાં સ્મોલ તથા મિડિયમ ગ્રેડની ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦ની આગેકૂચ જળવાઈ રહી હતી. આજે નાકા ડિલિવરી ધોરણે પણ ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની લેવાલીને ટેકે ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો સુધારો આવ્યો હતો. આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગને ટેકે આવક સામે ઉપાડ જળવાઈ રહ્યો હતો.

### પશ્ચિમ રેલવે
### અમદાવાદ ડિવિઝન

ઈ-ટેન્ડર નોટીસ નં. Sr.DEE/TRD/ADI/10 (2026-27) તારીખઃ 19.05.2026

**હાલના 66kV ઓવરહેડ પાવર લાઈન ક્રોસિંગ્સનું બદલીકરણ**

ટેન્ડર નં. TRD-ADI-T-10-2026-27

**કામનું નામઃ** સાબરમતી-કલોલ સેક્શનઃ- હાલના 66kV ઓવરહેડ પાવર લાઈન ક્રોસિંગ્સનું અન્ડરગ્રાઉન્ડ કેબલ દ્વારા બદલીકરણ. **અંદાજીત પડતરઃ** ₹ ૪,૭૯,૭૩,૨૭૮.૮૪/- **અર્નેસ્ટ મનીઃ** ₹ ૯,૫૯,૫૦૦/- **ટેન્ડર જમા કરવાની અને ખુલવાની તારીખ અને સમયઃ** તા.૧૬-૦૬-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાકે તે પછી નહિં અને તા.૧૬-૦૬-૨૦૨૬ ના ૧૫:૩૦ કલાકે ટેન્ડર ખોલાશે. **ઓફીસનું સરનામુંઃ** સિની. ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જીનીયર, ડી.આર.એમ. ઓફીસ (પ.રે.), ચામુંડા બ્રિજ પાસે, જી.સી.એસ. હોસ્પિટલની સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ-૩૮૨૩૪૫. **વેબસાઈટ વિગતઃ** www.ireps.gov.in ADI-038

અમને લાઇક કરોઃ facebook.com/WesternRly

### PUBLIC NOTICE પબ્લિક નોટીસ

### પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન

**વ્યૂહાત્મક અને વ્યવહારિક સલાહકાર સેવાઓ માટે સલાહકારની નિમણૂંક**

**અનું. નં. ૧** ટેન્ડર નં. COMM_745645_PNU_GRP

**ટેન્ડર શિર્ષક :** પાલનપુર, પાટણ, હિંમતનગર, ભીલડી જેવા સ્ટેશનો અને તેમના આસપાસના વિસ્તારને પશ્ચિમ રેલવે, અમદાવાદ ડિવિઝનના ચોખ્ખી કમાણી કરનારા એકમ તરીકે વિકસિત કરવા, સ્ટેશન અને સહાયક સંપત્તિઓના મુદ્રીકરણ માટે વ્યૂહાત્મક અને વ્યવહારિક સલાહકાર સેવાઓ માટે સલાહકારની નિમણૂંક.

**અનું. નં. ૨** ટેન્ડર નં. COMM_745651_VTA_GRP

**ટેન્ડર શિર્ષક :** વટવા, મણીનગર, અસારવા, ચાંદલોડિયા જેવા સ્ટેશનો અને તેમના આસપાસના વિસ્તારને પશ્ચિમ રેલવે, અમદાવાદ ડિવિઝનના ચોખ્ખી કમાણી કરનારા એકમ તરીકે વિકસિત કરવા, સ્ટેશન અને સહાયક સંપત્તિઓના મુદ્રીકરણ માટે વ્યૂહાત્મક અને વ્યવહારિક સલાહકાર સેવાઓ માટે સલાહકારની નિમણૂંક.

**અનું. નં. ૩** ટેન્ડર નં. COMM_745650_BHUJ

**ટેન્ડર શિર્ષક :** ભુજ જેવા સ્ટેશનો અને તેમના આસપાસના વિસ્તારને પશ્ચિમ રેલવે, અમદાવાદ ડિવિઝનના ચોખ્ખી કમાણી કરનારા એકમ તરીકે વિકસિત કરવા, સ્ટેશન અને સહાયક સંપત્તિઓના મુદ્રીકરણ માટે વ્યૂહાત્મક અને વ્યવહારિક સલાહકાર સેવાઓ માટે સલાહકારની નિમણૂંક.

**અનું. નં. ૪** ટેન્ડર નં. COMM_745633_SBIB_SBT

**ટેન્ડર શિર્ષક :** સાબરમતી (SBIB અને SBT) જેવા સ્ટેશનો અને તેમના આસપાસના વિસ્તારને પશ્ચિમ રેલવે, અમદાવાદ ડિવિઝનના ચોખ્ખી કમાણી કરનારા એકમ તરીકે વિકસિત કરવા, સ્ટેશન અને સહાયક સંપત્તિઓના મુદ્રીકરણ માટે વ્યૂહાત્મક અને વ્યવહારિક સલાહકાર સેવાઓ માટે સલાહકારની નિમણૂંક.

**અનું. નં. ૫** ટેન્ડર નં. COMM_745648_BCOB_GRP

**ટેન્ડર શિર્ષક :** ભચાઉ, સામાખિયાળી, ધ્રાંગધ્રા, વિરમગામ જેવા સ્ટેશનો અને તેમના આસપાસના વિસ્તારને પશ્ચિમ રેલવે, અમદાવાદ ડિવિઝનના ચોખ્ખી કમાણી કરનારા એકમ તરીકે વિકસિત કરવા, સ્ટેશન અને સહાયક સંપત્તિઓના મુદ્રીકરણ માટે વ્યૂહાત્મક અને વ્યવહારિક સલાહકાર સેવાઓ માટે સલાહકારની નિમણૂંક.

**અનું. નં. ૬** ટેન્ડર નં. COMM_745652_KLL_GRP

**ટેન્ડર શિર્ષક :** કલોલ, મહેસાણા, ઊંઝા જેવા સ્ટેશનો અને તેમના આસપાસના વિસ્તારને પશ્ચિમ રેલવે, અમદાવાદ ડિવિઝનના ચોખ્ખી કમાણી કરનારા એકમ તરીકે વિકસિત કરવા, સ્ટેશન અને સહાયક સંપત્તિઓના મુદ્રીકરણ માટે વ્યૂહાત્મક અને વ્યવહારિક સલાહકાર સેવાઓ માટે સલાહકારની નિમણૂંક.

**ઉપરોક્ત તમામ ટેન્ડરો માટેઃ બંધ થવાની તારીખ અને સમય :** તા.૧૬-૦૬-૨૦૨૬ ના ૧૧:૦૦ કલાકે, **પ્રી-બીડ મિટીંગ તારીખ અને સમયઃ** તા.૨૯-૦૫-૨૦૨૬ ના ૧૪:૦૦ કલાકે. **IREPS પર ટેન્ડર દસ્તાવેજ ઉપલબ્ધઃ** https://www.ireps.gov.in/epsn/buyerinboxLink.do ADI-039

અમને લાઇક કરોઃ facebook.com/WesternRly • અમને ફોલો કરોઃ x.com/WesternRly

અમેરિકી ટ્રેઝરીની યિલ્ડ વધતાં વૈશ્વિક સોનામાં ઘટ્યા મથાળેથી ટકેલું વલણ, ચાંદીમાં ધીમો સુધારો

# સ્થાનિકમાં ચાંદીમાં ₹ ૧૪૧૧નો અને સોનામાં ₹ ૫૨૨નો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક બજારમાં આજે અમેરિકાની ૧૦ વર્ષીય અને ૩૦ વર્ષીય બૉન્ડની યિલ્ડ વધી આવવાની સાથે અમેરિકા-ઈરાન વચ્ચેનો ભૂરાજકીય તણાવ હળવો થવાના આશાવાદ સાથે આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના ઘટ્યા મથાળા આસપાસ ટકેલા રહ્યા હતા, જ્યારે ચાંદીમાં ઘટ્યા મથાળેથી ૧.૮ ટકા જેટલો સુધારો આવ્યો હતો. જોકે, સ્થાનિક ઝવેરી બજારમાં આજે એકંદરે વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે બન્ને કિંમતી ધાતુઓના ભાવમાં ઘટાડો આવ્યો હતો. તેમ છતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો ૧૪ પૈસા નબળો પડ્યો હોવાથી આયાત પડતરો વધી આવતાં વિશ્વ બજારની સરખામણીમાં ભાવઘટાડો મર્યાદિત રહ્યો હતો, જેમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૨૦થી ૫૨૨નો અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૧૪૧૧નો ઘટાડો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ખાસ કરીને સોનામાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ ઉપરાંત રોકાણકારો સહિત જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ પણ નિરસ રહેતાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૨૦ના ઘટાડા સાથે રૂ. ૧,૫૭,૯૨૦ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૫૨૨ના ઘટાડા સાથે રૂ. ૧,૫૮,૫૫૫ના મથાળે રહ્યા હતા. તેમ જ ચાંદીના વેરારહિત ધોરણે કિલોદીઠ ભાવ રૂ. ૧૪૧૧ના ઘટાડા સાથે રૂ. ૨,૬૭,૩૦૨ના મથાળે રહ્યા હતા. જોકે, ચાંદીમાં ઔદ્યોગિક વપરાશકારોની માગને બાદ કરતાં જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ શુષ્ક રહી હતી.

દરમિયાન ગઈકાલે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ પર સોનાના ભાવ ગત ૩૦મી માર્ચ પછીની નીચી સપાટી સુધી ઘટી આવ્યા બાદ આજે આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ઔંસદીઠ ૪૪૮૦.૨૯ ડૉલર આસપાસની સપાટીએ ટકેલાં રહ્યા હતા અને જૂન ડિલિવરી વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૬ ટકા ઘટીને ઔંસદીઠ ૪૪૮૨.૮૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૧.૮ ટકા ઘટીને ઔંસદીઠ ૭૫.૧૩ ડૉલર આસપાસ રહ્યા હતા.

હાલના તબક્કે મુખ્યત્વે સ્ટ્રેટ ઑફ હોર્મુઝ દરિયાઈ માર્ગ ખુલવા અંગેનો કોઈ પ્રોત્સાહક અહેવાલ આવે અને ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ જોવા મળે તો સોનાના ભાવમાં સુધારો જોવા મળે તેવી શક્યતા એફએક્સટીએમનાં રિસર્ચ એનાલિસ્ટ લુકમાન ઑટુંગાએ જણાવ્યું હતું. જોકે, અમેરિકા-ઈરાન વચ્ચેની વાટાઘાટો લંબાઈ જાય અને તણાવ વધે તો ફુગાવો વધવાની ભીતિ હેઠળ સોનાના ભાવ વધુ સમય સુધી દબાણ હેઠળ રહે, એમ તેમણે ઉમેર્યું હતું.

અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે યુદ્ધનો અંત વહેલાસર આવશે એવી શક્યતા વ્યક્ત કરી હોવાના અને ઉપપ્રમુખ ડે ડી વાન્સે વાટાઘાટોમાં પ્રગતિ થઈ રહી હોવાનું જણાવતાં આજે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ઘટી આવ્યા હતા.

### પશ્ચિમ રેલવે

**કંસલટન્સી સર્વિસીઝનું ઍન્ગેજમેન્ટ**

સીની. ડીવી. કોર્મ. મેનેજર, DRM ઓફિસ, એનેક્ષ બિલ્ડિંગ, ૧લો માળ, કોમર્સીયલ ડિપાર્ટ, NFR સેક્શન, મું.સેન્ટ્રલ, મુંબઈ-૮ ટે.નં. **WRMMCTNFRCON SULTOOH202603** મંગાવે છે. કામનું નામઃ ચર્ચગેટ અને વિરાર વચ્ચે આઉટ ઓફ હોમ (OOH) એસેટસ (હોર્ડીંગ્સ, ગ્રેન્ટ્રીઝ, યુનિપોલ્સ)ના આઈન્ડેન્ટીફીકેશન, વેલ્યુએશન અને ટેન્ડર પેકેજીંગ માટે કંસલટન્સી સર્વિસીઝનું એન્ગેજમેન્ટ. જાહેરાત વેલ્યુઃ ₹ ૯,૯૫,૦૦૦/-. બાના રકમઃ ₹ ૧૯,૯૦૦/-. ટેન્ડર દસ્તાવેજ કિંમતઃ ₹ ૫,૦૦૦/-. બીડીંગ શરૂઆતની તા. ૨૭/૫/૨૬. ટેન્ડર બંધ થવાની તા. & સમયઃ ૧૦/૬/૨૬ના ૧૫ ક. સંપર્ક વિગતો લેન્ડલાઈન નં. ૦૨૨ ૬૭૬૪૪૨૧૨, ઈ-મેઈલ ID : **acmadvtgbct@gmail.com**, કામકાજના કલાકો સ. ૯.૩૦થી સાંજે ૬.૦૦. વધુ વિગતો માટે કૃપયા અમારી વેબસાઈટઃ www.ireps.gov.inની મુલાકાત લો.

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly 0128

### મધ્ય રેલવે

વોક - ઈન - ઈન્ટરવ્યુ

**ફૂલ ટાઈમ કોન્ટ્રાક્ટ ધોરણે કોન્ટ્રાક્ટ મેડિકલ પ્રેક્ટિશનર (GDMO)ની એન્ગેજમેન્ટ**

એક વર્ષની મુદત માટે મધ્ય રેલવે, મુંબઈ ડિવિઝનમાં કોન્ટ્રાક્ટ મેડિકલ પ્રેક્ટિશનર્સ (GDMO)ની ૦૨ જગ્યાઓ એન્ગેજમેન્ટ માટે Sr. DPOની ઓફિસ CSMTમાં નીચે જણાવેલ મુજબ વોક-ઈન-ઈન્ટરવ્યુ યોજાશે અથવા આગામી આદેશો સુધી, જે વહેલું હોય તે. ઉમેદવારોની વોક-ઈન-ઈન્ટરવ્યુનું શેડ્યૂલઃ **પોસ્ટના નામઃ CMP (GDMO). તારીખઃ** ૦૫.૦૬.૨૦૨૬. **રિપોર્ટિંગ સમય** ૧૦.૦૦ ક.થી ૧૨.૦૦ ક. **સ્થળઃ** Sr. DPOની ઓફિસ, સેન્ટ્રલ રેલવે, પર્સનલ બ્રાન્ચ, ડિવિઝનલ રેલવે મેનેજરની ઓફિસ, ૨જો માળ, એનેક્સ બિલ્ડિંગ, છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ, મુંબઈ-૪૦૦૦૦૧. **નોંધઃ** ૧. જો સોંપાયેલ તારીખે પૂર્ણ ન થાય તો ઈન્ટરવ્યુ બીજા દિવસે પણ ચાલુ રાખી શકાય છે. ૨. જો જરૂર પડે તો આ સમિતિ દર બુધવારે w.e.f. ૧૦.૦૬.૨૦૨૬ના નિયમિત ધોરણે ઈન્ટરવ્યુ લેશે. જ્યાં સુધી ખાલી જગ્યા ભરાઈ ન જાય.

**વોક-ઈન-ઈન્ટરવ્યુ વિશે વધુ વિગતો માટે અને અરજી ફોર્મ ડાઉનલોડ કરવા માટે, અમારી વેબસાઈટઃ www.cr.indianrailways.gov.in > About Us > Divisions > Mumbai > Personnel. પરથી ડાઉનલોડ કરી શકાય છે.** AK-176

રેલવે લાઈન અનધિકૃત રીતે ઓળંગવી એ સજાપાત્ર ગુનો છે.

### BRIHANMUMBAI MAHANAGARPALIKA

**વી.એન. દેસાઈ મ્યુ. જનરલ હોસ્પિટલ, સાંતાક્રુઝ (પૂ.), મુંબઈ- ૫૫. નં. HO/૧૮૨૬/VNDH તા. ૨૦.૦૫.૨૦૨૬**

**ઈ-ટેન્ડર નોટિસ**

ધી કમિશનર ઓફ મ્યુનિસિપલ કોર્પોરેશન ઓફ ગ્રેટર મુંબઈ (MCGM) આ લાઈનમાં વ્યવહાર કરતાં પાત્ર NGO's પાસેથી બીડ/ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે. વિગતો નીચે મુજબ છે.

| ક્રમ નં. | પરિમાણો | વિગતો | |
|---|---|---|---|
| ૧ | ઈ-ટેન્ડર/બીડ નં. | GeM/૨૦૨૬/B/૭૫૨૪૨૩૦ | |
| ૨ | ડિપાર્ટમેન્ટ | પેરીફેરલ હોસ્પિટલ | |
| ૩ | ઈ-ટેન્ડરનો વિષય | BMC સાંતાક્રુઝ (પૂ.), મુંબઈ-૪૦૦ ૦૫૫ની વી.એન. દેસાઈ હોસ્પિટલના સર્જરી વિભાગના ઉપયોગ માટે કટ ડાઉન અને વેનોસ એક્સેસ સેટની પ્રોક્યોરમેન્ટ. | |
| ૪ | સંપર્ક વિગત | મેડિકલ સુપ્રીન્ટેન્ડન્ટ<br>ટેલી નં. ૦૨૨-૨૬૧૫૧૫૦૬<br>ઈ-મેલઃ vndesai.ms@mcgm.gov.in/ vndesaihospital@yahoo.com | |
| ૫ | મહત્ત્વની તારીખો | વિગતો | તારીખથી |
| | | ઓનલાઈન ઈ-ટેન્ડર ડાઉનલોડ પ્રારંભ તારીખ | ૧૯.૦૫.૨૦૨૬, @ ૨૧.૦૦ કલાકે |
| | | ઓનલાઈન ઈ-ટેન્ડર સુપ્રત કરવાની અંતિમ તારીખ | ૦૩.૦૬.૨૦૨૬, ૨૧.૦૦ ક. સુધી |

GeM પોર્ટલ https://gem.gov.in પરથી ઈ-ટેન્ડર ડાઉનલોડ કરી શકાશે અથવા ૦૨૨-૨૬૧૫૧૫૦૬ પર અમને ફોન કરો.

સ્થળઃ મુંબઈ

સહી/-
મેડિકલ સુપ્રીન્ટેન્ડન્ટ (I/c) વતી
વી.એન. દેસાઈ મ્યુનિસિપલ જનરલ હોસ્પિટલ, સાંતાક્રુઝ (પૂ.), મુંબઈ- ૪૦૦ ૦૫૫.

PRO/400/ADV./2026-27

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

### PUBLIC NOTICE

**NOTICE** is hereby given to the public at large that we are investigating the (i) right, title and interest of **RAJMATA JIJABAI CO-OPERATIVE HOUSING SOCIETY LIMITED,** a Society registered under the Maharashtra Co-operative Societies Act, 1960 bearing Registration no. REGD. NO. BOM./ HSG./2136 of 1969 having its registered office at **NATHKRUPA Building,** Opp. A. T. I. (N.S.T.I.), 3/4/5, V.N. Purav Marg, Chunabhatti-East, Mumbai 400022 **("Society")** in respect of the land together with the 1 (one) building **("Existing Building")** standing thereon and more particularly described in the **Schedule** hereunder written (collectively, the **"Property"**);

Any and all persons/ entities including any bank and/or financial institution and/or non-banking financial company and/or authority having any direct or indirect claim, demand, objection, share, right, interest, benefit and/or entitlement of whatsoever nature in respect of or against the Society and/or the Members and/or the Property or any portion thereof and/or the Shares and/or the Members Premises or any part thereof, including in any transferable development rights (TDR), floor space index (FSI) or any built-up areas to be constructed thereon by way of sale, agreement for sale, transfer, assignment, exchange, share, right, beneficial interest, lease, agreement to lease, sub-lease, agreement to sub-lease, tenancy, sub-tenancy, license, sub-license, lien, charge, mortgage, encumbrance, pledge, barter, occupation, care-taker basis, trust, maintenance, easement, attachment, gift, inheritance, lis-pendens, possession, release, relinquishment, partition, power of attorney, will, bequest, succession, development rights, sub-development rights, right of way, reservation, agreement, family arrangement/ settlement, allotment, order or decree or direction of any Court of Law or any other statutory or adjudicating authority or by way or any other method or otherwise howsoever **("Claims")**, are hereby required to make the same known in writing to M/s Ganesh & Co, Unit #11, 65 Sonawala Building, 1st Floor, Mumbai Samachar Marg, Opp. Bombay Stock Exchange, Fort, Mumbai 400001 also with a copy addressed over email at suraj@ganeshco.com along with copies of necessary supporting documents, within 14 (fourteen) days from the date of publication hereof, failing which it would be deemed that no such claim, right, title, or interest exists and same shall be treated as waived or abandoned and/or not binding upon the Society.

**THE SCHEDULE**
**(Description of the Property)**

ALL THAT OF piece and parcel of Land admeasuring 2186.70 square meters or thereabouts bearing C.T.S. No. 125 (Pt), Survey No. 356 (part), Plot No. 3, 4 and 5, and building existing thereon named as "NATHKRUPA" situated Opp. A. T. I. (NSTI), 3/4/5, V.N. Purav Marg, Chunabhatti-East, MUMBAI 400022 and bounded as under:

On or towards North by : A T I (N S T I), V N Purav Marg
On or towards South by : Eastern Express Highway
On or towards West by : Plot No. 2 of CTS 125- Bhadrakratu CHSL
On or towards East by : Partly by CTS 125 (6) Tirupati Height CHSL & CTS 125(pt) Satara Vatsaladevi CHSL

Dated this 21st day of May 2026.

**For Ganesh & Co.**
**Sd/-**
**Suraj Iyer**

# સેબી ફ્રેમવર્ક હેઠળ આઇસીઆઇસીઆઇ પ્રુડેન્શિઅલ સ્પેશિઅલાઇઝડ ઇન્વેસ્ટમેન્ટ ફંડ લાવશે

મુંબઇઃ માર્કેટ રેગ્યુલેટર ધી સિક્યુરિટીઝ એન્ડ એક્સચેજ બોર્ડે જાહેર કરેલા નવા નિયમો અંતર્ગત વ્યાખ્યિત સ્પેશિઅલાઇઝ્ડ ઇન્વેસ્ટમેન્ટ ફંડના ફોરમેટ હેઠળ અંદાજે પંદરેક ફંડ હાઉસને પરવાનગી મળી છે અને તેઓ ધીરે ધીરે ન્વી પ્રોડક્ટ સાથે માર્કેટમાં પ્રવેશી રહ્યા છે. આ જ શ્રેણીમાં આઇસીઆઇસીઆઇ પ્રુડેન્શિયલ મ્યુચ્યુઅલ ફંડ, સ્પેશિયલાઇઝ્ડ ઇન્વેસ્ટમેન્ટ ફંડ આઇએસઆઇએફએ એક્ટિવ એસેટ એલોકેટર લોંગ-શોર્ટ ફંડ અને શર્જીંત્રઃ ઇક્વિટી લોંગ-શોર્ટ ફંડ લોન્ચ કર્યું છે. એનએફઓ ૧૯ મે, ૨૦૨૬ના રોજ ખુલશે અને બીજી જૂન, ૨૦૨૬ના રોજ બંધ થશે. આઇએસઆઇએફ એક્ટિવ એસેટ એલોકેટર લોંગ-શોર્ટ ફંડ ગતિશીલ રીતે ઇક્વિટી, ડેટ, કોમોડિટી ડેરિવેટિવ્ઝ અને ઇન્વિટમાં ફાળવણી કરે છે. આઇએસઆઇએફ ઇક્વિટી લોંગ-શોર્ટ ફંડ સક્રિય રીતે સંચાલિત ઇક્વિટી લોંગ-શોર્ટ ફ્રેમવર્ક દ્વારા માર્કેટ કેપ્સ, ક્ષેત્રો અને શૈલીઓમાં તકો શોધે છે. બંને ઓફરિંગ સેબીના એસઆઇએફ ફ્રેમવર્ક હેઠળ લોન્ચ કરવામાં આવી છે, જે પરંપરાગત મ્યુચ્યુઅલ ફંડ્સ અને પીએમએસ અને એઆઇએફ માળખા વચ્ચે સ્થિત છે.

સતત નવમાં સત્રમાં રૂપિયાની અવિરત પીછેહઠ

# ડૉલર સામે રૂપિયો વધુ ૧૬ પૈસા ગબડીને નવાં તળિયે

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક સ્તરે ક્રૂડતેલના ભાવ ઊંચી સપાટીએ રહેવાને કારણે સ્થાનિક સ્તરે ફુગાવામાં વધારો થવાની ભીતિ હેઠળ સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે સતત નવમા સત્રમાં ડૉલર સામે રૂપિયામાં પીછેહઠ જળવાઈ રહેતાં વધુ ૧૬ પૈસા ગબડીને ૯૬.૮૬નાં નવાં તળિયે બંધ રહ્યો હતો. ફોરેક્સ ટ્રેડરોનાં જણાવ્યાનુસાર આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મક્કમ વલણ અને અમેરિકી ૩૦ વર્ષીય ટ્રેઝરીની યિલ્ડ આજે બે દાયકાની અને ૧૦ વર્ષીય બૉન્ડની યિલ્ડ ૧૬ મહિનાની ઊંચી સપાટીએ પહોંચી હોવાથી અને સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોનો બાહ્યપ્રવાહ પણ રૂપિયાને વધુ દબાણ હેઠળ રાખી રહ્યો છે.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૬.૭૦ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૯૬.૮૯ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન ઉપરમાં ૯૬.૬૫ અને નીચામાં નવી ૯૬.૯૫ની સપાટી નોંધાવીને અંતે ગઈકાલના બંધ સામે ૧૬ પૈસાના ઘટાડા સાથે ૯૬.૮૬ના મથાળે બંધ રહ્યો હતો. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયામાં ૫૦ પૈસાનો કડાકો બોલાઈ ગયો હતો.

ક્રૂડતેલના ભાવમાં વધારો થવાને કારણે ફુગાવામાં વધારાની ચિંતા, ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ અને અમેરિકી ટ્રેઝરીની યિલ્ડ ઊંચી સપાટીએ રહેતાં રૂપિયા સહિતની અન્ય બજારો પણ દબાણ હેઠળ આવી રહી હોવાથી રૂપિયામાં ઓલ ફોલ ડાઉન જોવા મળી રહ્યું છે અને હાલના પરિબળોને ધ્યાનમાં લેતા આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયો ૯૬.૫૦થી ૯૭.૧૦ આસપાસની રેન્જમાં જોવા મળે તેવી શક્યતા મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવ્યું હતું.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૯ ટકા વધીને ૯૯.૪૨ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૨.૭૭ ટકાના ઘટાડા સાથે બેરલદીઠ ૧૦૯.૯૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ આજે સ્થાનિક સ્તરે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૧૧૭.૫૪ પૉઈન્ટનો અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં ૪૧ પૉઈન્ટનો સુધારો આવ્યો હતો. જોકે, વિદેશી સંસ્થાકીય રોકાણકારોની સતત ત્રણ સત્ર દરમિયાન લેવાલી જોવા મળ્યા બાદ ગઈકાલે તેઓની ઈક્વિટીમાં રૂ. ૨૪૫૭.૪૯ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાના નિર્દેશો મળતાં ગબડતાં રૂપિયાને ઢાળ મળ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

### BRIHANMUMBAI MAHANAGARPALIKA

**વિભાગ - ચીફ એન્જીનિયર (બ્રીજીસ)**

**નં. ચી.એ. / ૩૩૪૨ / બ્રીજીસ તારીખ ૧૯/૦૫/૨૦૨૬**

**ટેન્ડર નોટીસ**

**ટેન્ડર ID: ૨૦૨૬_MCGM_૧૩૦૨૮૪૩**

**વિષયઃ- કે/ઈસ્ટ વોર્ડમાં કોન્ડીવીટા FOB ઓવર ટ્રન્ક મેઈન્સનું તોડકામ & રીકંસ્ટ્રક્શન**

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC) પ્રતિષ્ઠિત, મલ્ટિડીસીપ્લીનરી એન્જિનિયરિંગ સંસ્થાઓ એટલે કે જાણીતી પેઢી, માલિકી / ભાગીદારી પેઢીઓ / ખાનગી મર્યાદિત કંપનીઓ / પબ્લિક લિમિટેડ કંપનીઓ / કંપનીઓ ભારતીય કંપની અધિનિયમ ૨૦૧૩ હેઠળ નોંધાયેલ બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC) સાથે નોંધાયેલ કોન્ટ્રાક્ટરો ઉપરોક્ત કામ (જેઓ બ્લેક લિસ્ટેડ અથવા જેમની સામે FIR દાખલ કરવામાં આવી છે તેમની સિવાય) માટે **નવી નોંધણી નિયમો મુજબ વર્ગ II અને તેથી વધુ** અથવા જેઓ કેન્દ્ર અથવા રાજ્ય સરકાર / અર્ધ સરકારી સંસ્થા / કેન્દ્ર અથવા રાજ્ય જાહેર ક્ષેત્રના ઉપક્રમોમાંથી સમકક્ષ અથવા વધુ કામનો અનુભવ ધરાવતા કોન્ટ્રાક્ટરો પાસેથી ઉપરોક્ત દર્શાવેલ કામ માટે કોન્ટ્રાક્ટરની નિમણૂક કરવા માટે **ટકાવારી રેટ ધોરણે** પેકેટ 'A', પેકેટ 'B', પેકેટ 'C'માં નીચેના કામ માટે ઈ-ટેન્ડર મંગાવે છે.

| ક્ર. નં. | કામનું નામ | રૂ.માં અંદા. કિંમત | રૂ.માં બારડી | કોન્ટ્રાક્ટ મુદત | રૂ.માં ટેન્ડર સ્ક્રુટીની ફી |
|---|---|---|---|---|---|
| ૧ | કે/ઈસ્ટ વોર્ડમાં કોન્ડીવીટા FOB ઓવર ટ્રન્ક મેઈન્સનું તોડકામ & રીકંસ્ટ્રક્શન | ૪,૨૯,૮૪,૮૩૬/- | ૪,૨૯,૯૦૦/- | ૧૮ મહિના (ચોમાસાના એક્સલુસીવ) | રૂ. ૧૮,૧૫૦/- + ૧૮% GST |

| | |
|---|---|
| ટેન્ડરની વેચાણની પ્રારંભ તારીખ | ૨૧.૦૫.૨૦૨૬ ૧૧:૦૦ ક.થી |
| પ્રી-બીડ સભા | ૨૯.૦૫.૨૦૨૬ ૧૫:૦૦ ક. સુધી, ચીફ એન્જી. (બ્રીજીસ)ની ઓફિસે |
| ટેન્ડરના વેચાણ માટેની છેલ્લી તારીખ અને સમય & બીડ સુરક્ષા ડિપોઝિટની પ્રાપ્તિ | ૦૫.૦૬.૨૦૨૬ ૧૬:૦૦ ક. |
| પેકેટ 'A', 'B' ની સુપ્રતિ (ઓનલાઈન) | ૦૫.૦૬.૨૦૨૬ ૧૬:૦૦ ક. સુધી |
| પેકેટ 'A' ખૂલશે | ૦૮.૦૬.૨૦૨૬ ૧૬:૦૦ ક. પછી |
| પેકેટ 'B' ખૂલશે | ૦૮.૦૬.૨૦૨૬ ૧૬:૦૧ ક. પછી |
| સંચાર માટેનું સરનામું | ચી.એ. (બ્રિજીસ), BMC, ઝીરો ફ્લોર એન્જિનિયરિંગ હબ બિલ્ડિંગ, ડૉ. ઈ. મોઝેસ રોડ, વર્લી નાકા, વર્લી, મુંબઈ-૧૮ની ઓફિસ.<br>**શ્રી S. Y. પવાર, આસી. એન્જી. (બ્રીજીસ)**<br>**WS સંપર્ક નં.: ૯૯૭૦૦૧૩૩૨૭** |

ઈ-ટેન્ડર મહારાષ્ટ્ર સરકારની ઈ-પ્રોક્યોરમેન્ટ સિસ્ટમ (મહાટેન્ડર્સ) (**http://mahatenders.gov.in**) પર ઉપલબ્ધ છે.

સહી/-
Dy. Ch. Eng. (બ્રિજીસ) W.S.

PRO/404/ADV./2026-27

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

### BRIHANMUMBAI MAHANAGARPALIKA

(સ્યૂઅરેજ ઓપરેશન વિભાગ)

**ઈ-ટેન્ડર નોટીસ**

| | |
|---|---|
| ટેન્ડર ID | ૨૦૨૬_MCGM_૧૩૦૪૨૪૨ |
| સંસ્થાનું નામ | બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન |
| વિષય | **મેઈન સ્યૂઅર પૂર્વિય પરાં ડિવિઝનમાં હાઈ ક્ષમતા ઓટો પ્રાઈમ ડિવોટરિંગ પંપનું સંચાલનની જોગવાઈનું કામ.** |
| ટેન્ડર સ્ક્રુટીની ફી | રૂ. ૩,૯૯૩/-+ (૧૮% GST) = ૪,૭૧૨/- |
| ઈ-ટેન્ડરની કિંમત (અંદાજિત કિંમત) | (આઈટમ રેટ ટેન્ડર) |
| બીડ સુરક્ષા ડિપોઝિટ/ બારડી | રૂ. ૨૪,૦૦૦/- |
| ટેન્ડરની ઈશ્યૂ કરવાની અને વેચાણની તારીખ | ૨૧.૦૫.૨૦૨૬ ૧૧.૦૦ ક. થી |
| પેકેટ A, B & પેકેટ Cની સુપ્રતિ માટે છેલ્લી તારીખ & સમય ઓનલાઈન & (બિડ સુરક્ષા ડિપોઝિટની પ્રાપ્તિ) | ૨૭.૦૫.૨૦૨૬ ૧૬.૦૦ ક. સુધી |
| પેકેટ A & B ખૂલશે | ૨૯.૦૫.૨૦૨૬ ૧૬.૧૦ ક. પછી |
| પેકેટ C ખૂલશે | પેકેટ 'A' & 'B'ના મૂલ્યાંકન પછી |
| સંચાર માટેનું સરનામું | **ડે. ચી. એ. (S.O.) P & MS સબ્સ, વર્સોવા પમ્પિંગ પ્રિમાઈસિસ, જંકશન J. P. રોડ અને રિલીફ રોડ, અંધેરી (પ.), મુંબઈ-૪૦૦૦૫૩.** |
| બીડ ખોલવા માટેનું સ્થળ | **E.E. મીકે. (M.S.) E.S., જૂની ઘાટકોપર પમ્પિંગ સ્ટેશન, શોપર્સ સ્ટોપ પાસે, ઘાટકોપર-માહુલ રોડ, ઘાટકોપર (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૮૯.** |
| મહાટેન્ડર પોર્ટલ | **https://mahatenders.gov.in** |

આ ટેન્ડર દસ્તાવેજ ટ્રાન્સફર પાત્ર નથી.

BMC કોઈપણ અરજી સ્વીકારવાનો અથવા ઉપરોક્ત વિષય માટે મળેલી કોઈપણ અથવા બધી અરજીને કોઈપણ કારણ આપ્યા વિના નકારવાનો અધિકાર અનામત રાખે છે.

સહી/-
(શ્રી એસ. એમ. પાટીલ)
E.E. મીકે. (M.S.) E.S.

PRO/389/ADV./2026-27

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

# ફક્ત એક મહિનાનું પેટ્રોલ-ડીઝલ ઉપલબ્ધ

## કેરોસીન છે, પણ સપ્લાય ચેઈન તૂટી હોવાનું પણ છગન ભૂજબળે કહ્યું

મુંબઈ: વર્તમાન વૈશ્વિક કટોકટીની ઇંધણ પુરવઠા પર મોટી અસર પડી છે અને તેની અસરો હવે આપણા દેશમાં પણ અનુભવાઈ રહી છે. રાજ્યના ખાદ્ય અને નાગરિક પુરવઠા પ્રધાન છગન ભુજબળે ઇંધણના સ્ટોક અંગે ખૂબ જ મહત્વપૂર્ણ અને ચિંતાજનક માહિતી આપી છે. આપણી પાસે હાલમાં ફક્ત એક મહિનાનું પેટ્રોલ અને ડીઝલ ઉપલબ્ધ છે, ભુજબળે એક સનસનાટીભર્યો ખુલાસો કર્યો છે. આ કારણે હવે નાગરિકોમાં ડર પેઠો છે.

પેટ્રોલ અને ડીઝલ અંગે ચિંતા હોવા છતાં રાજ્ય પાસે કેરોસીનનો પુષ્કળ સ્ટોક છે. જોકે, કેરોસીન વિતરણની સપ્લાય ચેઇન સંપૂર્ણપણે તૂટી ગઈ છે. આ પરિસ્થિતિને સંભાળવા અને વિતરણને સરળ બનાવવા માટે કેટલાક અધિકારીઓની નિમણૂક કરવામાં આવી છે. ઉપરાંત આ ચેઇનને પુનઃસ્થાપિત કરવા માટે, હવે કેરોસીન વિતરણ માટે મફત પરવાનગી આપવામાં આવશે, એમ પણ ભુજબળે સ્પષ્ટ કર્યું છે.

આ મુદ્દો ફક્ત મુંબઈ, મહારાષ્ટ્ર કે ભારત પૂરતો મર્યાદિત નથી, પરંતુ વૈશ્વિક મુદ્દો બની ગયો છે. સમગ્ર વિશ્વમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ આસમાને પહોંચી ગયા છે. આ સમગ્ર પૃષ્ઠભૂમિમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી સતત પ્રયાસો કરી રહ્યા છે. વૈશ્વિક કટોકટી મોટી હોવાથી આપણે પણ કેટલીક મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે, પરંતુ અન્ય દેશોની તુલનામાં ભારતમાં પરિસ્થિતિ ખૂબ સારી અને નિયંત્રણમાં છે, તેમણે આશ્વાસન આપતા કહ્યું. ■

### ...નહીં તો એલપીજી સિલિન્ડર બંધ

ઇંધણના સ્ટોકની સાથે છગન ભુજબળે પીએનજી ગેસ પાઇપલાઇન અંગે નાગરિકોને કડક ચેતવણી આપી છે. જે વિસ્તારોમાં ગેસ પાઇપલાઇનનું કામ પૂર્ણ થઈ ગયું છે અથવા કંપનીઓ પાઇપલાઇન કનેક્શન પર કામ કરી રહી છે, ત્યાંના નાગરિકોએ ૩૦ જૂન પહેલા કનેક્શન માટે અરજી કરવી ફરજિયાત છે.



**હવે આ દિવસ દૂર નથી:** પેટ્રોલ-ડીઝલની અછત વચ્ચે જૂના જમાનાની જેમ હવે બળદગાડા દેખાવા લાગે તો નવાઈ નહીં. આવા દિવસો પાછા આવશે એવી નાગરિકોની ચિંતા વચ્ચે મુંબઈના રસ્તા પર ઘણા લાંબા સમય બાદ બળદગાડાં ફરતા જોવાં મળ્યાં હતાં. (અમય ખરાડે)

# ફડણવીસે ઇંધણ અછતની આશંકા ફગાવી

### લોકોને ગભરાટમાં વધુ ખરીદી ન કરવાની વિનંતી કરી

મુંબઈ: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે બુધવારે મહારાષ્ટ્રમાં પેટ્રોલ અને ડીઝલની અછત અંગેની ચિંતાઓને ફગાવી દીધી હતી અને લોકોને ગભરાટમાં બળતણ ન ખરીદવાની અપીલ કરી હતી.

નાગપુરમાં પોલીસ વાહનો માટે ઇંધણની અછત હોવાના એનસીપી (એસપી) નેતા જયંત પાટીલના દાવા અંગે પૂછવામાં આવતા ફડણવીસે ભારપૂર્વક જણાવ્યું હતું કે રાજ્યમાં પેટ્રોલ કે ડીઝલની કોઈ અછત નથી. જોકે, તેમણે કહ્યું કે પૂરતી ઉપલબ્ધતા હોવા છતાં ગ્રાહકો દ્વારા ઇંધણનો બિનજરૂરી સ્ટોક કરવાથી પુરવઠામાં કામચલાઉ વિક્ષેપ પડ્યો છે.

જો બધા લોકો એક જ સમયે બેંકમાંથી પૈસા ઉપાડવાનો પ્રયાસ કરે, તો બેંક પાસે તાત્કાલિક એટલી તરલતા નહીં હોય કારણ કે સિસ્ટમો સામાન્ય દૈનિક જરૂરિયાતો અનુસાર ડિઝાઇન કરવામાં આવી છે. આ જ વાત ઇંધણ પુરવઠા શૃંખલાઓને લાગુ પડે છે, એમ તેમણે ભાર મૂક્યો. ફડણવીસે કહ્યું કે પેનિક ખરીદીથી ઇંધણ પુરવઠા શૃંખલામાં ખલેલ પહોંચી રહી છે. ■

# શું ડબલ એન્જિનવાળી સરકારનું તેલ ખતમ થઈ ગયું છે?: વિપક્ષની ટીકા

મુંબઈ: વિપક્ષ કોંગ્રેસ અને એનસીપી (એસપી) એ બુધવારે રાજ્યના કેટલાક ભાગોમાં ઇંધણની અછતના અહેવાલો પર મહારાષ્ટ્ર સરકાર પર પ્રહારો કર્યા અને ડબલ એન્જિન સરકારના એન્જિનમાં પણ તેલ ખતમ થઈ ગયું છે? એવી ટીકા પણ કરી હતી.

કોંગ્રેસના નેતા વિજય વડેટ્ટીવાર અને એનસીપી (એસપી)ના વિધાનસભ્ય જયંત પાટીલે નાગપુરમાં ગુમ થયેલી છોકરીને શોધવા માટે મોકલવામાં આવેલા પોલીસ વાહનમાં ડીઝલ ન હોવાની ઘટના અને જલગાંવમાં પેટ્રોલ પંપના કર્મચારી પર કથિત ઇંધણની અછતને

(જુઓ પાનું ૪) ▸▸

# પેટ્રોલ-ડીઝલ પંપો પર અરાજકતાની આગ

### ક્યાંક છરીથી હુમલા, તો ક્યાંક ઝઘડા અને ૧૨ કલાકથી લાંબી લાઈનો

મુંબઈ: દેશમાં, એક જ અઠવાડિયામાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં લગભગ ચાર રૂપિયા પ્રતિ લિટરનો વધારો થયો છે. રાજ્યના ઘણા ભાગોમાં ઇંધણનો પુરવઠો પૂરતો ન હોવાથી, પંપોની બહાર લાંબી કતારો લાગી ગઈ છે. પેટ્રોલ અને ડીઝલના ટેન્કર આવતા વાહન માલિકોની ભીડ તૂટી પડે છે. પંપો પર અરાજકતા છે. કેટલીક જગ્યાએ વાહન માલિકો વચ્ચે ઝગડા થાય છે તો કેટલીક જગ્યાએ મારામારીની ઘટનાઓ બની છે. પેટ્રોલ પંપના કર્મચારીઓ ડરી ગયા છે. પેટ્રોલ પંપ પર પોલીસ સુરક્ષાની માંગ કરવામાં આવી રહી છે. જળગાંવ જિલ્લાના મ્હસાવડમાં પેટ્રોલ

(જુઓ પાનું ૪) ▸▸

#### સિગ્નલમાં ખામી કે મોટરમેનની બેદરકારી?

# મધ્ય રેલવેમાં લોકલ ટ્રેન અચાનક એક્સપ્રેસ ટ્રેનના પ્લેટફોર્મ પર આવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: લોકલ ટ્રેનએ મુંબઈગરાની લાઈફલાઈન છે, પરંતુ બુધવારે મધ્ય રેલવેના રેઢિયાળ કારભારનો ભોગ પ્રવાસીઓ બન્યા હતા. બપોરના સમયે મુંબઈના સૌથી વ્યસ્ત એવા છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ સ્ટેશન પર બનેલી એક વિચિત્ર ઘટનાએ રેલવે પ્રશાસનની ઘોર બેદરકારી પર અનેક સવાલો ઊભા કર્યા હતા. મળતી માહિતી અનુસાર ફાસ્ટ કસારા-સીએસએમટી ટ્રેન મેઇલ લાઈનના પ્લેટફોર્મ (નોન-સબર્બન સેક્શન)પર પહોંચી જતા પ્રવાસીઓમાં ગૂંચવણનો માહોલ જોવા મળ્યો હતો.

બપોરના ૧૧.૫૯ વાગ્યાની કસારાથી સીએસએમટી જઈ રહેલી અપ ફાસ્ટ લોકલ ટ્રેન

(જુઓ પાનું ૪) ▸▸

### ૨૧મી એપ્રિલના પણ બે લોકલ એક ટ્રેક પર આવી હતી

મધ્ય રેલવે પર પ્રવાસીઓની સુરક્ષા સાથે ચેડાં થવાની આ કોઈ પહેલી ઘટના નથી. એક મહિના પહેલાં એટલે કે ૨૧મી એપ્રિલના રોજ પણ રેલવે પ્રશાસનની આવી જ એક લાપરવાહી સામે આવી હતી, જ્યારે મોટરમેને સિગ્નલ ફેઈલ્યોરને કારણે એક જ ટ્રેક પર આમને-સામને બે લોકલ ટ્રેન લાવી દીધી હતી. જોકે, સદ્ભાગ્યે એ સમયે મોટી દુર્ઘટના તો ટળી હતી, પરંતુ રેલવેના ધાંધિયાને કારણે સેંકડો પ્રવાસીઓએ કાળઝાળ ગરમીમાં ટ્રેક પર ચાલવાની ફરજ પડી હતી.

#### થાણેમાં ભાજપનો શિંદે સેનાને પડકાર

# સાથીપક્ષના નગરસેવકોને રાજીનામું આપી ફરી ચૂંટણી લડવા કહ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણે: થાણે મહાનગરપાલિકામાં શાસન કરી રહેલા ભાજપ અને શિંદેસેના વચ્ચે બધુ સમુસુતરું નથી. ભાજપના ડેપ્યુટી મેયર કૃષ્ણા પાટીલે પોતાના સાથી પક્ષ શિંદેસેનાના નગરસેવકોને દમ હોય તો નગરસેવક પદથી રાજીનામું આપીને ફરીથી ચૂંટણી લડવાનો પડકાર ફેંક્યો છે.

થાણે પાલિકામાં શિંદેસેના અને ભાજપ વચ્ચે શરૂઆતથી તાલમેલ રહ્યો નથી. ગયા અઠવાડિયે ૧૫ મેના રોજ થાણે પાલિકાની સામાન્ય સભામાં ભાજપના નગરસેવકોએ તેમના સાથીપક્ષ શિવસેના દ્વારા એકીસાથે ૨૩૧ ઠરાવ એકસાથે પસાર કરાવવાનો વિરોધ કર્યો હતો, એ બાદ સામાન્ય સભામાં ભારે બોલાચાલી થઈ હતી.

એટલું જ નહીં પણ ડેપ્યુટી મેયર પાટીલ અને

(જુઓ પાનું ૪) ▸▸

# વિદર્ભ આગની ભઠ્ઠીમાં તપ્યું: વર્ધામાં ૪૭.૧ ડિગ્રી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: રાજ્યમાં એક તરફ અમુક જિલ્લામાં વીજળીના ગડગડાટ સાથે વરસાદ પડી રહ્યો છે ત્યારે વિદર્ભ આગની ભઠ્ઠીમાં શેકાઈ રહ્યું છે. સમગ્ર વિદર્ભમાં ગરમીનું મોજું ફરી વળતા મોટાભાગના વિસ્તારમાં ૪૫ ડિગ્રીની ઉપર તાપમાનનો પારો નોંધાયો હતો. તો સમગ્ર રાજ્યમાં સૌથી ઊંચું તાપમાન વર્ધામાં ૪૭.૧ ડિગ્રી જેટલું નોંધાયું હતું.

ચોમાસું નજીક છે ત્યારે રાજ્યમાં હાલ વિચિત્ર વાતાવરણનો અનુભવ થઈ રહ્યો છે. અમુક જિલ્લામાં કમોસમી વરસાદ વચ્ચે મરાઠવાડા સહિત વિદર્ભમાં ગરમીનું મોજું ફરી વળતા મોટાભાગના જિલ્લામાં ૪૦ ડિગ્રીથી ઉપર તાપમાનનો પારો નોંધાઈ રહ્યો છે, તેમાં પણ વિદર્ભના મોટાભાગના વિસ્તારમાં ૪૫થી ૪૭ ડિગ્રીની આસપાસ પારો નોંધાયો હતો, જેમાં રાજ્યમાં સૌથી હાઈએસ્ટ તાપમાન વર્ધામાં ૪૭.૧ ડિગ્રી, તો અકોલામાં ૪૫.૨ ડિગ્રી, અમરાવતી ૪૬.૪, ચંદ્રપુર ૪૬.૨ ડિગ્રી, ગોંદિયા ૪૪.૯ ડિગ્રી, નાગપુર ૪૬.૬ ડિગ્રી, યવતમાળમાં ૪૫.૨ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે મરાઠવાડાના છત્રપતિ સંભાજી નગરમાં ૪૧.૬ ડિગ્રી, પરભણીમાં ૪૩.૦ ડિગ્રી, બીડમાં ૪૦.૪ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ રાજ્યના વિદર્ભ અને મરાઠવાડા જિલ્લામાં ગરમીનું મોજું ફરી વળ્યું હતું. હજી બે-ત્રણ દિવસ તેની અસર રહેશે. તેથી નાગરિકોને આવશ્યકતા ન હોય તો ઘરની બહાર નીકળવાનું ટાળવાનું રહેશે. ■

કાશ્મીર
હિમાચલ
ઉત્તરાખંડ
સ્પીતી
•••• મહારાજ સાથે ••••
Heena Tours & Travels
9769442741 / 8369230503

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

# બાન્દ્રામાં રેલવેની અતિક્રમણ હટાવ ઝુંબેશ બની હિંસક



## સ્થાનિકોનો પથ્થરમારો, પોલીસ પર બાટલીઓ ફેંકાઈ



(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: બાન્દ્રા (પૂર્વ)માં રેલવે પરિસરમાં છેલ્લા અનેક વર્ષોથી ઊભા થઈ ગયેલા અતિક્રમણને પશ્ચિમ રેલવે દ્વારા તોડી પાડવાની કાર્યવાહી મંગળવારથી હાથ ધરાઈ છે, જેમાં બુધવારે બીજા દિવસે બપોરના આ કાર્યવાહીએ હિંસક સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આ કાર્યવાહીનો વિરોધ કરનારા સ્થાનિક રહેવાસીઓએ પોલીસ પર પથ્થરમારો અને બાટલીઓ ફેંકી હતી, તેને પગલે પોલીસને પ્રદર્શનકારીઓ પર લાઠીચાર્જ કરવો પડ્યો હતો. સાથે જ ટોળાને વીખેરવા માટે પોલીસની વધારાની ટુકડી પણ બોલાવી પડી હતી. પોલીસે પથ્થમારા બદલ લગભગ ૧૫ લોકોને અટકાયતમાં લીધા હતા, જેમાં તેમનો એક કર્મચારી પણ જખમી થયો હતો.

બાન્દ્રામાં રેલવેની હદમાં અત્યાર સુધી સૌથી મોટી અતિક્રમણ વિરોધી કાર્યવાહી કરવામાં આવી છે. બાન્દ્રામાં રેલવેની હદમાં લગભગ પાંચ હજાર સ્વેકર મીટરની જગ્યા પર વર્ષોથી અતિક્રમણ થઈ ગયું છે. મંગળવારે લગભગ ૨૦ ટકા અતિક્રમણ હટાવવામાં આવ્યા બાદ બુધવારે સતત બીજા દિવસે સવારથી બાંધકામને તોડી પાડવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જોકે આ દરમ્યાન સ્થાનિક રહેવાસીઓએ કાર્યવાહીના વિરોધમાં પોલીસ પર જ કાચની બાટલીઓ સહિત પથ્થરો ફેંકતા ઘટના સ્થળે તણાવ નિર્માણ થઈ ગયો હતો. ટોળું વધુ વીફરે તે પહેલા પોલીસે પરિસ્થિતિને નિયંત્રણમાં લાવવા માટે ટોળા પર હળવો લાઠીચાર્જ કર્યો હતો. આ દરમ્યાન સ્થળે મોટી સંખ્યામાં ભીડ થઈ જતા પરિસ્થિતિ કથળી જાય નહીં તે માટે પોલીસે વધારાની

(જુઓ પાનું ૪) ▸▸

# ઓબીસી સબકમિટીએ નોન-ક્રીમી લેયર મર્યાદા ૧૫ લાખ સુધી વધારવાની ભલામણ કરી

### મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ સાથે મુલાકાત: ૪૩ નવી જાતિના સમાવેશ માટે કેન્દ્ર જશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ઓબીસી સમાજને માટે એક મોટી રાહતના સમાચારમાં પેટા સમિતિના અધ્યક્ષ અને મહેસૂલ પ્રધાન ચંદ્રશેખર બાવનકુળેએ ઓબીસી કેબિનેટ સબ-કમિટીની નોન-ક્રીમી લેયર મર્યાદા આઠ થી વધારીને ૧૫ લાખ કરવાની ભલામણ અંગે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ સાથે બેઠક યોજવાનો નિર્દેશ આપ્યો છે.

આ ભલામણ સાથે એ પણ જણાવવામાં આવ્યું હતું કે કેન્દ્ર સરકારની અન્ય પછાત વર્ગોની યાદીમાં સમાવિષ્ટ ન હોય તેવી ૪૩ જાતિઓ માટેનો પ્રસ્તાવ રાષ્ટ્રીય પછાત વર્ગ આયોગને સુપરત કરવામાં આવ્યો છે. ઓબીસી કેબિનેટ સબ-કમિટીની બેઠક મહેસૂલ પ્રધાન ચંદ્રશેખર બાવનકુળેની અધ્યક્ષતામાં મંત્રાલય ખાતે યોજાઈ હતી. આ પ્રસંગે અન્ન અને નાગરી પુરવઠા ખાતાના પ્રધાન છગન ભુજબળ, વન ખાતાના પ્રધાન ગણેશ નાઈક, પાણી પુરવઠા અને સ્વચ્છતા ખાતાના પ્રધાન ગુલાબરાવ પાટિલ, માટી અને જળ સંરક્ષણ ખાતાના પ્રધાન સંજય રાઠોડ, અન્ય પછાત વર્ગ કલ્યાણ અને ડેરી વિકાસ ખાતાના પ્રધાન અતુલ સાવે અને વિવિધ વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા.

બેઠકમાં વિવિધ ટેકનિકલ અને નીતિગત મુદ્દાઓની સમીક્ષા કરવામાં આવી હતી. જેમાં હાઇકોર્ટના નિર્ણય મુજબ જાતિ ચકાસણી સમિતિ તરફથી પડતર કેસોનો નિકાલ, ઓબીસી વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક છૂટછાટો અને વિવિધ નિગમોમાં નિમણૂકોનો મુદ્દો પ્રાથમિકતા પર ઉકેલવા, રાજ્ય પછાત વર્ગ આયોગને મજબૂત બનાવવા, નાયબ નિયામકો અને સહાયક નિયામકો

(જુઓ પાનું ૪) ▸▸

# પુણેની હૉસ્પિટલમાં મોતિયાના ઑપરેશન વખતે છ વર્ષની બાળકીના મૃત્યુથી ચકચાર

### બાળકીને સ્વાસ્થ્યને લગતી કોઈ સમસ્યા નહોતી, ડૉક્ટરોની બેદરકારીથી જીવ ગયો: વડીલોના આક્ષેપોથી તપાસ શરૂ

પુણે: પુણેની જાણીતી દીનાનાથ મંગેશકર હૉસ્પિટલમાં મોતિયો ઊતરાવવા આવેલી છ વર્ષની માસૂમ બાળકીએ જીવ ગુમાવ્યો હોવાની આંચકાજનક ઘટનાથી ભારે ચકચાર ફેલાઈ હતી. બાળકીને સ્વાસ્થ્યને લગતી કોઈ સમસ્યા નહોતી, ડૉક્ટરોની બેદરકારીથી તેનો જીવ ગયો હોવાના આક્ષેપ પરિવારજનોએ કરતાં આ મામલે તપાસ હાથ ધરવામાં આવી હતી. મધ્ય પ્રદેશના બાલાઘાટ જિલ્લામાં મોહઝરી ખાતે રહેતી પ્રિયાંશી બાગડેને એક આંખમાં મોતિયો હતો. મોતિયાનું નિદાન થતાં જ સારવાર માટે બાળકીને સારી હૉસ્પિટલમાં દાખલ કરવાનું વડીલોએ નક્કી કર્યું. આ માટે પુણેની પ્રસિદ્ધ દીનાનાથ મંગેશકર હૉસ્પિટલમાં બાળકીને લાવવામાં આવી હતી. બાળકીના પિતાએ આક્ષેપ કર્યો હતો કે દીકરીની એક આંખમાં મોતિયો હતો, એ સિવાય તેને બીજી કોઈ તકલીફ નહોતી. મોતિયાના સામાન્ય ઑપરેશન માટે પુણે આવવા નીકળ્યા ત્યારે પ્રિયાંશી હસતી-રમતી હતી. ઑપરેશન થિયેટરમાં લઈ ગયા ત્યારેય પ્રિયાંશી ડરી નહોતી.

ઑપરેશન દરમિયાન એકાએક બાળકીનું મૃત્યુ થયું હોવાનું તબીબે કહ્યું હતું. આ સાંભળીને બાળકીના વડીલોને આંચકો લાગ્યો હતો. ડૉક્ટર અને હૉસ્પિટલ પ્રશાસનની બેદરકારીને કારણે માસૂમ બાળકીનું મૃત્યુ થયું હોવાનો આક્ષેપ પિતાએ કર્યો હતો. આવું અન્ય કોઈની દીકરી સાથે ન થાય તે માટે યોગ્ય કાર્યવાહીની માગણી તેમણે કરી હતી. આ મામલે પ્રિયાંશીના પરિવારે અલંકાર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી હતી. પોલીસે ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં લઈ તપાસ હાથ ધરી હતી. બાળકીના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે પુણેની સસૂન હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. પોસ્ટમોર્ટમ કરાયું હોવા છતાં મૃત્યુનું ચોક્કસ કારણ જાણવા માટે આ પ્રકરણ હવે મેડિકલ બોર્ડને સોંપાયું છે.




"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલ: **samachar.bombay@gmail.com** ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**